# જમીન અપહરણ અને દેવાંવિષયક પરિસ્થિતિ

( દાદરાનગર હવેલી—કેન્દ્રશાસિત પ્રદેશ )

અહેવાલ લેખન :

ગૌરીશ પંડ્યા

અરુણ પટેલ

સંકલન :

ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ—૩૮૦૦૧૪

૧૯૮૫

165

# દાદરા નગર હવેલી

## અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિગત | પાન નંબર |
| --- | --- | --- |
| ૧ | સંશોધન પદ્ધતિઓ, પ્રવિધિઓ અને પ્રક્રિયા | ૧ થી ૫ |
| ૨ | ઐતિહાસિક અને ભૌગોલિક પૃષ્ઠભૂમિ | ૬ થી ૧૪ |
| ૩ | ભૌતિક પરિસ્થિતિ | ૧૫ થી ૩૪ |
| ૪ | આર્થિક પરિસ્થિતિ | ૩૫ થી ૯૯ |
| ૫ | સામાજિક સંરચના. | ૧૦૦ થી ૧૧૭ |
| ૬ | જમીન અપહરણ ( કારણો અને કિસ્સા) | ૧૧૮ થી ૧૫૩ |
| ૭ | નિષ્કર્ષ અને સુઝાવ | ૧૫૪ થી ૧૭[illegible] |

# પ્રસ્તાવના

દાદરા નગર હવેલી (કેન્દ્ર શાસિત પ્રદેશ) વિસ્તારમાં વસતા આદિવાસીઓમાં જમીન અપહરણ અને દેવા વિષયક પરિસ્થિતિ અંગે સંશોધન પ્રોજેક્ટ ભારત સરકારના ગૃહ મંત્રાલયના આદિવાસી વિભાગ તરફથી કેન્દ્રને સોંપવામાં આવ્યો હતો. આ અંગે સમગ્ર વિસ્તારના ગામોમાં સંશોધન કાર્ય કરી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. અમને ખાતરી છે કે પ્રસ્તુત અહેવાલ આ સમસ્યા ઉકેલવામાં માર્ગદર્શક બની રહેશે. ભવિષ્યમાં પણ આવી સમસ્યાઓ ઊભી ન થાય તે તરફ કંઈક માર્ગસૂચક બનશે.

ભારત સરકારના ગૃહ મંત્રાલયના આદિવાસી વિકાસ વિભાગ તરફથી આ સંશોધન પ્રોજેક્ટ કેન્દ્રને સોંપવામાં આવ્યો તે બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

આ સંશોધન કાર્યની શરૂઆતથી અહેવાલ લેખન પૂરું થયું ત્યાં સુધી અને ક્ષેત્રકાર્યના ગામોમાં આવી માર્ગદર્શન પૂરું પાડનાર કેન્દ્રના નિયામક ડો. ઠાકોરભાઈ નાયકનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સંશોધન કાર્યમાં મદદ કરનાર મોજણીકારો, માહિતી પૂરી પાડનાર આદિવાસીઓ અને આ વિસ્તારના આગેવાનોનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

સંશોધન કાર્ય શરૂ થયું ત્યારથી અંત સુધી દાદરા નગર હવેલી વિસ્તારના કલેક્ટરશ્રી, આસિસ્ટંટ ફોરેસ્ટ કોન્ઝર્વેટર શ્રી સોનિ તથા શ્રી મોહનભાઈ તેમજ અન્ય સરકારી કર્મચારીઓએ રસ પૂર્વક અમારા કાર્યમાં મદદ કરી છે તે બદલ અમારા વતી અને સંસ્થા વતી આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

શ્રી ગૌરીશંકર પંડ્યા
શ્રી અરુણભાઈ પટેલ

## પ્રકરણ : ૧

## સંશોધન પદ્ધતિઓ, પ્રવિધિઓ અને પ્રક્રિયા

- સંશોધન કાર્યનો હેતુ
- સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ
- સંશોધન પ્રક્રિયા
- ક્ષેત્રઆયોજન

## પ્રકરણ : ૧

## સંશોધન પદ્ધતિઓ, પ્રવિધિઓ અને પ્રક્રિયા

### સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ :

ભારત સરકારના ગૃહમંત્રાલયના આદિવાસી વિકાસ વિભાગ તરફથી કેન્દ્રને ભારત સરકારના સીધા વહીવટ હેઠળ આવેલ દાદરા-નગર હવેલી વિસ્તારના આદિવાસીઓમાં ' જમીન અપહરણ અને દેવા વિષયક પરિસ્થિતિ ' નું સંશોધનકાર્ય સોંપવામાં આવ્યું હતું.

દાદરા નગર હવેલીનો વિસ્તાર ગુજરાત અને મહારાષ્ટ્રની વચ્ચે આવેલો છે, ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લાના ધરમપુર અને ઉમરગામ તાલુકાની સરહદોથી આ પ્રદેશ જોડાયેલ છે, મહારાષ્ટ્રના જવાહર અને તલાસરી વિસ્તારોની સરહદો પર સ્થિત છે.

આ વિસ્તારમાં વસતી વારલી, કોકણા, કોકણી, ડુબળા અને ધોડિયા આદિવાસી જાતિઓ મુખ્ય છે, ગુજરાતમાં પણ આ સરહદો પર વસેલા આદિવાસીઓમાં આ જ જાતિઓ વસે છે જે પરસ્પર સામાજિક સંબંધોથી ગુંથાયેલ છે.

'' જમીન અપહરણ અને દેવા વિષયક ' પરિસ્થિતિ વિશે તપાસ કરવાનું મુખ્ય કારણ નીચે પ્રમાણે છે. આ પ્રસ્તુત સંઘ પ્રદેશની વસ્તીમાં ૮૦ ટકા આદિવાસીઓ છે અને માત્ર ૨૦ ટકા બિન આદિવાસીઓ છે, જેઓ મોટા જમીનદારો તેમજ વ્યાપારીઓ છે. આદિવાસીઓનો મોટો વર્ગ ૫ હેક્ટરથી ઓછી જમીન ધરાવવાવાળો છે. તેઓ ખેતમજૂર તરીકેનું પણ કાર્ય કરે છે, બીજું આ સંઘ પ્રદેશમાં સરકારી રોકટોક અને અત્યાર સુધી સેલટેક્સ વગેરેનું પ્રમાણ ગુજરાત કરતાં ઘણું ઓછું હોવાને કારણે ઘણા ઉદ્યોગપતિઓ

અને વ્યાપારીઓએ આ પ્રદેશમાં કારખાનાં શરૂ કર્યાં અને અહીં માલ સસ્તો પડતો હોવાથી એક મોટું વ્યાપારી મથક સેલવાસ બની ગયું હતું. અહીં મજૂરો પણ સસ્તાં મળે છે. ઉપરાંત અહીં દારૂબંધી પણ નથી આવાં અનેક કારણો અને આકર્ષણોને લીધે બહારનો વર્ગ અહીં ધંધાર્થે તેમજ ફરવા માટે આવે છે જેની સીધી અસર આ પ્રદેશની જમીન પર પડે છે. વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ કે જમીનદારો પ્રસ્થાપિત કારખાનાની આસપાસની જે ઘણેભાગે આદિવાસીઓની જ હોય છે. જમીન લેવાની કોશીશમાં જ રહેતા, આમ તો સરકારી કાનૂન છે કે આદિવાસીને પણ કલેક્ટરની પરવાનગી સિવાય જમીન વેચી શકતો નથી પણ વિસ્તારના વિકાસના લોભમાં ઘણા કારખાનાંને ઉદ્યોગોને જમીન ખરીદવાની પરવાનગી મળે છે તે ઉપરાંત મધુવન ડેમ બન્યો તેમાં પણ આવેલ વિસ્તારના આદિવાસીઓના સોળ ગામોની જમીનો ઓછાવત્તા પ્રમાણમાં ડૂબમાં ગઇ છે. કાનૂન હોવા છતાં ગેરકાનૂની રીતે જમીનો બિનઆદિવાસીઓ પાસે જાય છે, સેલવાસએ આ વિસ્તારનું મુખ્ય મથક હોવાથી તેનો વિકાસ પણ ઝડપીથી વધી રહયો છે એની ચારેબાજુ આવેલ આદિવાસીઓની જમીન કાનૂની છટકબારીઓથી ચાલી જાય છે, દેવાના બોજ બનનારે પણ જમીન ગુમાવવી પડે છે. આ સમસ્યા આ પ્રદેશ માટે ઘણીજ વિકટ છે, સંશોધનકાર્ય દ્વારા સમસ્યાના ઉપાયો વિચારાય તો જ આ આદિવાસીઓનું શોષણ અટકી શકે. આ માટે સંશોધન ઘણું જરૂરી અને અનિવાર્ય બને છે. એક બાજુ વિકાસના ચક્રો ગતિમાન થઇ રહયાં છે તે વિકાસ ચક્રોમાંજ આદિવાસી પોતે શોષિત બનીને પીસાઇ ન જાય તે જોવું આવશ્યક બને છે. શું કરવું તે જ સંશોધન આધારિત સુઝાવોથી જ જાણી શકાય.

## સંશોધન પ્રક્રિયા :

'' આદિવાસીઓમાં જમીન અપહરણ અને દેવાવિષયક પરિસ્થિતિ '' ની સમસ્યા અંગેના સંશોધન માટે સમગ્ર દાદરા નગર હવેલી વિસ્તારને આવરી લેવાનો હતો, દરેક ગામમાં આદિવાસીઓની વધત્તાઓછા પ્રમાણમાં વસ્તી છે. સંશોધનકાર્ય શરૂ કર્યા પહેલાં આ સમસ્યા અંગેની દ્વૈતીય માહિતી

માટે ગ્રંથાલયકાર્ય કરવામાં આવ્યું હતું અને તે અંગેની પૂર્વભૂમિકા તૈયાર કરવામાં આવી હતી. ક્ષેત્રમાં કામ કરવા માટે '' મુલાકાત માર્ગદર્શિકા બનાવવામાં આવી હતી તેમજ અનુસૂચિ ઘડવામાં આવી હતી. સંશોધનકાર્ય શરૂ કર્યા પહેલાં કેન્દ્રના નિયામકશ્રી અને સંશોધન અધિકારીઓએ દાદરા નગર હવેલી વિસ્તારના જુદા જુદા ત્રણ પટેલાતોના ગામોની મુલાકાત લઇ પૂર્વગામી અભ્યાસ કર્યો હતો અને અનુસૂચી તેમજ મુલાકાત માર્ગદર્શિકાની ચકાસણી કરી હતી. પૂર્વ પરીક્ષણના આધારે અનુસૂચીમાં સુધારા વધારા કરી ક્ષેત્રકાર્યની શરૂઆત કરવામાં આવી હતી. સંશોધન પ્રવિધિઓમાં ક્ષેત્રકાર્ય નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસ માટે સંપૂર્ણ પ્રતિનિધિ નમૂનાઓની પસંદગી નીચે પ્રમાણે કરવામાં આવી હતી.

## નમૂના પસંદગી :

દાદરાનગર હવેલીમાં કુલ ૭૨ ગામો છે. આ તમામ ગામોમાં વસતા આદિવાસી ખાતેદારોમાંથી ૧૦ % આદિવાસી ખાતેદારો પસંદ કરવાના હતા. તેથી દરેક ગામના તલાટી પાસેથી જમીન ધરાવતા આદિવાસી ખાતેદારોની એક સૂચી મેળવી આ સૂચીના ૧ થી ૫ ક્રમ નંબરમાંથી સીમ્પલ રેન્ડમ સેમ્પલીંગ ( દૈવનિદર્શ પદ્ધતિ ) દ્વારા એક ક્રમ નંબર લઇ સરખા અંતરે ( Equal Interval method ) દર દસકે એક નમૂનો લઇ આપી સૂચીમાંથી ૧૦મા ભાગના નમૂનાઓની પસંદગી કરી. ( દા.ત. ૪૭ કુટુંબની સૂચી હોય અને એકથી પાંચમાં ૪ નંબર પસંદ થયો તો ૪, ૧૪, ૨૪, ૩૪, ૪૪ આમ પાંચ કુટુંબો પસંદ થયા ) આમ દરેક ગામની મળી કુલ ૭૨ ગામોના ૧૧૩૪ કુટુંબો પસંદ થયા હતા. અને દરેક કુટુંબની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

## સંશોધન પ્રવિધિઓ :

અનુસૂચી : જમીન અપહરણ અને દેવા વિષયક સ્થિતિ અંગેની પુરી વિગતો આવી શકે તે માટેનું અલગ કુટુંબપત્રક બનાવવામાં આવ્યું હતું જેમાં સમગ્ર વિગતોને આવરી લેવામાં આવી હતી જે અનુસૂચી સંશોધકતાએ દરેક

ગામમાં પસંદ કરેલ ૧૦ ટકા કુટુંબોમાં તેના વડા પાસે જઇ ભરી હતી. આ ઉપરાંત દરેક ગામમાં ગામની સંપૂર્ણ વિગતો મેળવવાના હેતુથી ગામપત્રક બનાવવામાં આવ્યું હતું તે પણ દરેક ગામમાંથી ભરવામાં આવ્યું હતું. જે અન્વયે કુલ ૧૧૩૪ કુટુંબપત્રકો અને ૭૨ ગામપત્રકો ભરવામાં આવ્યાં હતાં.

<u>મુલાકાત</u> : આ સંશોધન કાર્ય જ એવા પ્રકારનું હતું કે પુરેપુરી માહિતી માટે માત્ર અનુસૂચી પર આધાર રાખી શકાય તેમ નહોતો કારણકે જમીન અપહરણ કેસોની વિગતો જાહેરમાં શોષીતો અને શોષણકાર બંને જાહેરમાં મુકતા કે કોઇ અજાણી વ્યક્તિને કહેતાં ખૂબ ગભરાતા હોય છે. જેને પરિણામે ગામમાં અનેક વ્યક્તિઓની મુલાકાતો દ્વારા આ વિગતો જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

<u>નિરીક્ષણ</u> : આ સમસ્યા બે પ્રકારની હતી કે જે એકાદ-પદ્ધતિના ઉપયોગથી જાણી શકાય તેમ નહોતી જેને પરિણામે મુલાકાત ઉપરાંત ગામના વ્યાપારીઓ, ખેડુતો, વગેરેની મુલાકાત દરમ્યાન ઊંડાણથી તેમના વ્યવહારોનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું જે દ્વારા આ સમસ્યા કેવી છે તે જાણી શકાય.

<u>કિસ્સા એકઠા કરવા</u> : જમીન અપહરણ અંગેની માહિતી વાતો કે નિરીક્ષણ સુધી જ અટકી ન જતાં આવા જેટલા જેટલા કિસ્સા બન્યા છે અને જેના ભોગ બનનારની પરિસ્થિતિ કેવી છે. તેની મનોદશા કેવા પ્રકારની છે, જે તેની અંતરના ઊંડાણમાંથી નિઃસહાય બની હૈયાવરાળ બહાર મૂકે છે તેને નોંધી લેવામાં આવી હતી. આવા અનેક કિસ્સાઓ ક્ષેત્ર કાર્યમાં મળ્યા છે.

<u>ફોટોગ્રાફી</u> : સમગ્ર વિસ્તારમાં વસતા આદિવાસીઓ જમીનદારો, વ્યાપારીઓ વગેરેનાં ઘરો રહેવાની રીતો, ઘરેણાં, હાટવાડા વગેરેની ફોટોગ્રાફી કરવામાં આવી હતી, જે આ અભ્યાસ સાથે સંકળાયેલી છે.

અનેક વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. જે દ્વારા જે માહિતી પ્રાપ્ત થઇ છે, તે ઘણીજ આધારભૂત અને સ્રોતમાંથી પ્રાપ્ત

થયેલી છે, જે માહિતીને આધારે અહીં રજૂ કરીએ છીએ. જે વ્દારા ત્યાંના આદિવાસીઓના અનેક પ્રકારના શોષણનાં ચિત્રો વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. જે અદેહવાલમાં આ અહેવાલ મુક રીતે પણ માર્ગદર્શન આપશે જ એવી ખાતરી છે.

**ક્ષેત્ર આયોજન :**

આ સમગ્ર ક્ષેત્ર આયોજનના માર્ગદર્શક કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઇ નાયક રહયા હતા જેઓએ આ વિસ્તારમાં પ્રથમ આવી વિસ્તારનું માર્ગદર્શન આપ્યું હતું. ક્ષેત્રકાર્યમાં છ મોજણીકારોએ સમગ્ર ક્ષેત્રકાર્ય કર્યું હતું જેમાં ચીમનભાઇ પટેલ, લક્ષ્મણભાઇ પરમાર, મનુભાઇ સુતરીયા, દિલીપભાઇ વ્યાસ, રણછોડભાઇ પરમાર, બળદેવભાઇ પરમાર, આ મોજણીકારોએ જુદા જુદા પટેલાનોમાં ગામોની ફાળવણી કરી ક્ષેત્રકાર્ય કર્યું હતું. ક્ષેત્રકાર્ય દરમ્યાન અને શરૂઆતથી કેન્દ્રના સંશોધન અધિકારીશ્રી ગૌરીશંકર પંડયા અને સંશોધન મદદનીશ શ્રી અરૂણભાઇ પટેલ ક્ષેત્રકાર્યમાં જાતે દરેક પટેલાનોમાં જઇને માર્ગદર્શન આપ્યું હતું. ક્ષેત્ર આયોજનકાર્યમાં દાદરાનગર હવેલી વિસ્તારનાં કલેકટરશ્રીએ, જંગલખાતાના આસીસ્ટંટ કંઝર્વેટર શ્રી સીંગ, સેક્રેટરીશ્રી મોહનભાઇ તેમજ અનેક સરકારી કર્મચારીઓ, આદિવાસીઓ વગેરેએ ખુબ સહકાર આપી ક્ષેત્રકાર્યમાં ઘણી જ મદદ કરી કાર્યને વેગવંતુ અને સરળ બનાવ્યું હતું.

# પ્રકરણ : ૨

## ઐતિહાસિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ

## પ્રકરણ : ૨

### ઐતિહાસિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ

દાદરા નગર હવેલી ૧૭૮૩ થી ૧૯૫૪ સુધી પોર્ટુગીઝ સંસ્થાનોના શાસન હેઠળ રહ્યો હતો એટલે કે ભારત ૧૯૪૭માં આઝાદ થયું તેના પછી પણ ૭ વર્ષે આ વિસ્તારને ભારતના વહીવટ તળે લાવવામાં આવ્યો હતો, એટલે કે ૧૭૦ વર્ષ સુધી આ વિસ્તાર પોર્ટુગીઝોના તાબામાં હતો જ્યારે આસપાસમાં તે સમય દરમ્યાન ધરમપુર સંસ્થાન, તેમજ પેશવાઇ સત્તાઓ તળે હતો જેને પરિણામે આ વિસ્તારનો વહીવટ પછાત અને આગવો હતો જેને પરિણામે ૮૦ ટકા આદિવાસી વસ્તી ધરાવતા આ વિસ્તારની અનેક વિધ સમસ્યાઓ ઊભી થયેલી છે. મુખ્યત્વે શાસન સાથે જોડાયેલ બીન-આદિવાસીઓ, જમીનદારો અને વ્યાપારીઓ ઉપરાંત દારૂનો ધંધો કરનારાઓનું પ્રભુત્વ ઘણા સમય સુધી આ વિસ્તારમાં રહ્યું એની અસર પણ દેખાય છે. અભ્યાસની પૃષ્ઠભૂમિકા સમજવા આ પ્રદેશોનો ઇતિહાસ સમજી લઇએ. યુરોપના વેપારીઓને જમીન માર્ગે જોઇતો માલ મળ્યો નહીં ત્યારે તેમણે દરિયાઇ માર્ગે તે મેળવવાનો પ્રયત્ન કર્યો, ને અંતે આફ્રિકાનો પશ્ચિમ દક્ષિણ કિનારો ફરીને હિંદમાં આવવાનો દરિયાઇ માર્ગ પોર્ટુગીઝ લોકોએ શોધી કાઢ્યો, એ માર્ગ તે વખતના બીજા બધા માર્ગો કરતાં વધુ સરળ અને સારો હતો, પોર્ટુગીઝ લોકોએ પોતાના વહાણો આફ્રિકાના કિનારાની આસપાસ આગળને આગળ હંકાર્યા કર્યાં, અને તેઓ હિંદ મહાસાગરમાં આવી પહોંચ્યા ઇ.સ. ૧૪૯૮ માં વાસ્કો-ડી-ગામા નામનો પોર્ટુગીઝ નાખુદા પોતાના વહાણો લઇ પશ્ચિમ કિનારા પરના કાલીકટ બંદરે ઉતર્યો.

કાલીકટના રાજા ઝામોરીને વાસ્કો-ડી-ગામાને પોર્ટુગલના રાજા પર એક પત્ર લખી આપ્યો કે મારા દેશમાં તજ, લવિંગ, મરી અને આદુ પુષ્કળ થાય છે, હું તમારા દેશમાંથી સોનું, રૂપું, પરવાળાં તથા કિરમજી રંગનાં લૂગડાં લેવા માગું છું.'' તેમની માગણીઓને ધ્યાનમાં લઇ પરસ્પર

વિનિમયના આધારે વ્યાપારી ધોરણે સંબંધો સ્થાપિત થયા. ત્યાર પછીના સો વર્ષ એટલે ઇ.સ. ૧૫૦૦ થી ૧૬૦૦ સુધી હિંદ સાથેનો સર્વ દરિયાઇ વેપાર માત્ર પોર્ટુગીઝ લોકોના હાથમાં હતો.

તેમણે ગોવાનો કિલ્લો મજબુત રીતે બાંધ્યો અને ગોવાનો કબજો લીધો હિન્દ સાથેના વ્યાપારથી પોર્ટુગીઝને થયેલા ફાયદાની જાણ અન્ય યુરોપીય પ્રજાને થતાં તેઓએ પણ પોતાના વ્યાપારી વાહનો મોકલ્યાં પણ તેમને એટલો ફાયદો ન થતાં હિંદ સાથેનો વ્યાપાર બંધ કર્યો.

પોર્ટુગીઝ બાદ વલંદાઓ હિંદમાં આવ્યા, તેઓએ પોર્ટુગીઝોને હંફાવી તેમનાં મથકો કબજો કર્યો. ઇ.સ. ૧૬૦૦ થી ૧૭૯૦ સુધી વલંદાઓએ તેજાનાનો સઘળો વ્યાપાર પોતાના હાથમાં લીધો તેમનાં વેપારી મથકોમાં કોચીન, સુમાત્રા, જાવા વગેરે હતાં, ધીરે ધીરે વલંદાઓએ કેટલાક વિસ્તારો જીતી લીધા અને ગોવામાં ૪૫૧ વર્ષ સુધી વલંદાઓએ રાજ કર્યું, ત્યાર પછી પોર્ટુગીઝ લોકોએ દીવ નામનો ટાપુ જીતી લીધો અને ત્યાં ૪૨૫ વર્ષો સુધી રાજ્ય કર્યું ત્યારબાદ દમણ જીતી લઇ ત્યાં ૪૦૦ વર્ષ સુધી પોર્ટુગીઝોએ રાજ્ય કર્યું એ સમયમાં પોર્ટુગીઝ લોકોના ચાંચીયાઓના વહાણો દરિયામાં ફરતાં હતાં. તેવામાં પોર્ટુગીઝ સાથે પેશવા સરકારે સંધી કરી કે અમારે તમારા અને તમારે અમારા વહાણોનું નુકશાન ન કરતાં છુટથી જવા આવવા દેવાં.

આ કરાર હોવા છતાં પેશવા સરકારના કૈ- લે નામના સરદારે પોર્ટુગીઝોનાં વહાણોને અટકાવ્યા ને તેમનો માલ વગેરે જપ્ત કરી લીધાં. પોર્ટુગીઝ સરકારે એ બાબતનો કેસ પુનાની કોર્ટમાં કર્યો અને બહુ બરોબર પુરવાર થતાં પેશવા સરકારે નુકશાન ભરપાઇમાં રૂા. બાર હજાર રોકડા અને દાદરા નગર હવેલી મળીને ૭૨ ગામ પોર્ટુગીઝોને હંમેશ માટે આપી દીધાં. એ ૭૨ ગામોનો કબજો દમણના ગવર્નરે તા. ૧૭-૧૨-૧૭૭૯ ના રોજ નગર હવેલીના સરદાર નગુ ગોસાઇ ( નરોલી ) પાસેથી લઇ લીધાં, અને ત્યારથી આ વિસ્તાર ભારત સરકારના વહીવટ નીચે આવ્યો ત્યાં સુધી પોર્ટુગીઝો પાસે રહ્યો.

દાદરા નગર હવેલીની પ્રજાએ તા. ૨૨ જુલાઇ ૧૯૫૪ના રોજ પોર્ટુગીઝોના હાથમાંથી દાદરા લઇ લીધું અને દાદરાને સ્વતંત્ર થયેલ જાહેર કરવામાં આવ્યું. ત્યારબાદ નરોલીની પ્રજાએ તેનું અનુકરણ કરી ૨૯મી જુલાઇએ નરોલીને સ્વતંત્ર કર્યું અને બીજી ઓગસ્ટે સેલવાસ લઇ લેવામાં આવ્યું. આમ આખા વિસ્તારને પોર્ટુગીઝોના શાસનમાંથી મુક્ત કરવામાં આવ્યો.[1, 2]

દાદરા નગર હવેલીનો ઉપર પ્રમાણેનો ઇતિહાસ છે. અત્યારે આ વિસ્તારમાં માત્ર ' દાદરા ' જ છે જ્યારે ' નગર ' ગુજરાતમાં ધરમપુર તાલુકામાં છે જે ગામનો મોટો ભાગ મધુવનબંધમાં ડૂબાણમાં ગયો છે, જ્યારે ' હવેલી ' મહારાષ્ટ્રમાં છે. નરોલીના શ્રી ઉદેસિંહ પરમારે જણાવ્યું હતું કે દાદરા–નગર– હવેલીનો અર્થ એ છે કે '' દાદરા ટુ નગર ' એટલે દાદરાથી નગર સુધીના વિસ્તારના ગામો, જે ધીરે ધીરે દાદરા નગર હવેલી તરીકે ઓળખાવા લાગ્યા. દાદરા નગર હવેલી વિસ્તારની આસપાસ નજર કરીએ તો ' નગર ' એ પહેલાં થોડાક સમય માટે ' ધરમપુર સંસ્થાનની રાજધાની પણ હતી. જ્યારે '' આસરસોતા તરીકે ઓળખાતી ધરમપુરની રાજધાની જે ' ઉદવા છે ' તે આ વિસ્તારથી નજીક છે, તે ઉપરાંત ખાનવેલથી માત્ર ૧૩ કિલોમીટર દૂર ઊંચો દેખાતો ' ગંભીરગઢ ' એ પહેલાં ધરમપુર સંસ્થાનમાં હતો, ત્યારબાદ તે શિવાજીને સોંપી દેવામાં આવેલ. આ ઉપરાંત ખાનવેલ નજીક આજ વિસ્તારમાં આવેલ સાકળતોડ નદીને કિનારે બિન્દ્રાબીન ગામમાં તડકેશ્વર મહાદેવનું મંદિર છે જેની આસપાસ પુરાણા અવશેષો મોજૂદ છે. અહીં ધરમપુર સંસ્થાનના રાજા ઘણીવાર કુટુંબ સાથે આવી રહેતા હતા તેની માહિતી અહીંથી મળે છે, નરોલી વિસ્તારમાં અને તેમાંય નરોલી ગામમાં મુખ્યત્વે દરબારો ( રાજપૂતો ) ની વસ્તી છે. જેઓ જમીનદારો પણ છે તેઓ મૂળે ધરમપુરના રાજકુટુંબ સાથે જોડાયેલ છે. તેના ભાયાતો છે જેઓ ' સ્ટેટ '' વતી કામગીરી બજાવતા ને ઉપરાંત

---

1. રેફરન્સ : – રીપોર્ટ ઓફ નગર – હવેલી લીબરેશન એન્ડ આફ્ટર ઇન્ડીપેન્ડન્ટ દાદરા એન્ડ નગર હવેલી.
2. સેલવાસના વયોવૃદ્ધ શ્રી નારાયણરાવ ગણપતરામ ચૌધરીની મુલાકાતને આધારે.

પોર્ટુગીઝોના વહીવટમાં કાર્યરત હતા. તેથી માહિતી નરોલી ગામમાંથી પ્રાપ્ત થયેલ છે.

આ વિસ્તારમાં વસતા રાજપૂતો ધરમપુર રાજ્યની હકૂમત હતી ત્યારના આવ[illegible] સેલા છે જેઓને આ વિભાગમાં જમીનો આપવામાં આવી હશે અને અહીં આવી સ્થિર થયેલા છે.

<u>અન્ય પ્રજાઓનું આગમન :</u>

આ આખો પ્રદેશ જંગલોથી છવાયેલો હતો જેમાં આદિવાસી પ્રજાનું રહેઠાણ હતું. જે પ્રજાઓ પણ કાળક્રમે દક્ષિણ ભારતમાંથી સહ્યાદ્રિની પર્વતમાળાઓ ઓળંગી આવી હશે, કારણકે અહીંની વારલી અને કોકણા જાતિઓનું મૂળ મહારાષ્ટ્ર તરફથી અનેક કારણોસર ખસતી ખસતી આવીને વસી હશે. જે સમયે આ વિસ્તારમાં અડાબીડ જંગલ વિસ્તાર હશે. અને તેમાંય રાજકીય ઉથલપાથલોને પરિણામે જંગલોના ઊંડાણ વિસ્તારમાં આ પ્રજા ભરાતી ગઇ હશે.

આ પ્રજાની સાથે આ વિસ્તારના નરોલી અને દાદરાના સપાટ વિસ્તારે ધોડિયાઓની વસ્તી છે. અને રાજપૂતોની વસ્તી છે જેઓ વર્ષો પહેલાં આવીને વસ્યા હશે કારણકે રાજપૂતો મૂળે રાજસ્થાન તરફથી આવેલા છે.

આ સિવાય અહીં આવનાર જાતિઓમાં મુસ્લીમો છે, જેઓ વ્યાપાર કરવાના ઉદ્દેશથી આદિવાસી વિસ્તારોમાં પોતાનો પગપેસારો કરી ત્યાંજ સ્થાઇ થઇ ગયા હતાં. જેઓ મુખ્યત્વે જીવનજરૂરિયાતની વસ્તુઓનો વ્યાપાર શરૂ કરી ધીરેધીરે જમીનો રાખી ત્યાંજ વસવાટ કરવા લાગ્યા, મુસ્લિમોની વધુ વસ્તી રાન્ધા પટેલાત વિસ્તારના ગામોમાં છે, જો કે આ સિવાય ખાનવેલ દપાડા, આંબોલી, વગેરે અનેક સ્થળે છૂટીછવાઇ છે, જેમાં ખોજાઓનો પણ સમાવેશ થાય છે.

પોર્ટુગીઝો, પારસી અને ખ્રિસ્તીઓનો વસવાટ પોર્ટુગીઝ શાસન વખતથી

થયેલો જણાય છે, આ ઉપરાંત આ વિસ્તારમાં બિન આદિવાસી વ્યાપારીઓ સેલવાસ, ખાનવેલ, દપાડા, સેલવાસની આસપાસના વિસ્તારમાં વ્યાપાર અર્થે આવીને વસ્યા હશે, જ્યારે આ વિસ્તારનાં વિકાસ માટે ઉદ્યોગ ધંધાઓ વિકસે તે અંગે આપવામાં આવેલી છૂટછાટો અને સસ્તી મજૂરીને કારણે પણ અન્ય ધંધાકારી બિન આદિવાસીઓએ વસવાટ કર્યો, આ ઉપરાંત નોકરી-યાતવર્ગ પણ ગુજરાત, મહારાષ્ટ્ર કે અન્ય રાજ્યોમાંથી આવેલ છે, મહારાષ્ટ્રીય લોકોની પણ વસ્તી છે. આમ જોતાં આ વિસ્તારમાં બહુવિધ જાતિઓ, અનેકધર્મીઓ, તેમજ અલગ અલગ પ્રદેશોના વ્યક્તિઓનું મિલન સ્થાન છે.

## પોર્ટુગીઝ સત્તાની અસરો :

પોર્ટુગીઝોની સત્તા આ વિસ્તાર પર ૧૭૦ વર્ષ રહી જેને પરિણામે આ વિસ્તાર પર અનેક પ્રકારની અસરો જોવા મળે છે. એક તો વહીવટી દૃષ્ટિએ પોર્ટુગીઝો કુશળ અને વ્યાપારી દૃષ્ટિકોણવાળા હોવાને કારણે અહીંની પ્રજા પર દેશી રજવાડાં જેવા સિતમો ગુજારવામાં નહોતા, અહીં વેઠ પ્રથા ઓછી હતી, આ વિસ્તારને વહીવટી રીતે સુંદર વહેંચી ૧૦ પટેલાતો બનાવીને દરેક પટેલાત પ્રમાણે ગામોની ફાળવણી કરવામાં આવી હતી. દરેક પટેલાત પર ' ચોરા ' બનાવવામાં આવ્યા હતા. દસ્તાવેજ વગેરે પણ ખૂબ જ વ્યવસ્થિત કરવામાં આવતા હતા. જેને ' અલ્વર ' કહેવામાં આવતા આના કેટલાક નમૂના હજુ પણ જોવા મળે છે.

પોર્ટુગીઝોના સત્તાકાળમાં પોર્ટુગીઝ ભાષા વહીવટમાં પડેલાએ શીખવી ફરજિયાત હતી. જેનો લાભ મોટાભાગના આદિવાસીઓ લઇ શકતા નથી, શિક્ષણનો ફેલાવો ઘણો ઓછો રહયો હતો. આદિવાસીઓ સિવાય બિન - આદિવાસીઓ કે તેઓ મોટા જમીનદારો હતા અને જેઓ વ્યાપારીઓ હતા. જેઓએ આ સમય દરમ્યાન શોષણ પણ આદિવાસીઓનું ઘણું કર્યું હતું. કારણકે દારૂના પરવાનેદારો ગામોમાં હતા, જેમાં મુખ્યત્વે પારસીઓ હતા જેઓ દારૂ પાઇને તેના પૈસા પેટે જમીનો રાખી હોય તેવા મોટાભાગના કિસ્સાઓ જોવા મળે છે. આ સિવાય આ ગામોમાં રહેતા બિન આદિવાસીઓ

આદિવાસીની જમીનની વિઘોટી ભરવાની શક્તિ ન હોય તો પોતે ભરીને જમીન પોતાના હસ્તક કરી લેતા સમગ્ર વિસ્તારનો વિકાસ તે દરમ્યાન ઘણો ઓછો થયો હતો આ સિવાય પોર્ચુગીઝો ખ્રિસ્તી ધર્મી હોવાને કારણે આ વિસ્તારમાં મિશનો તેમજ ખ્રિસ્તી ધર્મી પ્રજાએ પગપેસારો કરી સ્થાઇ થઇ હતી અને જુદા જુદા વિસ્તારોમાં મિશનો બનાવ્યાં છે. જે મિશનો વ્દારા ધર્મ પ્રચાર કરવામાં આવતો અને આવે છે. આર્થિક અને શૈક્ષણિક લાભો વ્દારા ગરીબ આદિવાસી પ્રજાને પોતાના તરફ આકર્ષવામાં આવતી. ગરીબ આદિવાસીઓ વધુ ગરીબ બન્યા હતા. અને શોષણના ભોગ બની દયનીય પરિસ્થિતિમાં મુકાયા હતા. સ્થાનિક પ્રજા આ પરદેશી વહીવટદારોથી ઘણી ગભરાતી હતી. અમલદારોથી દૂર ભાગતી.

વહીવટી વિભાગો :
-----------

સ્થાનિક રાષ્ટ્રીય સ્વાતંત્રવાદીઓ વ્દારા ૨જી ઓગસ્ટ ૧૯૫૪ના રોજ આ પ્રદેશ સ્વતંત્ર થયો. ઇ.સ. ૧૯૫૪ થી ૧૯૬૨ સુધી ચૂંટાયેલ ગ્રામ પંચાયતના સભ્યો વ્દારા તેનો વહીવટ કરવામાં આવતો હતો. ઇ.સ. ૧૯૬૨ માં દાદરા નગર હવેલી એક્ટ ૧૯૬૧ મુજબ ભારતીય સંઘ પ્રદેશ તરીકે જાહેર કરવામાં આવ્યો અને ભારતીય સંઘ પ્રદેશો સાથે જોડી દેવામાં આવ્યો આ સ્વતંત્ર નગર હવેલીનો વહીવટ આગાઉના કાનૂની વહીવટદારોને સોંપવામાં આવ્યો.

દાદરા અને નગર હવેલીના ૭૧ ગામો અને એક કસ્બાનો એક જ જિલ્લો અને એકજ તાલુકાનો બનેલો સંઘ પ્રદેશને મહેસુલી વહીવટ માટે ૧૦ પટેલાતોમાં વહેંચવામાં આવેલ છે. જ્યારે સેલવાસ પટેલાતને સેલવાસ-૧ અને સેલવાસ-૨ એમ વિભાગો કરવામાં આવેલ છે. આ પટેલાતોમાં મુખ્ય બે વિભાગ પાડવામાં આવેલ છે દરેકમાં પાંચ-પાંચ પટેલાતો મુકવામાં આવેલ છે. પાંચ પટેલાતો ઉપર એક સરકલ ઓફીસર અને દરેક પટેલાતમાં તલાટી- પટેલ મુકવામાં આવેલ છે. આ પટેલાતોને આ પ્રમાણે વસ્તીના ધોરણે ગામવાર વિભાગો કરવામાં આવ્યા છે.

## વિભાગ - ૧

| સેલવાસ વિભાગ પટેલાન | | ગામ સંખ્યા |
|---|---|---|
| (૧) | સેલવાસ - ૧ - ૨ | ૧૦ ( ૪+ ૬ ) |
| (૨) | નરોલી | ૬ |
| (૩) | દાદરા | ૩ |
| (૪) | કિલવણી | ૫ |
| (૫) | રાંધા | ૪ |

## વિભાગ - ૨

ખાનવેલ વિભાગ

| | પટેલાન | ગામ સંખ્યા |
|---|---|---|
| (૧) | દપાડા | ૭ |
| (૨) | આંબોલી | ૧૦ |
| (૩) | ખાનવેલ | ૮ |
| (૪) | દૂધની | ૧૨ |
| (૫) | માંદોની | ૭ |

આ પ્રમાણે પટેલાદ એ તેની નીચે મૂકેલ ગામોનું મુખ્ય કેન્દ્ર છે. જ્યાં તલાટી- પટેલની કચેરી હોય છે. આવા ૧૦ કેન્દ્રો દ્વારા ૭૨ ગામોનું વહીવટી માળખું ગોઠવાયેલ છે.

## ભૌગોલિક પૃષ્ઠભૂમિ :

દાદરા નગર હવેલી વિસ્તાર ભારતના પશ્ચિમ કિનારા ઉપર ૨૦ં ઉત્તર અને ૨૦.૨૫ં દક્ષિણ અક્ષાંશ, તેમજ ૭૨.૫૦ં પૂર્વ અને ૭૩.૧૫ં પશ્ચિમ રેખાંશ ઉપર આવેલ છે, તેનો વિસ્તાર ૪૯૧ ચો.કી.મી. છે, જે ૭૧ ગામ અને એક કસ્બાનો બનેલો છે. આ વિસ્તારમાં સપાટ અને ડુંગરાળ જમીનો છે. સપાટ જમીનો પ્રમાણમાં ઘણી ઓછી છે. મોટાભાગનો વિસ્તાર ડુંગરાળ અને જંગલોથી છવાયેલો છે. કુલ જમીન ૪૮૨૧૬.૬૨ હેક્ટર છે. જેમાંથી ૨૦૮૨૫.૯૧ હેક્ટરનો જંગલ વિસ્તાર છે.

આ વિસ્તારની પશ્ચિમ , ઉત્તર અને પૂર્વે ગુજરાતનો વલસાડ જિલ્લો આવેલો છે. દક્ષિણ અને દક્ષિણપૂર્વે મહારાષ્ટ્રના થાણા અને નાસિક જિલ્લાથી જોડાયેલ છે, ઉત્તરપૂર્વ અને પૂર્વ સહ્યાદ્રિની હારમાળાઓથી ઘેરાયેલો છે, દમણગંગા અને તેની ત્રણ ઉપનદીઓ આ વિસ્તારના મધ્યમાંથી વહે છે, જે આખા વિસ્તારને બે ભાગમાં વહેંચી નાખે છે.

## જમીન :

આ વિસ્તાર મુખ્યત્વે બે વિભાગમાં વહેંચાઇ જાય છે જેમાં મધ્યનો સપાટ ભાગ તેમજ ડુંગરાળ વિસ્તારો, મધ્યભાગ અને સપાટ વિસ્તારોની જમીનો ફળદ્રુપ જમીનો છે. કાળી તેમજ ગોરાડું જમીન છે. આ સિવાયની ડુંગરાળ વિસ્તારની જમીનો પથ્થરોવાળી અને નદીનાળાંના વહેણવાળી છે, જે જંગલોથી સભાયેલ છે.

## ડુંગરો :

ખાનવેલ, દૂધની માંદોની, રાન્ધા, કેળવણી વગેરે પટેલાનો નીચે આવતો વિસ્તાર ડુંગરાળ છે. જેમાં નાના-મોટા ઘણા ડુંગરો આવેલા છે. આખી ડુંગરાળ હારોળો જોવા મળે છે. આ ડુંગરો જંગલોથી છવાયેલા છે. ડુંગરાળ વિસ્તારમાં ખાસ કરીને વારલી, ઢોરકોળીની વસ્તી વધુ પડતી છે.

અહીંના પહાડોમાં સાગ, નીલગીરી, સાદડ, ખેર, મહુડા પલાસ વગેરે ઇમારતી અને જલાઉ વૃક્ષો છે. કુલ જંગલ વિસ્તાર ૨૦૮૨૫.૯૧ હેકટરનો છે.

**નદીઓ :**

સાકળનોડ, દમણગંગા, દમણગંગાની ત્રણ ઉપનદીઓ વહે છે. જે મુખ્યત્વે આ વિસ્તારની મધ્યમાંથી નીકળી છે. આ સિવાય નાનામોટા નાળાં, ઝરણાં ઘણાં છે કારણ કે ડુંગરાળ વિસ્તાર હોવાથી અનેક જગ્યાએ આ પ્રકારનાં ઝરણાં વહેતાં જોવા મળે છે.

**આબોહવા :**

આ વિસ્તારની આબોહવા સમશિતોષ્ણ રહે છે.

**વરસાદ :**

ચોમાસુ જૂનથી સપ્ટેમ્બર સુધીનું ગણાય છે. આ પ્રદેશમાં સરેરાશ વરસાદ ૨૦૦૦ થી ૨૫૦૦ મી.મી. જેટલો પડે છે.

**પાકો :**

સપાટ વિસ્તારનાં મુખ્યત્વે ડાંગર થાય છે, તે ઉપરાંત ઘઉં, જુવાર, કોદરા, નાગલી, તુવર, વાલ, મગ, અડદ, ચણા જ્યારે ડુંગરાળ વિસ્તારમાં હલકા પ્રકારની ડાંગર વધુ થાય છે. તે ઉપરાંત નાગલી, જુવાર, તુવર, અડદ, વાલ, ચણા , ચોળા, મગ, કુરીન વગેરે થાય છે.

## પ્રકરણ : ૩

# ભૌતિક પરિસ્થિતિ

## પ્રકરણ : ૩

## ભૌતિક પરિસ્થિતિ

**રહેઠાણ : (વસવાટની રીતભાત )**

આ સંઘ પ્રદેશનાં ગામડાંનું માળખું થોડું જુદું છે. અહીં દરેક ગામ એકજ જગ્યાએ સામાજિક સામુહિક ઘરોનું બનેલું નથી હોતું પરંતુ થોડે થોડે અંતરે આવેલાં જુદા જુદા ફળીયાઓનું બનેલું હોય છે. આ ફળીયાઓને પાડા કહેવામાં આવે છે. અને આવા પાડામાં પણ ઘણી જગ્યાએ પોતપોતાના ખેતરમાં થોડા અંતરે ઘર બાંધેલાં જોવા મળે છે. જો કે દરેક પાડામાં પીવાના પાણીની સગવડ માટે હેન્ડપંપ તેમજ પાકા કુવા હોય છે. તેમજ વિજળી સુવિધા પણ છે. દરેક ગામમાં બાલવાડી, પ્રાથમિક શાળા વગેરે હોય છે.

આદિવાસીઓની ગૃહ રચનામાં તેમનાં ઘરો સામાન્ય કાચા જ હોય છે. ઘરોની દિવાલો મોટેભાગે સાંઠીની અને માટીની હોય છે. છાપરામાં દેશી અથવા મેંગ્લોરી નળીયાં અથવા ડાંગરનું ઘાસ કે સાગનાં પાંદડાં અથવા તાડનાં પાન વગેરે અન્ય પાંદડાંઓથી છાજેલું હોય છે જો કે કેટલીક સાધન સંપન્ન આદિવાસીઓના મકાન પર લોખંડના કે સિમેન્ટનાં પતરાં જોવા મળતા હોય છે. પરંતુ તે જુજ છે. વારલી, કોકણા કે દૂબળાના ઝૂંપડા નાનાં હોય છે. જ્યારે ધોડિયાના મકાન મોટાં હોય છે. તેમજ બે-ત્રણ ઓરડાવાળા પણ હોય છે. ઘરની બાજુના ભાગમાં અથવા ઘરની આગળના ભાગમાં પશુ માટેની છાપરી હોય છે. જેમાં પશુ બાંધવાની વ્યવસ્થા કરવામાં આવે છે. કેટલાક આદિવાસી ઘરોમાં પશુ ઘરમાં જ બાંધે છે. ઘરના આગળના ભાગમાં ઓસરી હોય છે. ઘરના આંગણાના ભાગમાં લાકડાનો ઘોડો ( કે ઠેકા ) અથવા માળો બનાવેલો હોય છે તેના ઉપર પાણીનાં માટલાં રાખવામાં આવે છે. તેને ગડવાલ કહેવામાં આવે છે. જે હવે આપણા અભ્યાસમાં પસંદ થયેલ કુલ ૧૧૩૪ કુટુંબોની રહેઠાણ અંગેની પરિસ્થિતિ જોઇશું.

સર્વેક્ષણ કરેલ બધા કુટુંબોમાંથી ફક્ત ૧.૫૮ % જ કુટુંબો પાસે પાકાં મકાન હતાં જ્યારે બાકીનાં ૯૮.૪૨ % કુટુંબો પાસે કાચાં જ મકાન જોવા મળ્યાં હતાં. તેમાંય કોકણા, ઢોરકોળી અને કાથોડી જાતિના લોકો પાસે તમામ ઘરો કાચાં જ છે. પટેલાન પ્રમાણે જોઇએ તો રાન્ધા, દપાડા, ખાનવેલ, દૂધની અને માંદોની પટેલાનોમાં તમામ ઘરો કાચાં જ જોવા મળ્યાં છે.જ્યારે બાકીના પટેલાનોમાં પાકાં ઘરોનું પ્રમાણ નહિવત્ જોવા મળ્યું છે. કોઠા ૩:૧ માં આંકડા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે. મકાનના ક્ષેત્રફળની રીતે વર્ગીકરણ જોઇએ તો કુલ રહેણાંકમાંથી ૨૩.૬૬ % રહેણાંક ૧૦ X ૧૫ ફૂટનાં , ૩૩.૧૩ % રહેણાંક ૧૫ X ૨૦ ફૂટનાં, ૧૪.૯૯ % રહેણાંક ૨૦ X ૨૫ ફૂટનાં, ૧૨.૯૭ % રહેણાંક ૨૦ X ૩૦ ફૂટનાં અને ૧૫.૨૫ % રહેણાંક ૨૫ X ૩૦ ફૂટનાં જોવા મળે છે. કોઠામાં આંકડા જોતાં એ સ્પષ્ટ દેખાઇ આવે છે. કે કોકણા જાતિના મોટા ઘરોનું પ્રમાણ એટલે કે વધુ ક્ષેત્રફળ વાળાં ઘરોનું પ્રમાણ વધુ જોવા મળે છે. જ્યારે વારલી જાતિના ઘરોમાં આનાથી ઊંધુ છે. એટલે કે નાના ઘરોનું પ્રમાણ વધુ છે . બીજી રીતે કહીએ તો ઓછા ક્ષેત્રફળવાળા ઘરો વધુ છે. પટેલાન પ્રમાણે આ ચિત્ર જોઇએ તો રાન્ધા, દપાડા અને આંબોલી પટેલાનોમાં મોટા ઘરોનું પ્રમાણ વધારે દેખાઇ આવે છે જ્યારે બાકીના બધા પટેલાનોમાં નાના જ ઘરોનું પ્રમાણ વધારે દેખાય છે.

## કોઠો : ૩.૧ મકાનના પ્રકાર અને ક્ષેત્રફળ

| ક્રમ | જાતિનું નામ | કાચુ | પાકુ | ૧૦X૧૫ | ૧૫X૨૦ | ૨૦X૨૫ | ૨૦X૩૦ | ૨૫X૩૦ ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધોડિયા | ૧૭૮ | ૧૦ | ૫૪ | ૮૦ | ૨૨ | ૨૦ | ૧૨ | ૧૮૮ |
| ૨ | દૂબળા | ૧૨ | ૨ | ૬ | ૫ | ૩ | - | - | ૧૪ |
| ૩ | કાથોડી | ૨ | - | - | ૨ | - | - | - | ૨ |
| ૪ | કોકણા | ૨૩૭ | - | ૨૪ | ૩૫ | ૩૦ | ૫૨ | ૯૬ | ૨૩૭ |
| ૫ | ઢોર કોળી | ૮ | - | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૮ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૬૮૬ | [illegible] ૬ | [illegible] ૨૧૩ | [illegible] ૨૫૫ | ૧૧૪ | ૭૫ | ૬૫ | ૬૯૨ |
| | કુલ | ૧૧૨૩ | ૧૮ | ૨૭૦ | ૩૫૮ | ૧૭૧ | ૧૪૮ | ૧૭૪ | ૧૧૪૧ |

**કોઠો : ૩.૧ મકાનના પ્રકાર અને ક્ષેત્રફળ**

| ક્રમ | ગામ | કાચું | પાકું | ૧૦X૧૫ | ૧૫X૨૦ | ૨૦X૨૫ | ૨૦X૩૦ | ૨૫X૩૦થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદરા | ૩૦ | ૨ | ૧૮ | ૧૩ | ૧ | - | - | ૩૨ |
| ૨ | સેલવાસ-૧ | ૮૧ | ૬ | ૨૪ | ૩૮ | ૧૭ | ૮ | - | ૮૭ |
| ૩ | સેલવાસ-૨ | ૧૨૭ | ૫ | ૪૦ | ૭૫ | ૬ | ૯ | ૨ | ૧૩૨ |
| ૪ | નરોલી | ૯૭ | ૧ | ૬૦ | ૨૮ | ૬ | ૪ | - | ૯૮ |
| ૫ | રાંધા | ૭૦ | - | - | ૫ | ૧૩ | ૧૫ | ૩૭ | ૭૦ |
| ૬ | કેલવાડી | ૧૨૯ | ૧ | ૧૬ | ૫૦ | ૨૮ | ૨૨ | ૧૪ | ૧૩૦ |
| ૭ | દપાડા | ૧૫૧ | - | ૧૪ | ૩૭ | ૨૭ | ૧૮ | ૬૫ | ૧૫૧ |
| ૮ | ખડોલી | ૧૫૮ | ૩ | ૧૦ | ૧૯ | ૨૩ | ૫૮ | ૫૧ | ૧૬૧ |
| ૯ | ખાનવેલ | ૧૧૯ | - | ૧૨ | ૫૯ | ૩૫ | ૧૦ | ૩ | ૧૧૯ |
| ૧૦ | દૂધની | ૬૫ | - | ૧૭ | ૩૭ | ૮ | ૨ | ૧ | ૬૫ |
| ૧૧ | માંદોની | ૯૬ | - | ૫૯ | ૨૭ | ૭ | ૨ | ૧ | ૯૬ |
| | કુલ | ૧૧૨૩ | ૧૮ | ૨૭૦ | ૩૭૮ | ૧૭૧ | ૧૪૮ | ૧૭૪ | ૧૧૪૧ |
| | ટકા | ૯૮.૪૨ | ૧.૫૮ | ૨૩.૬૬ | ૩૩.૧૩ | ૧૪.૯૯ | ૧૨.૯૭ | ૧૫.૨૫ | ૧૦૦.૦૦ |

મકાનના ક્ષેત્રફળની સાથે સાથે તેમાં ઓરડાની સંખ્યા પણ જોવી જોઈએ અને ઓરડાની સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો એક ઓરડાવાળાં રહેઠાંક વધુમાં વધુ જોવા મળ્યાં છે. તેનું કુલમાંથી ૩૪.૦૧ % પ્રમાણ છે. જ્યારે બે ઓરડાવાળાં રહેઠાંક ૨૪.૧૦ % , ત્રણ ઓરડાવાળાં રહેઠાંક ૨૭.૩૪ % અને ચાર ઓરડાવાળાં રહેઠાંક ૧૪.૫૫ % છે. ઘોડિયા જાતિના કુટુંબો પાસે ૩ અને ૪ ઓરડાની સંખ્યા વાળાં ઘરોનું પ્રમાણ વધારે છે જ્યારે અન્ય જાતિઓ પાસે આ પ્રમાણ ઓછુ છે. એટલે કે એક ઓરડાવાળાં ઘરોનું પ્રમાણ વધારે છે. પટેલાન પ્રમાણે આ પરિસ્થિતિ જોઈએ તો સેલવાસ-૧, સેલવાસ-૨ અને દપાડા પટેલાનોમાં ૩ અને ૪ ઓરડાવાળાં ઘરોનું પ્રમાણ વધારે છે. જ્યારે બીજા અન્ય પટેલાનોમાં આ પ્રમાણ ઓછું છે. એટલે કે એક ઓરડાવાળા ઘરોનું પ્રમાણ વધુ છે. તેમાંય આંબોલી, કૌંચા, માંદોની અને ખાનવેલ પટેલાનોમાં એક ઓરડાની સંખ્યાવાળાં રહેઠાંક ખૂબ જ જોવા મળે છે. જે કોઠા-૩.૨ જોતાં જણાશે અને એ પણ જોઈ શકાશે કે મકાનની દિવાલ કેવા પ્રકારની છે તેમજ છાજ કયા પ્રકારની છે.

મોટે ભાગે દિવાલ માટીની અને સાંઠીની બનાવેલી હોય છે. કુલ માંથી ૬૫.૮૨ % માટીની દિવાલ, ૩૩.૧૬ % સાંઠીની દિવાલ અને ફક્ત ૧.૦૨ ટકા ઈંટની દિવાલ જોવા મળી છે. ઈંટનાં મકાન ઘોડિયા જાતિમાં જ વધારે જોવા મળે છે. કોકણામાં એક પણ મકાન ઈંટનું નથી. સેલવાસ-૧,૨ પટેલાનોમાં ઈંટની દિવાલવાળાં મકાન ખાસ જોવા મળે છે. દપાડા પટેલાનમાં બધા જ મકાનોની દિવાલ સાંઠીની જોવા મળી છે.

છાપરાના પ્રકારમાં કુલમાંથી ૩૬.૯૪ % , ઘાસનું છાજ ૩૨.૧૭ % વિલાયતી નળીયાંનું છાજ, ૨૮.૬૬ % દેશી નળીયાંનું છાજ, ૨.૦૭ % પતરાંવાળાં છાજ અને ફક્ત ૦.૧૬ % પાકુ સ્લેબ વાળું છાજ જોવા મળે છે. આ સ્લેબવાળાં મકાન ઘોડિયા જાતિના જ છે. પતરાંવાળા છાજનું પ્રમાણ પણ ઘોડિયા જાતિ પાસે મોટે ભાગે ઘાસના છાજ વાળાં ઘરો જ જોવા મળે છે. જ્યારે બીજી જાતિઓમાં ઘણા ઓછા પ્રમાણમાં પણ ઘાસના છાજ છે. ઘોડિયા જાતિમાં ઘાસના છાજ વાળાં ઘરોનું પ્રમાણ ઓછુ છે પણ દેશી નળીયાં તેમજ વિલાયતી નળીયાં વાળા ઘરોનું પ્રમાણ વધારે છે.

આ તમામ મકાનો લગભગ પોતાની માલિકીની જમીનમાં હોય છે. છતાં અહીં ૩.૨૨ % લોકોનાં મકાન બીજા કોઇની માલિકીની જમીનમાં જોવા મળ્યાં છે અહીં કાથોડી લોકો બીજાની માલિકીની જમીનમાં મકાન બાંધેલાં જોવા મળે છે. જ્યારે દૂબળા જાતિ પોતાની જ માલિકીની જમીનમાં મકાન જોવા મળે છે. દાદરા નગર હવેલી વિસ્તારમાં સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી લગભગ ૮૩.૭૦ % કુટુંબો પશુ માટેની વાપરી પોતાના મકાનની સાથે જ રાખે છે. કોઠા-૩.૩ માં બતાવેલ આંકડા પરથી સ્પષ્ટ ખ્યાલ આવશે, અને એ પણ જોવા મળશે કે કોઇ કુટુંબ ભાડાના મકાનમાં રહેતા જોવા મળ્યા નથી. એકંદરે ઘરની સ્થિતિ દયનીય હતી.

## કોઠો : ૩.૨ મકાનની દિવાલ અને છાપરાના પ્રકાર પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જાતિનું નામ | ઓરડાની સંખ્યા | | | | દિવાલનો પ્રકાર | | | છાપરાનો પ્રકાર | | | | | | પોતાની માલીકીનાં ? | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | માટી | ઈંટ | પથ્થર | સાંઠી | ઘાસ | દેશી નળીયાં | વિલાયતી નળીયાં | પતરાં | સ્લેબ | હા | ના | |
| ૧ | ધોડિયા | ૧૭ | ૪૮ | ૬૩ | ૬૩ | ૧૭૧ | ૧૧ | - | ૨૧ | ૧૪ | ૧૦૪ | ૭૭ | ૧૯ | ૨ | ૧૮૫ | ૬ | ૧૯૧ |
| ૨ | દૂબળાં | ૧ | ૮ | ૪ | - | ૧૧ | ૨ | - | ૧ | ૪ | ૯ | ૨ | ૨ | - | ૧૩ | - | ૧૩ |
| ૩ | કાથોડી | ૨ | - | - | - | ૨ | - | - | - | ૨ | - | - | - | - | - | ૨ | ૨ |
| ૪ | કોંકણા | ૧૧૬ | ૩૯ | ૬૬ | ૧૫ | ૧૭૦ | - | - | ૯૪ | ૯૨ | ૮૪ | ૭૬ | - | - | ૨૨૦ | ૧૬ | ૨૩૬ |
| ૫ | ઢોર કોળી | ૫ | - | ૩ | - | ૪ | - | - | ૫ | ૬ | ૨ | - | - | - | ૫ | ૩ | ૮ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૨૪૭ | ૧૮૦ | ૧૭૬ | ૮૮ | ૫૪૯ | ૧ | - | ૩૩૬ | ૩૪૬ | ૧૬૧ | ૨૪૯ | ૫ | - | ૬૪૬ | ૪૪ | ૬૯૧ |
| | કુલ | ૩૮૮ | ૨૭૫ | ૩૧૨ | ૧૬૬ | ૯૦૭ | ૧૪ | - | ૪૫૭ | ૪૬૪ | ૩૬૦ | ૪૦૪ | ૨૬ | ૨ | ૧૦૭૦ | ૭૧ | ૧૧૪૧ |

## કોઠો : ૩.૨ છાપરાનો પ્રકાર

| ક્રમ | પટેલાનું નામ | ઓરડાની સંખ્યા ૧ | ૨ | ૩ | ૪ | દિવાલનો પ્રકાર માટી | ઈંટ | પથ્થર | છાપરાનો પ્રકાર સાંઠી | ઘાસ | દેશી નળીયાં | વિલાયતી નળીયાં | પતરાં | સ્લેબ | પોતાની માલીકીનાં હા | ના | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદરા | ૨ | ૧૪ | ૧૫ | ૧ | ૩૦ | ૨ | - | - | ૨ | ૨૫ | ૪ | ૬ | - | ૩૧ | ૧ | ૩૨ |
| ૨ | સેલવાસ-૧ | - | ૧૫ | ૩૦ | ૪૨ | ૮૧ | ૬ | - | - | ૨ | ૫૦ | ૩૮ | ૮ | ૧ | ૮૭ | - | ૮૭ |
| ૩ | સેલવાસ-૨ | ૪ | ૨૮ | ૪૯ | ૫૧ | ૧૨૩ | ૪ | - | ૧૪ | ૧૭ | ૮૫ | ૪૫ | ૯ | ૧ | ૧૨૯ | ૩ | ૧૩૨ |
| ૪ | નરોલી | ૧૦ | ૪૨ | ૨૬ | ૨૦ | ૯૩ | - | - | ૧૬ | ૩૮ | ૫૦ | ૧૭ | ૨ | - | ૯૫ | ૩ | ૯૮ |
| ૫ | રાંધા | ૨૧ | ૫ | ૩૮ | ૬ | ૧૭ | - | - | ૫૫ | ૨૮ | ૨૫ | ૧૯ | - | - | ૬૫ | ૫ | ૭૦ |
| ૬ | કિલવણી | ૬૮ | ૪૫ | ૧૩ | ૪ | ૧૩૦ | ૧ | - | ૧૨૭ | ૭૨ | ૧૦ | ૭૮ | ૧ | - | ૧૨૬ | ૪ | ૧૩૦ |
| ૭ | દપાડા | - | ૨૪ | ૯૬ | ૩૧ | - | - | - | ૧૫૧ | ૮૨ | ૧૩ | ૫૬ | - | - | ૧૪૯ | ૨ | ૧૫૧ |
| ૮ | આંબોલી | ૧૪૧ | ૧૬ | ૨ | ૨ | ૧૬૦ | ૧ | - | - | ૬૦ | ૩૭ | ૬૪ | - | - | ૧૬૧ | - | ૧૬૧ |
| ૯ | ખાનવેલ | ૫૬ | ૫૪ | ૭ | ૨ | ૧૧૨ | - | - | ૭ | ૭૬ | ૨૬ | ૧૯ | - | - | ૮૯ | ૩૦ | ૧૧૯ |
| ૧૦ | દુધની | ૧ | ૨૪ | ૩૩ | ૭ | ૬૫ | - | - | - | ૪૦ | ૩૫ | ૮ | - | - | ૪૨ | ૨૩ | ૬૫ |
| ૧૧ | માંદોની | ૮૫ | ૮ | ૩ | - | ૯૬ | - | - | ૮૭ | ૪૭ | ૪ | ૫૬ | - | - | ૯૬ | - | ૯૬ |
| | કુલ | ૩૮૮ | ૨૭૫ | ૩૧૨ | ૧૬૬ | ૯૦૭ | ૧૪ | - | ૪૫૭ | ૪૬૪ | ૩૬૦ | ૪૦૪ | ૨૬ | ૨ | ૧૦૭૦ | ૭૧ | ૧૧૪૧ |
| | ટકા | 34.01 | 24.10 | 27.33 | [illegible] | [illegible] | 1.22 | - | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | 100 |

કોઠો : ૩.૩

| ક્રમ | જાતિનું નામ | પશુ માટેની છાપરી સાથે છે ? | | ભાડાના મકાનમાં રહો છો ? | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | હા | ના | હા | ના | |
| ૧ | ધોડિયા | ૧૧૫ | ૭૧ | - | ૧૮૬ | ૧૮૬ |
| ૨ | દૂબળા | ૬ | ૮ | - | ૧૪ | ૧૪ |
| ૩ | કાથોડી | - | ૨ | - | ૨ | ૨ |
| ૪ | કોકણા | ૨૨૮ | ૮ | - | ૨૩૬ | ૨૩૬ |
| ૫ | ઢોર કોળી | ૮ | - | - | ૮ | ૮ |
| ૬ | નાયકા | - | - | - | - | - |
| ૭ | વારલી | ૫૯૮ | ૯૭ | - | ૬૯૫ | ૬૯૫ |
| | કુલ | ૯૫૫ | ૧૮૬ | - | ૧૧૪૧ | ૧૧૪૧ |

કોઠો : ૩.૩

| | પટેલાનનું નામ | પશુ માટેની છાપરી સાથે છે ? | | ભાડાના મકાનમાં રહો છો ? | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | હા | ના | હા | ના | |
| ૧ | દાદરા | ૧૭ | ૧૫ | - | ૩૨ | ૩૨ |
| ૨ | સેલવાસ-૧ | ૫૫ | ૩૨ | - | ૮૭ | ૮૭ |

ચાલુ...

કોઠો : ૩.૩.. ચાલુ..

| | પટેલાનું નામ | પશુ માટેની છાપરી રાખે છે ? હા | ના | બાડાના મકાનમાં રહો છો ? હા | ના | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૩ | સેલ્વાસ-૨ | ૮૧ | ૫૫ | - | ૧૩૬ | ૧૩૬ |
| ૪ | નરોલી | ૫૨ | ૪૬ | - | ૯૮ | ૯૮ |
| ૫ | રાંધા | ૭૦ | - | - | ૭૦ | ૭૦ |
| ૬ | ડેલવણી | ૧૦૫ | ૨૫ | - | ૧૩૦ | ૧૩૦ |
| ૭ | દપાડા | ૧૪૧ | - | - | ૧૪૧ | ૧૪૧ |
| ૮ | આંબોલી | ૧૪૭ | - | - | ૧૪૭ | ૧૪૭ |
| ૯ | ખાનવેલ | ૧૧૫ | ૪ | - | ૧૧૯ | ૧૧૯ |
| ૧૦ | દૂધની | ૬૫ | - | - | ૬૫ | ૬૫ |
| ૧૧ | માંદોની | ૮૭ | ૯ | - | ૯૬ | ૯૬ |
| | કુલ | ૯૫૫ | ૧૮૬ | - | ૧૧૪૧ | ૧૧૪૧ |
| | ટકા | ૩.૭૦ | ૧૬.૩૦ | | | |

## ઘરવખરીનાં સાધનો :

ઘર વપરાશમાં સામાન્ય રીતે તાંબાના, એલ્યુમિનીયમનાં, પિત્તળનાં સ્ટીલનાં, માટીનાં, કાચનાં અને અન્યમાં લાકડાના ડબ્બા, નલાસરી, પ્લાસ્ટીકનાં વગેરે વાસણો વપરાશી છે ~~હોય તેવું લાગે છે~~. જે કોઠા ૩.૪ પરથી પણ દેખાઇ આવે છે. સમગ્ર રીતે જોઇએ તો મોટે ભાગે એલ્યુમિનિયમનાં વાસણો વધારે પ્રમાણમાં લોકો વાપરે છે. કુલ વાસણોની સંખ્યામાંથી ૩૩.૩૭ % એલ્યુમિનિયમનાં વાસણો, ૧૨.૩૧ % પિત્તળનાં વાસણો, ૨૨.૩૭ % સ્ટીલનાં વાસણો, ૨૩.૪૭ % માટીનાં વાસણો, ૪.૯૮ % કાચના વાસણો ૩.૨૦ % તાંબાના વાસણો અને ૦.૩૦ % અન્ય વાસણો જોવા મળે છે. આ પ્રદેશમાં સ્ટીલના વાસણોનો ઉપયોગ વધારે હોવાથી સ્ટીલના વાસણોનું પ્રમાણ પણ સારુ એવું જોવા મળે છે. ગુજરાતના આદિવાસીઓ કરતાં આ પ્રદેશના આદિવાસીઓ પાસે સ્ટીલનાં તેમજ અન્ય વાસણો વધુ જોવા મળે છે. જ્યારે ગુજરાતના આદિવાસીઓમાં માટીના વાસણો વધારે જોવા મળે છે. કુલ ૧૧૦૪ કુટુંબો પાસે ૨૨૯૪૧ વાસણો છે એટલે કે સરેરાશ કુટુંબદીઠ ૨૦ વાસણો છે. ધોડિયા અને દૂબળા જાતિના કુટુંબો પાસે સૌથી વધુ વાસણો છે. સરેરાશ ૩૧ વાસણો આ જાતિઓ પાસે છે. જ્યારે કાથોડીના કુટુંબ પાસે સરેરાશ ફક્ત ૪ વાસણો જ છે. જે સૌથી ઓછા પ્રમાણમાં ગણાય. તેવીજ રીતે કોકણા પાસે ૧૯, વારલી પાસે ૧૭ અને ઢોરકોળી પાસે ૧૬ વાસણો સરેરાશ છે. પટેલાન પ્રમાણે કુટુંબદીઠ સરેરાશ વાસણોની સંખ્યા જોઇએ તો સૌથી વધુ સરેરાશ વાસણો સેલવાસ-૧ માં ૩૨, દાદરામાં ૨૯ અને સેલવાસ-૨ માં ૨૮ વાસણો છે. જ્યારે સૌથી ઓછા સરેરાશ વાસણો દૂધનીમાં ૮, ખાનવેલમાં ૯ અને માંદોનીમાં ૧૧ વાસણો સરેરાશ કુટુંબદીઠ જોવા મળે છે.

## કોઠો : ૩.૪   ઘર વખરીનાં સાધનો

| ક્રમ | જાતિનું નામ | | તાંબા | એલ્યુમિનિયમ | પિત્તળ | સ્ટીલ | માટી | કાચ | અન્ય | વાસણોની કુલ કિંમત | કુલ વાસણો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૩૩૦ | | | | | | | | | | |
| ૧ | ઘોડિયા | ૧૮૬ | ૫૪ | ૧૭૦૪ | ૯૧૬ | ૧૨૧૭ | ૧૩૬૮ | ૫૩૮ | ૧૪ | ૭૯૬૧૨ | ૫૮૧૧(૩૧) |
| ૨ | દૂબળા | ૧૪ | ૫ | ૨૦૦ | ૬૧ | ૫૬ | ૬૮ | ૫૧ | - | ૪૭૯૫ | ૪૪૧(૩૧) |
| ૩ | કાથોડી | ૨ | ૧ | ૧ | - | ૨ | ૩ | - | - | ૮૭ | ૭(૪ ) |
| ૪ | કોંકણા | ૨૩૬ | ૨૨૦ | ૧૬૨૯ | ૪૨૭ | ૧૩૪૫ | ૮૨૮ | ૫૦ | ૬ | ૭૭૯૩૫ | ૪૫૦૫(૧૯) |
| ૫ | ઢોરકોળી | ૮ | ૪ | ૫૧ | ૧૧ | ૩૩ | ૨૯ | - | ૧ | ૧૫૦૪ | ૧૨૯(૧૬) |
| ૬ | ~~નાયકા~~ | | - | - | - | - | - | - | - | - | |
| ૭ | વારલી | ૬૮૮ | ૪૫૧ | ૪૦૭૦ | ૧૪૦૯ | ૨૪૭૯ | ૩૦૮૭ | ૫૦૪ | ૪૮ | ૧૮૬૭૬૬ | ૧૨૦૪૮(૧૭) |
| | કુલ | ૧૧૩૪ | ૭૩૫ | ૭૬૫૫ | ૨૮૨૪ | ૫૧૩૨ | ૫૩૮૩ | ૧૧૪૩ | ૬૯ | ૩૫૦૬૯૯ | ૨૨૯૪૧(૨૦) |
| | ટકા | | ૩.૨૦ | ૩૩.૩૭ | ૧૨.૩૧ | ૨૨.૩૭ | ૨૩.૪૭ | ૪.૯૮ | ૦.૩૦ | | ૧૦૦.૦૦ |

નોંધ : કોંસમાં દર્શાવેલ સરેરાશ કુટુંબદીઠ સંખ્યા છે.

## કોઠો : ૩.૪ ઘરવખરીનાં સાધનો

| | પટેલાનું નામ | | તાંબાના | એલ્યુમિનીયમનાં | પિત્તળનાં | સ્ટીલનાં | માટીનાં | કાચનાં | અન્ય | કુલ વાસણો | કુટુંબદીઠ વાસણો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદરા | ૩૨ | ૧૦ | ૩૧૮ | ૧૬૦ | ૧૩૭ | ૨૩૫ | ૬૪ | - | ૯૨૪ | ૨૯ |
| ૨ | ચેલવાસ-૧ | ૮૭ | ૨૩ | ૮૦૯ | ૫૧૦ | ૪૪૯ | ૭૦૩ | ૩૩૩ | ૫ | ૨૮૩૨ | ૩૨ |
| ૩ | ચેલવાસ-૨ | ૧૩૧ | ૧૪ | ૧૩૧૮ | ૪૫૩ | ૪૯૯ | ૧૦૪૨ | ૩૯૭ | ૧૬ | ૩૭૩૯ | ૨૮ |
| ૪ | નરોલી | ૯૮ | ૩૮ | ૫૯૮ | ૩૪૭ | ૪૦૫ | ૬૬૧ | ૨૦૮ | - | ૨૨૫૭ | ૨૩ |
| ૫ | રાંધા | ૭૦ | ૫૬ | ૫૪૪ | ૧૬૧ | ૪૯૮ | ૨૨૭ | - | - | ૧૪૮૬ | ૨૧ |
| ૬ | કેલવણી | ૧૩૦ | ૭૨ | ૬૭૧ | ૨૨૯ | ૨૬૯ | ૩૩૫ | ૮૧ | - | ૧૬૫૭ | ૧૨ |
| ૭ | દપાડા | ૧૫૧ | ૨૬૯ | ૧૨૧૦ | ૩૯૪ | ૮૭૧ | ૬૯૪ | ૩૪ | - | ૩૪૭૨ | ૨૩ |
| ૮ | આંબોલી | ૧૫૭ | ૧ | ૧૨૦૮ | ૨૭૧ | ૧૫૧૪ | ૬૦૭ | - | - | ૩૯૦૧ | ૨૫ |
| ૯ | ખાનવેલ | ૧૧૭ | ૧૮૧ | ૨૭૯ | ૧૩૨ | ૨૦૭ | ૨૧૫ | ૫ | ૧૦ | ૧૦૨૯ | ૯ |
| ૧૦ | દૂધની | ૬૫ | ૬૬ | ૮૯ | ૬૪ | ૧૦૬ | ૧૪૫ | ૧૪ | ૩૭ | ૫૨૧ | ૮ |
| ૧૧ | માંદોની | ૯૬ | ૫ | ૬૧૧ | ૧૦૩ | ૧૭૭ | ૨૧૯ | ૭ | ૧ | ૧૧૨૩ | ૧૧ |
| | કુલ | ૧૧૩૪ | ૭૩૫ | ૭૬૫૫ | ૨૮૨૪ | ૫૧૩૨ | ૫૩૮૩ | ૧૧૪૩ | ૬૯ | ૨૨૯૪૧ | ૨૦ |
| | ટકા | | ૩.૨૦ | ૩૩.૩૭ | ૧૨.૩૧ | ૨૨.૩૭ | ૨૩.૪૭ | ૪.૯૮ | ૦.૩૦ | ૧૦૦.૦૦ | |

દાદરા નગર હવેલી સંઘ પ્રદેશમાં તપાસેલ કુટુંબો પાસે ઘરવખરીના અન્ય સાધનો જેવા કે ફરનિચર, સાયકલ, ઘડિયાળ, રેડિયો, સીવવાનો સંચો, માછલા પકડવાની જાળ, શિકારી સાધનો, દારૂ બનાવવાના સાધનો, તાડીના સાધનો, વાજિંત્રો, ફાનસ/ચિમની, ટોપલા-ટોપલી, દળવાની ઘંટી, પ્રાયમસ, પેટી બેટરી વગેરે જોવા મળે છે. આ બધાં સાધનોનું પ્રમાણ સમગ્ર રીતે જોઇએ તો કુટુંબ દીઠ ૧૦ સાધનો છે. વધુમાં વધુ આવાં સાધનો ધોડિયા કુટુંબો ધરાવે છે, જે કુટુંબદીઠ સરાસરી ૧૪ સાધનો દેખાઇ આવે છે. જ્યારે સૌથી ઓછા સાધનો કાથોડી પાસે મળે છે. તેમાંય ટોપલા, ફાનસ અને ઘંટી આ ત્રણ જ સાધન આ લોકો પાસે જોવા મળ્યા છે. દરેક જાતિમાં ઘર દીઠ એક દળવાની ઘંટી લગભગ જોવા મળી છે તેમજ સરેરાશ ચાર ટોપલા પણ જોવા મળે છે. ધોડિયા જાતિના કુટુંબો પાસે ઘર દીઠ લગભગ બે ખાટલા જોવા મળે છે. જ્યારે કોકણા અને વારલીના કુટુંબોમાં બે ઘર દીઠ એક ખાટલાનું પ્રમાણ જોવા મળે છે તેનો અર્થ એ થયો કે દરેક કુટુંબમાં એક ખાટલો પણ નથી. સાયકલ, ઘડિયાળ અને રેડિયામાં પણ ધોડિયા કુટુંબો પાસે સારું એવું પ્રમાણ છે જ્યારે વારલી અને કોકણા પાસે ઉપર ખાટલાનું પ્રમાણ જણાવ્યું તેમ જ ખૂબ ઓછાં છે. ઢોરકોળી અને કાથોડી પાસે આમાં કોઇ સાધનો નથી. દારૂ બનાવવાના સાધનો જોઇએ તો સૌથી વધુ પ્રમાણ કોકણ અને ઢોરકોળી જાતિના કુટુંબોમાં ઘરદીઠ સરેરાશ બે સાધનો ( દારૂ ગાળવાના ) જોવા મળે છે. જ્યારે વારલીમાં સરેરાશ એક કરતાં પણ ઓછું જોવા મળે છે. ધોડિયા અને દૂબળા જાતિઓ પાસે આ સાધનો ખૂબ જ ઓછા જોવા મળે છે. જે કોઠા-૩.૫ પરથી સ્પષ્ટ જોઇ શકાશે ફાનસ કે ચિમની લગભગ બધી જ જાતિઓમાં દરેક ઘરે છે. પ્રાયમસ, પેટી, બેટરી જેવી વસ્તુઓનું પ્રમાણ ધોડિયા કુટુંબોમાં વધારે છે. જ્યારે બીજી અન્ય જાતિઓમાં આ પ્રમાણ ઓછું વત્તું જોવા મળે છે. પટેલાન પ્રમાણે ફરનિચરનું પ્રમાણ જોઇએ તો ખાટલા પલંગ સેલવાસ-૧, ૨ અને નરોલી પટેલાનોમાં ઘર દીઠ બેથી પણ વધારે જોવા મળે છે જ્યારે અન્ય પટેલાનોમાં ઘર દીઠ એક પણ જોવા મળતા નથી એટલે કે કેટલાય ઘરોમાં ખાટલા વગેરે નથી. દારૂ ગાળવાના સાધનોનું પ્રમાણ સૌથી વધુ આંબોલી અને દપાડા પટેલાનોમાં જોવા મળે છે. જ્યારે આવાં સાધનો દાદરા

પટેલાનમાં એક પણ જોવા મળ્યા નથી તેનું કારણ ? કદાચ એ [illegible] હોઇ શકે કે દારૂબંધી વાળો ગુજરાતનો પ્રદેશ તેની ફરતે ચારે બાજુ છે. તાડીના સાધનો ઉમરગામ દપાડામાં વધારેમાં વધારે જોવા મળ્યા છે. આ પ્રદેશમાં તાડી / ખજૂરીના ઝાડ ખૂબ જ [illegible] લાગે છે. આ ઉપરાંત ઘરમાં શિકારના સાધનો તેમજ માછલાં પકડવા માટેનાં સાધનો ( આકુડ જે ખાસ કરીને દમણગંગાના કિનારા પર આવેલા પટેલાનોના આદિવાસીઓ પાસે જોવા મળે છે. ખાસ કરીને દરેક ઘેર ખજૂરીમાંથી બનાવેલ ચટાઇઓ ( સાદડીઓ ) હોય છે. તેનો ઉપયોગ બેસવા તેમજ સૂઇ રહેવા માટે કરવામાં આવે છે. આવી સાદડીઓ તેઓ જરૂર પુરતી જાતે જ બનાવી લેતા હોય છે. ટૂંકમાં સમગ્ર ઘરવખરીનાં સાધનો અને રહેઠાણ ધોડિયા જાતિના કુટુંબો પાસે કંઇક ઠીક છે જ્યારે વારલી, કાથોડી અને ઢોર કોળી જાતિઓના કુટુંબો પાસે આવાં ભૌતિક સાધનો ખૂબ જ ઓછા છે એકંદરે પરિસ્થિતિ દયનીય છે.

કોઠો : ૩.૫ ઘરવધરી અન્ય સાધનો

| ક્રમ | જાતિનું નામ | | ખાટલા | પલંગ | ટેબલ ખુરશી | સાયકલ | ઘડિયાળ | રેડીયો | સીવવાનો સંચો | માછલીની જાળ | શિકારના સાધનો | દારૂના સાધનો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઘોડિયા | ૧૮૬ | ૩૧૯ | ૫૯ | ૧૩૫ | ૧૧૧ | ૧૧૧ | ૭૮ | ૭ | ૩૧ | ૪ | ૪૧ |
| ૨ | દૂબળા | ૧૪ | ૧૦ | ૩ | ૫ | ૫ | ૮ | ૬ | - | ૧ | - | ૧ |
| ૩ | કાથોડી | ૨ | - | - | - | - | - | - | - | - | - | - |
| ૪ | કોકણા | ૨૩૬ | ૧૧૯ | ૫ | ૩૦ | ૨૩ | ૩૬ | ૧૨ | ૮ | ૯૯ | ૫ | ૪૦૨ |
| ૫ | ઢોર કોળી | ૮ | - | - | - | - | - | - | ૧ | ૧ | - | ૧૫ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૬૮૮ | ૩૧૫ | ૩૯ | ૮૭ | ૮૯ | ૧૨૦ | ૬૬ | ૫ | ૧૨૫ | ૨૨ | ૫૪૬ |
| કુલ | | ૧૧૩૪ | ૭૬૩ | ૧૦૬ | ૨૫૭ | ૨૨૮ | ૨૭૫ | ૧૬૨ | ૨૧ | ૨૫૭ | ૩૧ | ૧૦૦૫ |

## કોઠો : ૩.૫ ઘરવખરીનાં અન્ય સાધનો

| ક્રમ | જાતિનું નામ | તાડીના સાધનો | બાજઠો | ફાનસ ચીમની | ટેબલા | ઘંટી | પ્રાયમસ | પેટી | બેટરી | અન્ય | કુલ સાધનો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઘોડિયા | ૧૪ | - | ૧૭૧ | ૮૦૦ | ૧૫૯ | ૭૬ | ૩૨૬ | ૧૪૯ | ૭૨ | ૨૬૭૩ (૧૪) |
| ૨ | દૂબળા | - | - | ૧૧ | ૪૭ | ૯ | ૨ | ૧૭ | ૭ | ૩ | ૧૩૫ (૧૦) |
| ૩ | કાથોડી | - | - | ૨ | ૨ | ૧ | - | - | - | - | ૫ (૩) |
| ૪ | કોકણા | ૫૬ | ૨૭ | ૨૨૦ | ૭૭૯ | ૨૭૦ | ૧૪ | ૪૦ | ૩૪ | ૧૨ | ૨૧૯૧ (૯) |
| ૫ | ઢોર કોળી | - | - | ૮ | ૩૪ | ૮ | - | - | - | - | ૬૭ (૮) |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૧૧૨ | ૧૭ | ૬૮૩ | ૩૦૦૦ | ૬૮૭ | ૪૬ | ૩૧૧ | ૧૯૪ | ૧૧૫ | ૬૫૭૯ (૯) |
| | કુલ | ૧૮૨ | ૪૪ | ૧૦૯૫ | ૪૬૬૨ | ૧૧૪૪ | ૧૩૮ | ૬૯૪ | ૩૮૪ | ૨૦૨ | ૧૧૬૫૦ (૧૦) |

## કોઠો : ૩.૫ ઘર-વપરાશનાં અન્ય સાધનો

| | પટેલાનનું નામ | | ખાટલા | પલંગ | ટેબલ ખુરશી | સાયકલ | ઘડિયાળ | રેડીયો | સીવવાના સંચો | માછલાંની જાળ | શિકારનાં સાધનો | દારૂનાં સાધનો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદરા | ૩૨ | ૪૦ | ૧૦ | ૧૫ | ૧૪ | ૧૬ | ૧૪ | - | - | - | - |
| ૨ | સેલવાસ-૧ | ૮૭ | ૧૩૭ | ૪૪ | ૬૪ | ૬૩ | ૪૯ | ૩૬ | ૭ | ૪ | ૩ | ૧૦ |
| ૩ | સેલવાસ-૨ | ૧૩૧ | ૧૮૫ | ૨૪ | ૫૨ | ૫૩ | ૮૧ | ૪૯ | ૧ | ૭૧ | ૨ | ૧૨ |
| ૪ | નરોલી | ૯૮ | ૧૧૩ | ૧૪ | ૨૭ | ૩૮ | ૪૫ | ૨૦ | ૪ | ૬ | - | ૨૦ |
| ૫ | રાંધા | ૭૦ | ૩૯ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ | - | ૨૯ | - | ૮૮ |
| ૬ | ડેલવાડી | ૧૩૦ | ૫૨ | ૪ | ૨૩ | ૨ | ૭ | ૫ | - | ૧ | ૧૩ | ૧૧૧ |
| ૭ | દપાડા | ૧૫૧ | ૬૪ | ૪ | ૧૬ | ૧૬ | ૨૮ | ૧૨ | ૧ | ૪૮ | ૧ | ૨૧૭ |
| ૮ | આંબોલી | ૧૪૭ | ૬૭ | - | ૨૩ | ૨૮ | ૨૭ | ૧૮ | ૪ | ૪૧ | - | ૩૫૪ |
| ૯ | ખાનવેલ | ૧૧૭ | ૨૩ | ૩ | ૬ | ૫ | ૩ | ૧ | ૧ | ૧૬ | ૨ | ૧૦૫ |
| ૧૦ | દુધની | ૬૪ | ૨૮ | ૧ | ૧૦ | ૧ | ૭ | ૨ | - | ૩૦ | ૬ | ૫૭ |
| ૧૧ | માંદોની | ૯૬ | ૧૫ | ૧ | ૧૩ | ૧ | ૩ | ૨ | ૩ | ૧૧ | ૪ | ૩૧ |
| | કુલ | ૧૧૩૪ | ૭૬૩ | ૧૦૬ | ૨૫૭ | ૨૨૮ | ૨૭૫ | ૧૬૨ | ૨૧ | ૨૫૭ | ૩૧ | ૧૦૦૫ |

## કોઠો : ૩.૫ ઘર-વપરાશનાં અન્ય સાધનો

| | પટેલાનનું નામ | લાકડીનાં | વાજિંત્રો | ફાનસ ચીમની | ટેબલ | ઘંટી | પ્રાયમસ | પેટી | બેટરી | અન્ય | ઘરવપરાશના સાધનોની કુલ કિંમત(રૂ.માં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદરા | - | - | ૨૯ | ૧૨૦ | ૨૮ | ૧૧ | ૫૬ | ૧૭ | ૫ | ૨૪૭૩૭ |
| ૨ | સેલવાસ-૧ | ૪ | ૨ | ૯૩ | ૩૬૯ | ૭૫ | ૫૨ | ૧૮૧ | ૮૩ | ૭ | ૯૨૬૫૩ |
| ૩ | સેલવાસ-૨ | ૩ | ૫ | ૧૩૮ | ૪૨૨ | ૧૧૪ | ૧૭ | ૧૯૫ | ૯૩ | ૯૦ | ૯૧૪૨૬ |
| ૪ | નરોલી | ૮ | - | ૭૪ | ૩૭૨ | ૮૬ | ૧૦ | ૧૨૮ | ૬૭ | ૮૩ | ૬૧૦૯૪ |
| ૫ | રાંધા | ૯ | - | ૩૧ | ૧૮૯ | ૧૭૪ | ૩૨ | ૪ | ૮ | ૧ | ૩૧૯૦૧ |
| ૬ | ડેલ્વી | - | - | ૧૮૧ | ૧૫૮ | ૧૦૦ | ૪ | ૩૫ | ૨૮ | - | ૪૧૮૬૫ |
| ૭ | દપાડા | ૧૪૫ | - | ૨૪ | ૧૪૬૭ | ૧૫૧ | ૧ | ૩૧ | ૨૬ | - | ૨૨૧૩૬૪ |
| ૮ | ખંભેલી | ૬ | ૨૫ | ૧૪૫ | ૫૦૯ | ૧૪૧ | ૯ | ૧૫ | ૧૮ | ૧૨ | ૭૪૫૬૬ |
| ૯ | ખાનવેલ | - | ૧૦ | ૧૭૪ | ૪૦૦ | ૧૦૦ | ૨ | ૩ | ૫ | ૪ | ૪૪૨૦૫ |
| ૧૦ | દૂધની | - | ૨ | ૯૩ | ૨૫૭ | ૭૧ | - | ૨૯ | ૧૧ | - | ૪૨૦૪૭ |
| ૧૧ | માંદોની | ૭ | - | ૧૧૩ | ૪૦૯ | ૧૦૪ | - | ૧૭ | ૨૮ | - | ૬૯૩૬૨ |
| | કુલ | ૧૮૨ | ૪૪ | ૧૦૯૫ | ૪૬૬૨ | ૧૧૪૪ | ૧૩૮ | ૬૯૪ | ૩૯૪ | ૨૦૨ | ૭૯૬૨૨૦ |

તારણો :

૧. આ સંઘ પ્રદેશમાં ૯૮.૪૨ % કુટુંબોનાં મકાન કાચાં જ છે તેમાંય કોંકણા, ઢોરકોળી, કાથોડી અને વારલીના ઝૂપડા નાના હોય છે જ્યારે ધોડિયાના મકાન મોટા હોય છે. તેમજ બે-ત્રણ ઓરડાવાળા પણ હોય છે.

૨. મકાનની દિવાલ મોટેભાગે માટી અને સાંઠીની જોવા મળે છે. જ્યારે છાપરના પ્રકારમાં ત્રીજાભાગના પાસે ઘાસનું છાજ જોવા મળે છે. વારલી જાતિ પાસે મોટેભાગે ઘાસના છાજ વાળાં ઘરો જ જોવા મળે છે. જ્યારે બીજી જાતિઓમાં વત્તા ઓછા પ્રમાણમાં પણ ઘાસના છાજ છે. ધોડિયા પાસે નળીયાંવાળા તેમજ પતરાંવાળા ઘરોનું પ્રમાણ વધારે છે.

૩. ગુજરાતના આદિવાસીઓ કરતાં આ પ્રદેશના આદિવાસીઓ પાસે સ્ટીલનાં તેમજ અન્ય વાસણો વધુ જોવા મળે છે. ધોડિયાં અને દૂબળા જાતિ પાસે સૌથી વધુ વાસણો જોવા મળે છે.

૪. ઘરવખરીના અન્ય સાધનો જેવા કે ફરનિચર, સાયકલ, ઘડિયાળ, રેડિયો, વાજિત્રો, માછલાની જાળી ટોપલા-ટોપલી, પ્રાયમસ વગેરે બધાં સાધનોનું પ્રમાણ સમગ્ર રીતે કુટુંબદીઠ ૧૦ છે. વધુમાં વધુ આવા સાધનો ધોડિયા કુટુંબો ધરાવે છે. જ્યારે દારૂ બનાવવાના સાધનો કોંકણા ઢોરકોળી અને વારલીમાં વધુ મળે છે. માછલા પકડવાના સાધનો મોટે ભાગે દમણ-ગંગાના કિનારા પર આવેલા આદિવાસીઓ પાસે જોવા મળે છે.

## પ્રકરણ : ૪

# આર્થિક પરિસ્થિતિ

# પ્રકરણ : ૪

## આર્થિક પરિસ્થિતિ

દાદરા અને નગર હવેલી કેન્દ્રશાસિત વિસ્તાર છે તે ગુજરાતના દક્ષિણે છેક સરહદે અને મહારાષ્ટ્રની બોર્ડર ઉપર આવેલો આ વિસ્તાર ડુંગર, જંગલ અને નદીનાળા વાળો છે. ગુજરાતની પૂર્વ પટ્ટી જેમ આદિવાસી વસ્તી વાળી છે તેમ આ વિસ્તાર પણ આદિવાસી વસ્તી ધરાવે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી અને દાદરાનગર હવેલીના આદિવાસીઓના સામાજિક અને આર્થિક સંબંધો ગુજરાતના આદિવાસી સાથે સંકળાયેલા છે. આમ ભૌગોલિક વિસ્તાર જોતાં તેને ગુજરાતથી અલગ પાડી શકાય તેમ નથી. વહીવટી માળખુ અલગ છે. બાકી લૌકિક વ્યવહાર સરખા જોવા મળે છે.

આ વિસ્તારમાં મુખ્ય આદિવાસી વસ્તીમાં ધોડિયા, દૂબળા, કાથોડી, કોકણા, ઠોરકોળી, નાયકા અને વારલી છે, તેમજ સંપૂર્ણ આદિવાસી વિસ્તાર કહી શકાય. દાદરા નગર હવેલીની જમીનો જોતાં ખડકાળ, ઠોરાળવાળી, કોતરોવાળી જંગલથી ઘેરાયેલી જમીનો છે. ક્યાંક ક્યાંક હલકી અને ગોરાડું જમીનો પણ છે તે જમીનોનો ઉપયોગ ખેતીમાં કરવામાં આવે છે. આવા આ વિસ્તારનું અમુયે આર્થિક પાસુ તપાસતાં તેમના જીવન વિષે પણ સ્પષ્ટ જાણી શકીશું.

દાદરા નગર હવેલીના કુલ ૭૨ ગામોને વહીવટી રીતે દશ પટેલાતમાં વહેંચેલા છે. ગુજરાતમાં જેમ ગૃપ પંચાયતનો વહીવટ છે તેમ અમુક ગામના ગૃપમાં વહીવટ કરવામાં આવે છે તેને પટેલાતના નામથી ઓળખવામાં આવે છે. આ તમામ ગામોમાંના ૧૧૧૭૩ આદિવાસી ખાતેદારો છે તેમાંથી ૧૦ ટકા પ્રમાણે જે તે ગામમાંથી સીસ્ટમેટીક સેમ્પલીંગ કરી કુલ ૧૧૩૪ ખાતેદારોનો અહી અભ્યાસ કર્યો છે. કોઠો ૪.૧ જોતાં દરેક પટેલાતના ગામોની સંખ્યા અને આદિવાસી ખાતેદારોનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

કોઠો : ૪.૧ પટેલાન પ્રમાણે ગામોની અને આદિવાસી ખાતેદારોની સંખ્યા દર્શાવતો કોઠો.

| ક્રમ | પટેલાનનું નામ | ગામની સંખ્યા | આદિવાસી ખાતેદારો |
|---|---|---|---|
| ૧ | દાદરા | ૩ | ૨૮૯ |
| ૨ | સેલવાસ-૧ | ૪ | ૮૫૧ |
| ૩ | સેલવાસ-૨ | ૬ | ૧૨૮૯ |
| ૪ | નરોલી | ૬ | ૬૬૦ |
| ૫ | રાંધા | ૪ | ૭૦૭ |
| ૬ | કેલવણી | ૫ | ૧૨૮૩ |
| ૭ | દપાડા | [illegible] | ૧૫૦૨ |
| ૮ | આંબોલી | ૧૦ | ૧૫૩૨ |
| ૯ | ખાનવેલ | ૮ | ૧૧૮૩ |
| ૧૦ | દૂધની | ૧૨ | ૬૪૨ |
| ૧૧ | માંદોની | ૭ | ૯૩૫ |
| | કુલ | ૭૨ | ૧૧૧૭૩ |

અભ્યાસમાં પસંદ થયેલ કુલ ૧૧૩૪ કુટુંબો હતા જે મુખ્ય ૭ આદિવાસી જાતિઓમાં વહેંચાયેલ છે. પસંદ થયેલ કુટુંબોમાં જાતિવાર વસ્તી જોતાં વારલી ૬૦.૬૭ %, કોકણા ૨૦.૮૧ %, ધોડિયા ૧૬.૪૦ %, દૂબળા ૧.૨૩ %, [illegible] ઢોળકોળી ૦.૭૧ %, અને કાથોડી ૦.૧૮ % છે. આ તમામ જાતિઓનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતી + મજૂરી અને

ખેતી + અન્ય ધંધાઓ કરતા માલુમ પડયા હતા. ખેતી મુખ્ય ધંધો હોવા છતાં તેમને આખા વર્ષના ભરણ પોષણનું ઉત્પાદન ન મળતાં અન્ય ધંધાઓ કરવાની ફરજ પડે છે. આર્થિક ઉપારજનમાં ખેતમજૂરી, પશુપાલન, જંગલ મજૂરી દારુ-તાડી બનાવવો, અન્ય મજૂરી વગેરે ગૌણ ધંધા દ્વારા આવક મેળવે છે.

| ૭ | વારલી | ૪૯ | ૪ | ૩ | - | ૧૯ | ૧૫ | ૪ | ૨૫૬ | ૨૧૫૦ | ૨૧૩૨ |
| | કુલ | ૧૫૭ | ૮ | ૧૨ | ૧ | ૩૭ | ૨૬ | ૪ | ૪૩૯ | ૩૪૪૦ | ૩૩૦૯ |

આવક :

આદિવાસી સમાજમાં પોતાના ભરણપોષણ માટે જુદા જુદા ધંધામાં રોકાવું પડે છે. અને ઘરના મોટાભાગના આમાં રોકાઇ રહે છે જે આગળ આપણે જોયું. હવે આ જુદા જુદા ધંધામાંથી થતી તમામ આવક અહી આપણે જોઇએ. કોઠા-૪.૧૪માં સાધનવાર વાર્ષિક આવક અને કુટુંબદીઠ ચોખ્ખી આવક બતાવી છે. બધાં કુટુંબોની કુલ આવક ૮૩૪૦૬૬૦ રૂપિયા છે તે માં કુલ ખર્ચ ૧૪૫૧૮૧૬ રૂપિયા થાય છે. એટલે કે કુલ ચોખ્ખી આવક ૬૮૮૮૮૪૪ રૂપિયા થાય છે. આ કુલ ચોખ્ખી આવકમાંથી ૪૦.૩૨ % આવક ખેતી / ઘાસ માંથી થાય છે. અને ૧૯.૯૬ % આવક ખેતમજૂરીમાંથી થાય છે, જ્યારે ૫.૨૧ % આવક પશુપાલનમાંથી, ૪.૬૨ % આવક જંગલ મજૂરીમાંથી, ૧૦.૧૭% આવક નોકરીમાંથી, ૧૪.૫૭ % આવક ગૃહઉદ્યોગમાંથી, ૦.૭૭ % આવક ધંધામાંથી, ૦.૦૯ % આવક નફો અને વ્યાજ, ૩.૦૬ % આવક દારુ બનાવવામાંથી અને ૧.૨૩ % આવક નાડીમાંથી મેળવે છે.. ટૂંકમાં આ લોકો ખેતી અને ખેતમજૂરીમાંથી મોટા ભાગની આવક મેળવે છે. આપણા અભ્યાસમાં સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી વાર્ષિક આવક ૬૦૭૫ રૂપિયા આવે છે. જાતિવાર જોઇએ તો સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી વાર્ષિક આવક ધોડિયામાં ૭૮૧૦ રૂપિયા કોકણામાં ૭૮૦૧ રૂપિયા, કોરકોળીમાં ૭૬૪૦ રૂપિયા, વારલીમાં ૫૦૪૭ રૂપિયા, દૂબળામાં ૪૩૭૯ રૂપિયા અને કાથોડી જાતિમાં ૨૫૦ રૂપિયા જોવા મળે છે. ૭૫ રૂપિયા પ્રતિ વ્યક્તિ પ્રતિ માસ પ્રમાણે શ્રી ગણીએ તો કાથોડી, દૂબળા અને વારલી જાતિના કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. તેથી કાથોડી જાતિ તો શું ખાતી હશે અને શું ખાતી હશે અને શું કરતી હશે તે પ્રશ્ન ઊભો થાય છે. ટૂંકમાં ધોડિયા, કોકણા અને કોરકોળી જાતિઓના કુટુંબોની આર્થિક સ્થિતિ ખૂબ નબળી ગણાય.

કોઠો : ૪.૧૪ સાધનવાર વાર્ષિક આવક અને સરેરાશ કુટુંબદીઠ [illegible] આવક

| ક્રમ | જાતિનું નામ | ખેતી/ઘાસ | | પશુપાલન | | જંગલ મજુરી | | ખેતમજુરી | | નોકરી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ~~કુલ~~ આવક | ~~કુલ~~ ખર્ચ | ~~કુલ~~ આવક | ~~કુલ~~ ખર્ચ | ~~કુલ~~ આવક | ~~કુલ~~ ખર્ચ | ~~કુલ~~ આવક | ~~કુલ~~ ખર્ચ | ~~કુલ~~ આવક | ~~કુલ~~ ખર્ચ |
| ૧ | ધાંડિયા | ૭૦૮૦૫૯ | ૧૦૭૭૦૦ | ૬૪૮૪૯ | ૧૬૦૫૦ | ૮૩૦૦ | ૨૦૦ | ૨૯૭૮૨૫ | ૫૮૦૦ | ૪૨૨૦૦૮ | ૧૯૮૦૦ |
| ૨ | દૂબળા | ૨૧૩૦૦ | ૪૪૦૦ | ૩૪૦૦ | ૧૩૦૦ | - | - | ૧૭૪૦૦ | ૮૦૦ | ૨૭૨૦૦ | ૩૦૦૦ |
| ૩ | કાથોડી | - | - | - | - | - | - | ૫૦૦ | - | - | - |
| ૪ | કોકણા | ૯૬૫૩૮૧ | ૨૨૨૮૯૫ | ૧૫૩૩૧૭ | ૮૭૩૧૦ | ૧૨૦૭૬૦ | - | ૩૩૪૯૦૭ | ૩૦૦ | ૫૪૫૭૫ | - |
| ૫ | ઢોર કોળી | ૧૭૬૧૦ | ૬૮૨૫ | ૨૮૨૫ | ૧૧૦૦ | - | - | ૧૫૯૭૦ | - | - | - |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૧૯૨૫૫૬૯ | ૫૧૮૧૭૭ | ૪૧૬૩૮૫ | ૧૭૨૪૫૪ | ૧૯૦૩૬૧ | ૭૦૦ | ~~[illegible]~~ ૭૩૭૭૭૮ | ૨૨૫૫૦ | ~~[illegible]~~ ૨૨૧૨૨૦ | ૧૬૦૦ |
| | કુલ | ૩૬૩૭૯૧૯ | ૮૫૯૯૯૭ | ૬૩૬૭૭૬ | ૨૭૮૨૧૪ | ૩૧૯૪૨૧ | ૯૦૦ | ૧૪૦૪૩૮૦ | ૨૯૪૫૦ | ૭૨૫૦૦૩ | ૨૪૪૦૦ |
| | ચોખ્ખી આવક | ૨૭૭૭૯૨૨ | | ૩૫૮૫૬૨ | | ૩૧૮૫૨૧ | | ૧૩૭૪૯૩૦ | | ૭૦૦૬૦૩ | |
| | ટકા | ૪૦.૩૨ | | ૫.૨૧ | | ૪.૬૨ | | ૧૯.૯૬ | | ૧૦.૧૭ | |

કોઠો : ૪. ૧૪.. ચાલુ..

| ક્રમ | જાતિનું નામ | ગૃહઉદ્યોગ | | ધંધો | | નફો અને વ્યાજ | દારૂની આવક | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ આવક | કુલ ખર્ચ | કુલ આવક | કુલ ખર્ચ | કુલ આવક | કુલ આવક | કુલ ખર્ચ |
| ૧ | ધોડિયા | ૫૩૯૪૦ | ૭૮૪૦ | ૫૦૯૦૦ | ૨૨૫૫૦ | ૫૦૦ | ૧૨૪૮૦ | ૪૫૭૫ |
| ૨ | દૂબળા | ૧૫૦૦ | - | - | - | - | - | - |
| ૩ | કથોડી | - | - | - | - | - | - | - |
| ૪ | કોકણા | ૩૭૫૩૦૦ | - | ૨૪૦૨૦ | ૭૭૦૦ | - | ૧૭૬૯૬૦ | ૬૫૩૭૫ |
| ૫ | ઢોર કોળી | ૨૧૪૪૦ | - | - | - | - | ૪૨૯૦ | ૧૩૩૦ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૫૬૮૨૫૫ | ૯૨૦૦ | ૫૮૪૦૦ | ૪૯૯૦૦ | ૫૪૦૦ | ૧૪૯૦૫૯ | ૬૦૪૧૦ |
| | કુલ | ૧૦૨૦૪૩૫ | ૧૭૦૪૦ | ૧૩૩૩૨૦ | ૮૦૧૫૦ | ૫૯૦૦ | ૩૪૨૭૮૯ | ૧૩૧૬૯૦ |
| | | ૧૦૦૩૩૯૫ | | ૫૩૧૭૦ | | | ૨૧૧૦૯૯ | |
| | | ૧૪.૫૭ | | ૦.૭૭ | | ૦.૦૯ | ૩.૦૬ | |

કોઠો : ૪.૧૪.. ચાલુ..

| ક્ર્મ | જાતિનું નામ | તાડી કુલ આવક | તાડી કુલ ખર્ચ | કુલ કુલ આવક | કુલ ખર્ચ | કુલ ચોખ્ખી આવક | સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી આવક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધોડિયા | ૨૨૩૦૦ | ૪૦૫૦ | -- ૧૬૪૧૧૬૧ | ૧૮૮૫૬૫ | ૧૪૫૨૫૯૬ | ૭૮૧૦ |
| ૨ | દૂબળા | - | - | ૭૦૮૦૦ | ૯૫૦૦ | ૬૧૩૦૦ | ૪૩૭૯ |
| ૩ | કાથોડી | - | - | ૫૦૦ | - | ૫૦૦ | ૨૫૦ |
| ૪ | કોકણા | ૩૨૬૫૦ | ૧૩૩૨૫ | ૨૨૩૭૮૭૦ | ૩૯૬૯૦૫ | ૧૮૪૦૯૬૫ | ૭૮૦૧ |
| ૫ | ઢોર કોળી | ૮૨૪૦ | - | ૭૦૩૭૫ | ૯૨૫૫ | ૬૧૧૨૦ | ૭૬૪૦ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૫૧૬૩૭ | ૧૨૬૦૦ | ૪૩૧૯૯૫૪ | ૮૪૭૫૯૧ | ૩૪૭૨૩૬૩ | ૫૦૪૭ |
| | કુલ | ૧૧૪૭૧૭ | ૨૯૯૭૫ | ૮૩૪૦૬૬૦ | ૧૪૫૧૮૧૬ | ૬૮૮૮૮૪૪ | ૬૦૭૫ |
| | | ૮૪૭૪૨ | | ૬૮૮૮૮૪૪ | | | |
| | | ૧.૨૩ | | ૧૦૦.૦૦ | | | |

કોઠો : ૪.૧૪ સાધનવાર વાર્ષિક આવક (રૂપિયામાં)

| ક્રમ | પટેલાનનું નામ | ખેતી/ઘાસ | | પશુપાલન | | જંગલ મજૂરી | | ખેતમજૂરી | | નોકરી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ આવક | કુલ ખર્ચ | કુલ આવક | કુલ ખર્ચ | કુલ આવક | કુલ ખર્ચ | કુલ આવક | કુલ ખર્ચ | કુલ આવક | કુલ ખર્ચ |
| ૧ | દાદરા | ૯૫૯૦૦ | ૧૪૩૦૦ | ૯૨૦૦ | ૨૭૯૮ | - | - | ૨૨૭૦૦ | ૨૦૦૦ | ૫૦૨૦૦ | ૪૯૦૦ |
| ૨ | સેલવાસ-૧ | ૩૪૮૬૦૦ | ૪૯૦૦૦ | ૨૮૭૦૦ | ૭૮૦૦ | ૩૫૦૦ | ૬૦૦ | ૫૦૨૦૦ | ૨૪૦૦ | ૧૬૪૧૦૦ | ૭૦૦૦ |
| ૩ | સેલવાસ-૨ | ૩૮૧૪૦૦ | ૫૧૪૦૦ | ૨૨૮૦૦ | ૩૭૦૦ | ૩૯૦૦૦ | ૩૦૦ | ૬૭૩૦૦ | ૨૯૦૦ | ૧૪૫૬૦૦ | ૩૮૦૦ |
| ૪ | નરોલી | ૨૯૨૩૦૦ | ૩૪૩૦૦ | ૪૦૧૦૦ | ૭૪૫૦ | ૨૫૦૦ | - | ૯૩૬૦૦ | ૫૧૫૦ | ૮૫૪૦૦ | ૮૭૦૦ |
| ૫ | રાંધા | ૨૭૨૭૯૦ | ૭૫૨૭૫ | ૫૧૨૪૫ | ૨૪૩૫૦ | - | - | ૧૭૪૪૬૩ | - | ૧૬૬૦૦ | - |
| ૬ | કૌંચવણી | ૨૫૫૭૫૦ | ૮૧૮૧૦ | ૪૯૬૫૦ | ૩૨૫૫૦ | ૮૯૮૦૦ | - | ૧૨૯૧૦૦ | - | ૧૪૦૦૦ | - |
| ૭ | દપાડા | ૫૪૯૭૬૩ | ૧૮૧૧૩૭ | ૧૭૬૦૦૬ | ૭૮૦૯૪ | ૧૯૮૪૧ | - | ૩૮૧૫૬૭ | - | ૮૯૩૯૫ | - |
| ૮ | આંબોલી | ૮૪૧૮૪૯ | ૧૨૫૧૬૫ | ૨૨૯૨૫ | - | ૭૫૮૦૦ | - | ૩૦૮૪૩૦ | ૧૬૨૦૦ | ૮૫૭૦૮ | - |
| ૯ | ખાનવેલ | ૧૮૮૧૮૦ | ૬૬૦૦૦ | ૮૫૦૦૦ | ૩૬૮૦૦ | ૬૨૦૦૦ | - | ૬૯૯૦૦ | - | ૯૦૦૦ | - |
| ૧૦ | દૂધની | ૧૮૮૫૦૭ | ૧૨૪૦૨૦ | ૯૪૨૦૦ | ૫૫૦૭૦ | ૧૪૦૦ | - | ૪૫૬૭૦ | - | ૧૩૮૦૦ | - |
| ૧૧ | માંદોની | ૨૨૨૮૮૦ | ૫૭૫૯૦ | ૫૬૯૫૦ | ૨૯૭૦૦ | ૨૫૫૮૦ | - | ૬૧૪૫૦ | ૮૦૦ | ૫૧૨૦૦ | - |
| | કુલ | ૩૬૩૭૯૧૯ | ૮૫૯૯૯૭ | ૬૩૬૭૭૬ | ૨૭૮૨૧૪ | ૩૧૯૪૨૧ | ૯૦૦ | ૧૪૦૪૩૮૦ | ૨૯૪૫૦ | ૭૨૫૦૦૩ | ૨૪૪૦૦ |

કોઠો : ૪.૧૪ ચાલુ.

| ક્રમ | પટેલાનનું નામ | ગૃહઉદ્યોગ કુલ આવક | ગૃહઉદ્યોગ કુલ ખર્ચ | ધંધો કુલ આવક | ધંધો કુલ ખર્ચ | નફો અને વ્યાજ આવક | દારૂની આવક કુલ આવક | દારૂની આવક કુલ ખર્ચ | તાડીની આવક કુલ આવક | તાડીની આવક કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદરા | - | - | - | - | - | - | - | - | - |
| ૨ | સેલવાસ-૧ | ૨૭૦૦ | ૨૦૦ | ૮૭૦૦ | ૯૫૦ | ૫૦૦ | ૨૦૦૦ | ૫૦૦ | ૧૧૭૦૦ | ૨૬૫૦ |
| ૩ | સેલવાસ-૨ | - | - | ૧૩૦૦૦ | ૪૫૦૦ | - | - | - | ૧૫૦૦ | ૫૦૦ |
| ૪ | નરોલી | - | - | ૨૮૦૦ | - | - | ૬૦૦ | ૨૦૦ | ૯૭૦૦ | ૧૯૦૦ |
| ૫ | રાંધા | ૨૩૦૦૨૦ | - | - | - | - | ૬૧૧૩૫ | ૨૫૭૪૦ | ૧૨૭૪૦ | ૧૫૦૦ |
| ૬ | ડેલવણી | ૧૨૦૦૦ | ૫૦૦૦ | ૨૦૦૦ | ૧૨૦૦ | - | - | - | - | - |
| ૭ | દપાડા | ૩૧૬૯૯૫ | - | ૧૪૦૦ | ૭૦૦ | ૫૨૦૦ | ૮૯૨૨૯ | ૨૧૯૭૦ | ૫૦૨૭૭ | ૧૧૫૨૫ |
| ૮ | આંબોલી | ૪૫૩૭૨૦ | ૭૮૪૦ | ૧૦૧૪૨૦ | ૬૯૮૦૦ | - | ૧૬૯૭૩૫ | ૬૯૬૪૦ | ૨૧૩૦૦ | ૧૦૪૦૦ |
| ૯ | ખાનવેલ | - | - | - | - | - | ૪૫૦૦ | ૨૯૬૫ | ૩૫૦૦ | ૩૦૦ |
| ૧૦ | દૂધની | - | - | ૪૦૦૦ | ૩૦૦૦ | - | ૧૩૬૯૦ | ૯૨૮૫ | ૧૫૦૦ | - |
| ૧૧ | માંદોની | ૫૦૦૦ | ૪૦૦૦ | - | - | ૨૦૦ | ૧૯૦૦ | ૧૩૯૦ | ૨૫૦૦ | ૧૨૦૦ |
| | કુલ | ૧૦૨૦૪૩૫ | ૧૭૦૪૦ | ૧૩૩૩૨૦ | ૮૦૧૫૦ | ૫૯૦૦ | ૩૪૨૭૮૯ | ૧૩૧૬૯૦ | ૧૧૪૭૧૭ | ૨૯૯૭૫ |

**વપરાશી ખર્ચ :**

વાર્ષિક આવકની સાથે સાથે આપણે વાર્ષિક વપરાશી ખર્ચ પણ જોવું જોઇએ. જે કોઠા ૪.૧૫ પ્રમાણે છે. કુલ ૧૧૩૪ કુટુંબોનું વાર્ષિક વપરાશી ખર્ચ ૮૧૩૮૯૧૩ રૂપિયા જોવા મળે છે. એટલે કે સરેરાશ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૭૧૭૭ રૂપિયા થાય છે. આ ઉપરથી એમ જોવા મળે છે કે આવક કરતાં ખર્ચ વધુ દેખાય છે. અને આ ખર્ચને પહોંચી વળવા દેવું કરવું પડે છે. જે પાછળ આપણે જોઇશું. અહીં જાતિવાર સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી આવક અને સરેરાશ કુટુંબદીઠ ખર્ચ સરખાવીએ તો ઘોડિયા, દૂબળા અને કાથોડી જાતિના કુટુંબોમાં આવક કરતાં ખર્ચ ઓછું જોવા મળે છે. ટૂંકમાં આ ત્રણેય જાતિ કંઇક બચાવે છે. જ્યારે કોકણા, વારલી અને ઢોરકોળી જાતિના કુટુંબોમાં આવક કરતાં વપરાશી ખર્ચ વધું કરતા જોવા મળે છે. એટલે કે કંઇક ગુમાવે છે, કુલ વાર્ષિક વપરાશી ખર્ચમાંથી ૫૭.૫૯ % ખાધાખોરાકી પાછળનો ખર્ચ, ૧.૨૬ % બળતણનો ખર્ચ, ૧૦.૬૨ % કપડાં, પગરખાં માટે, ૬.૯૪ % સામાજિક ખર્ચ, ૪.૩૬ % ધાર્મિક ખર્ચ, ૦.૭૪ % શૈક્ષણિક ખર્ચ, ૧.૪૧ % મોજશોખ મનોરંજન માટે, ૧૬.૩૭ % દારુ, તાડીને બીડી માટેનો ખર્ચ, ૦.૪૩ % દેવાનું વ્યાજ અને ૦.૨૮ % અન્ય ખર્ચ જોવા મળે છે. ટૂંકમાં મોટા ભાગનો ખર્ચ ખાધાખોરાકી પાછળ ચાલ્યો જાય છે. અને વધુ પડતો ખર્ચ દારુ, તાડી વગેરે અન્યમાં ચાલ્યો જાય છે. એ પણ એક જોવા જેવું છે કે શૈક્ષણિક ખર્ચ નહિવત્ જોવા મળે છે. એટલે કે આ લોકો શૈક્ષણિક રીતે પછાત હોવાનું કારણ બની શકે.

## કોઠો : ૪.૧૫ વાર્ષિક વપરાશી ખર્ચ ( રૂપિયામાં )

| ક્રમ | જાતિનું નામ | ખાદ્ય ખોરાકી ખર્ચ | બળતણ ખર્ચ | કપડાં પગરખાં | સામાજિક ખર્ચ | ધાર્મિક ખર્ચ | શૈક્ષણિક ખર્ચ | મોજશોખ મનોરંજન | દારૂ/ બીડી તાડી | દેવાનું વ્યાજ | અન્ય ખર્ચ | કુલ વપરાશી ખર્ચ | કુટુંબ દીઠ વાર્ષિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ધાનકા | ૭૧૬૦૬૫ | ૯૩૫૨ | ૧૬૪૧૪૫ | ૬૩૭૪૫ | ૩૨૯૮૫ | ૧૧૯૦૦ | ૩૦૩૫૦ | ૧૮૬૬૮૪ | ૯૭૬૫ | ૧૫૨૦૦ | ૧૨૪૦૦૯૧ | ૬૬૬૭ |
| ૨ | દૂબળા | ૨૯૮૦૦ | ૮૮૦ | ૮૨૦૦ | ૧૨૦૦ | ૧૭૫૦ | ૨૫૦ | ૧૫૫૦ | ૯૦૫૦ | ૧૩૦ | ૧૫૫૦ | ૫૪૩૬૦ | ૩૮૮૩ |
| ૩ | કાથોડી | ૧૦૦ | - | ૨૦ | - | - | - | - | - | - | - | ૧૨૦ | ૬૦ |
| ૪ | કોકણા | ૧૦૩૫૯૮૯ | ૨૩૨૬૦ | ૧૮૫૩૪૫ | ૧૪૦૨૮૫ | ૧૯૦૭૫૭ | ૧૪૮૫૦ | ૨૨૧૨૦ | ૩૭૭૩૩૭ | ૭૭૭૫ | - | ૧૯૯૭૭૧૮ | ૮૪૬૫ |
| ૫ | ઢોર કોળી | ૩૧૦૮૦ | ૬૦૦ | ૬૦૬૦ | ૩૫૦૦ | ૧૫૫૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૭૭૪૧૦ | ૧૦૦ | - | ૬૧૮૦૦ | ૭૭૨૫ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૨૮૭૪૪૧૧ | ૬૮૨૨૦ | ૫૦૦૨૦૩ | ૩૫૬૦૭૯ | ૧૨૭૮૭૮ | ૩૨૨૫૫ | ૬૦૩૧૪ | ૭૪૧૯૬૯ | ૧૬૯૪૫ | ૬૫૫૦ | ૪૭૮૪૮૨૪ | ૬૯૫૫ |
| | કુલ | ૪૬૮૭૪૪૫ | ૧૦૨૩૧૨ | ૮૬૩૯૭૩ | ૫૬૪૮૦૯ | ૩૫૪૮૨૦ | ૬૦૨૫૫ | ૧૧૪૮૩૪ | ૧૩૩૨૪૫૦ | ૩૪૭૧૫ | ૨૩૩૦૦ | ૮૧૩૯૧૩ | ૭૧૭૭ |
| | ટકા | ૫૭.૫૯ | ૧.૨૬ | ૧૦.૬૨ | ૬.૯૪ | ૪.૩૬ | ૦.૭૪ | ૧.૪૧ | ૧૬.૩૭ | ૦.૪૩ | ૦.૨૮ | ૧૦૦.૦૦ | |

કોઠો : ૪.૧૫ : વાર્ષિક વપરાશી …

| ક્રમ | પટેલાનું નામ | ખાદ્ય ખોરાકી | બળતણ | કપડાં પગરખાં | સામાજીક | ધાર્મિક | શૈક્ષણિક | મોજશોખ મનોરંજન | દારૂ/ બીડી તાડી | દેવાનું વ્યાજ | અન્ય ખર્ચ | કુલ વપરાશી ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદરા | ૮૬૩૦૦ | ૧૪૦૦ | ૨૩૭૦૦ | ૪૧૫૦ | ૩૪૫૦ | ૧૯૦૦ | ૩૦૦૦ | ૨૪૪૫૦ | - | ૨૧૫૦ | ૧૫૦૫૦૦ |
| ૨ | સેલવાસ-૧ | ૨૮૫૮૦૦ | ૫૦૦૦ | ૬૫૩૦૦ | ૩૦૦૫૦ | ૯૩૫૦ | ૭૧૫૦ | ૨૧૨૦૦ | ૫૦૧૦૦ | ૨૦૭૫ | ૧૧૧૦૦ | ૪૮૭૧૨૫ |
| ૩ | સેલવાસ-૨ | ૩૨૧૦૦૦ | ૫૦૦૦ | ૯૫૨૦૦ | ૨૫૪૦૦ | ૧૪૯૦૦ | ૮૭૦૦ | ૨૪૫૫૦ | ૬૦૯૦૦ | ૨૫૩૫ | ૮૨૦૦ | ૫૬૬૩૮૫ |
| ૪ | નરોલી | ૨૮૭૦૦૦ | ૬૦૦ | ૫૮૪૦૦ | ૧૨૦૦૦ | ૧૧૩૫૦ | ૫૧૫૦ | ૭૪૫૦ | ૪૧૧૦૦ | ૩૮૦૦ | ૬૦૦ | ૪૨૭૪૫૦ |
| ૫ | રાંધા | ૧૫૬૬૫૦ | ૩૪૪૦ | ૫૮૩૪૦ | ૪૬૯૩૦ | ૫૨૯૨૧ | ૨૩૫૦ | ૧૦૦૦ | ૧૯૮૩૧૫ | ૨૭૭૫ | - | ૫૨૨૭૩૦ |
| ૬ | કેલવણી | ૧૦૦૩૦૦૦ | ૨૫૫૫૦ | ૯૮૧૦૦ | ૩૫૪૦૦ | ૧૯૫૫૦ | ૫૦૦ | ૧૫૯૦૦ | ૬૨૩૨૦ | ૫૦ | - | ૧૨૬૦૩૭૦ |
| ૭ | દપાડા | ૨૪૩૧૧૬ | ૧૫૧૭૨ | ૧૧૧૨૮૮ | ૧૮૦૦૭૪ | ૧૬૬૮૭૪ | ૩૦૫ | ૯૩૭૪ | ૩૬૭૦૦૫ | ૧૬૩૧૫ | - | ૧૧૦૯૫૨૩ |
| ૮ | આંબોલી | ૭૧૫૮૭૦ | ૮૫૦ | ૧૭૫૭૨૫ | ૫૧૬૫૦ | ૨૮૨૭૫ | ૧૩૧૫૦ | ૬૫૦ | ૪૨૪૫૨૦ | ૪૫૮૫ | ૧૨૫૦ | ૧૪૧૬૫૨૫ |
| ૯ | ખાનવેલ | ૪૮૯૧૦૦ | ૧૭૯૦૦ | ૭૦૨૨૦ | ૪૩૯૫૦ | ૧૪૩૦૦ | ૪૨૫૦ | ૧૧૮૫૦ | ૩૮૫૯૦ | ૬૨૫ | - | ૬૯૦૭૮૫ |
| ૧૦ | દૂધની | ૧૬૧૭૫૦ | - | ૩૨૭૦૦ | ૫૧૨૦૦ | ૧૦૩૫૦ | ૬૦૦ | ૪૫૦ | ૨૪૫૦ | - | - | ૨૫૯૫૦૦ |
| ૧૧ | માંદોની | ૯૩૭૮૫૦ | ૨૭૪૦૦ | ૭૫૦૦૦ | ૮૪૦૦૫ | ૨૩૫૦૦ | ૧૬૨૦૦ | ૧૯૪૧૦ | ૬૨૭૦૦ | ૧૯૫૫ | - | ૧૨૪૮૦૨૦ |
| | કુલ | ૪૬૮૭૪૪૫ | ૧૦૨૩૧૨ | ~~૬૬૯૩~~ | ૫૬૪૮૦૯ | ૩૫૪૮૨૦ | ૬૦૨૫૫ | ૧૧૪૮૩૪ | ૧૩૩૨૪૫૦ | ૩૪૭૧૫ | ૨૩૩૦૦ | ૮૧૩૮૯૧૩ |

૮૬૩૯૭૩

દેવું :

કુલ ૧૧૩૪ કુટુંબોમાંથી ૪૮૯ કુટુંબોએ ૮૦૩૯૧૯ રૂપિયા દેવું કર્યું છે એટલે કે દેવાદાર કુટુંબદીઠ દેવું ૧૬૪૪ રૂપિયા થયું. જ્યારે બાકીના ૬૪૫ કુટુંબોને ( ૫૬.૮૮ % ) દેવું નથી. આ લોકો દેવાદાર નથી તેનું કારણ એ નહીં કે તેઓ પૈસેટકે સુખી છે. પરંતુ તેમને પૈસાની જરૂર હોય તો પણ તેઓ એવી વસ્તુ ધરાવતા નથી કે જેના પર તેઓ ધિરાણ મેળવી શકે. કોઠો ૪.૧૬ માં દેવા અંગેના આંકડાઓ બનાવ્યા છે. તેમાં કુલ દેવામાંથી ૮૬.૩૭ % દેવું તો રોકડમાં જ છે. બાકીનું ૧૩.૬૩ % દેવું વસ્તુના સ્વરૂપમાં જોવા મળે છે. સરેરાશ દેવાદાર કુટુંબદીઠ દેવું સૌથી વધુ ધોડિયા જાતિમાં ૨૪૫૯ રૂપિયા જોવા મળે છે. વારલી જાતિમાં ૧૨૯૧ રૂપિયા, કોકણા જાતિમાં ૧૦૦૭ રૂપિયા, ઢોર કોળી જાતિમાં ૯૭૮ રૂપિયા, કાથોડી જાતિમાં ૩૫૦ રૂપિયા અને દૂબળા જાતિમાં સૌથી ઓછું ૩૦૨ રૂપિયા દેવાદાર કુટુંબદીઠ દેવું જોવા મળ્યું છે. આગળ આપણે જોયું કે ધોડિયા જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ સારી છે. જ્યારે કાથોડી અને દૂબળા જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. છતાં અહીં ધોડિયા જાતિમાં દેવાદાર કુટુંબ દીઠ દેવું વધારેમાં વધારે અને કાથોડી તેમજ દૂબળા જાતિમાં દેવાદાર કુટુંબદીઠ દેવું ઘણું ઓછું જોવા મળે છે. તેનો અર્થ એ થયો કે જેની પરિસ્થિતિ સારી હોય તેમને જ લોકો પૈસા વધુ ધીરે છે અને જેમની પરિસ્થિતિ ખરાબ હોય તેમને લોકો પૈસા ધીરતા નથી. ( દા.ત. કાથોડી અને દૂબળા ) કુલ દેવાદાર કુટુંબોના દેવામાંથી ૧૧.૭૬ % દેવું શાહુકાર-વેપારીનું, ૪૪.૯૯ % દેવું સરકારશ્રીનું ૪.૭૮ % દેવું સહકારી મંડળીઓનું , ૨૧.૨૨ % દેવું બેંકનું, ૧૫.૬૫ % દેવું સગાસંબંધીઓનું અને ૧.૬૦ % દેવું ખાનગી જોવા મળ્યુ છે. અહીં વધુમાં વધુ દેવું સરકારશ્રીનું અને બીજા નંબરે બેંકનું છે તેનો અર્થ એ થયો કે સરકારી લાભ ખૂબ જ મળતા હોવા જોઇએ. અથવા અમુક જાતિઓએ આવા લાભ વધુ લીધા હોવા જોઇએ.છતાં જે વધુમાં વધુ પછાત આદિમ જાતિ છે તેને યોગ્ય રીતે ન્યાય મળવો જોઇએ.

દેવું કરવાના હેતુઓ :

ઉપર દર્શાવેલ દેવું કરવા પાછળ કેટલાક હેતુઓ છે. જેમાં મુખ્ય

ચાર હેતુઓ છે. ૧. આર્થિક- ઘરખર્ચ ૨. સામાજિક ખર્ચ ૩. મિલ્કત ખરીદવા અને ૪. ખેત ઉપયોગ કોઠા-૪.૧૭ માં જોતાં જણાશે જે કુલ દેવાની રકમમાંથી ૪૮.૪૪ % દેવું ખેત-ઉપયોગ માટે, ૧૭.૭૫ % નવી મિલ્કત ખરીદવા માટે, ૧૯.૮૮ % સામાજિક ખર્ચને પહોંચી વળવા, ૧૦.૪૮ ટકા આર્થિક તેમજ ઘરખર્ચ માટે અને ૩.૪૫ % દેવું અન્યમાં થયું છે. અહીં મોટાભાગનું દેવું ખેત ઉપયોગ માટે જોવા મળ્યુ છે એટલે કે સરકારશ્રી મારફત ખેત ઉપયોગની યોજનાઓ સારી ચાલતી હોવી જોઇએ. ઘણીવાર આર્થિક સ્થિતિને કારણે ઘરખર્ચ માટે કેટલાક લોકોને ધિરાણ નહિ મળતાં વર્ષના કેટલાક દિવસોમાં ભૂખે સૂવું પડે છે. પોતાનાથી થતા બધા પ્રયત્નો કરી ચૂકે છે અને જંગલમાંથી કંદમૂળ કે ઝાડના પાન વગેરે બાફીને કેટલાક દિવસો ચલાવી લે છે. જામીનગીરી નહિ હોવાથી કોઇ પૈસા પણ ધીરતું નથી જેને લીધે વર્ષમાં કેટલાક દિવસ ભૂખે કાઢવા પડે છે. કુલ દેવાદાર કુટુંબોમાં દેવું કર્યાનો સમય પણ પૂછવામાં આવે તો તેમાં કેટલાકે જવાબ આપ્યા નથી પણ કુલ ૪૮૬ જવાબમાંથી ૧૧૨ ના જવાબમાં ૧ વર્ષમાં દેવું કર્યું છે. જ્યારે ૩૩૪ ના જવાબમાં ૨ થી ૫ વર્ષમાં દેવું કર્યું છે, ૨૬ ના જવાબમાં ૫ થી ૧૦ વર્ષમાં દેવું કર્યું છે. અને ૧૪ ના જવાબમાં ૧૦ વર્ષ ઉપરથી દેવું કર્યું છે.

દેવાદાર કુટુંબોમાંથી કેટલાકે વ્યાજનો દર બતાવ્યો છે જ્યારે કેટલાકે બતાવ્યો નથી કુલ ૩૪૧ માંથી ૧૦૮ જવાબ ૫ થી ૧૦ % વ્યાજ, ૮૮ જવાબ ૧૦ થી ૧૫ % વ્યાજ, ૧૨૩ જવાબ ૧૫ થી ૨૫ % વ્યાજ અને ૨૨ જવાબ ૨૫ % થી પણ વધુ વ્યાજે દેવું કર્યું છે. કોઠા ૪.૧૮ માં આંકડા જોતાં જણાશે અને દેવું ભરપાઇ ન થવાના કારણોના આંકડા પણ જોવા મળશે. કુલ ૬૨૧ કારણોમાંથી ૪૧.૫૫ % કારણ ખેતીની આવક ઓછી હોવાથી, ૧૬.૧૦ % કારણ ખેતમજૂરી ઓછી મળવાથી, ૭.૮૯ % કારણ વ્યાજ ભરાતું હોય, ૧૯.૬૫ % કારણ હપ્તો ભરાતો હોય અને ૧૪.૪૧ % કારણ અન્ય કોઇ ગરજ હોઇ દેવું ભરપાઇ થતું નથી.

આ જે દેવુ છે તે પરત કઇ રીતે સહેલાઇથી કરવાના તેના જવાબમાં કુલ જવાબમાંથી ૫૯.૬૮ % જવાબ ખેતીમાંથી, ૨૩.૪૨ % જવાબ મજૂરીમાંથી

૫.૪૧ % જવાબ ધંધામાંથી અને ૧૧.૪૯ % જવાબ અન્યમાંથી જે દેવું છે તેની લોન પરત કરવા માગે છે. અને આ જે દેવુ છે તેના માટે અપાયેલી જામીનગીરી માં ૮૭.૦૭ % જામીનગીરી જમીન પર, ૧.૦૨ % મકાન પર અને ૧૧.૯૧ % જામીનગીરી અન્ય વસ્તુ પર આપી છે. કોઠા ૪.૧૯ માં આ આંકડાઓ બતાવ્યા છે. જેમાંથી જાતિવાર અને પટેલાનવાર પણ જોઇ શકાશે. કુલ ૭ કુટુંબોમાં એ પણ જોવા મળ્યું છે કે દેવું લેતી વખતે ૮૦૦ રૂપિયા પહેલેથી કાપી લેવામાં આવ્યા હતા. અને તે ૫ ~~xxx~~ ધોડિયા કુટુંબમાંથી અને ૨ કોકણા કુટુંબમાં જ જોવા મળે છે.

કોઠો : ૪.૧૬ દેવા અંગે વર્ગીકરણ

| ક્રમ | જાતિનું નામ | દેવું છે ? | | શાહુકાર/વેપારી | | સરકાર | | સહકારી મંડળી | | બેંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | રોકડમાં | વસ્તુમાં | રોકડ | વસ્તુમાં | રોકડમાં | વસ્તુમાં | રોકડ |
| ૧ | ધોડિયા | ૯૮ | ૮૮ | ૨૪૬૦૦ | ૬૧૦૦ | ૫૨૭૫૦ | ૨૩૯૬૦ | ૭૧૦ | ૧૬૮૯૦ | ૫૨૫૦૦ |
| ૨ | દૂબળા | ૯ | ૫ | ૧૨૧૮ | ૫૦૦ | ૧૦૦ | ૫૦૦ | - | ૪૦૦ | - |
| ૩ | કાથોડી | ૨ | - | - | - | - | - | - | - | - |
| ૪ | કોકણા | ૧૦૮ | ૧૨૮ | ૧૪૪૧૬ | ૧૫૦૦ | ૧૦૫૧૭૪ | ૨૩૩૦૦ | ૬૭૬૬ | ૧૦૦ | ૩૮૩૨૨ |
| ૫ | ઢોર ડોબી | ૪ | ૪ | ૨૨૨૦ | - | - | ૧૫૦૦ | ૧૯૪ | - | - |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૨૬૮ | ૪૨૦ | ૩૯૩૮૮ | ૪૫૭૦ | ૧૨૯૧૯૦ | ૨૫૧૯૧ | ૮૯૧૫ | ૪૪૨૫ | ૭૯૮૦૦ |
| | કુલ | ૪૮૯ | ૬૪૫ | ૮૧૮૪૨ | ૧૨૬૭૦ | ૨૮૭૨૧૪ | ૭૪૪૫૧ | ૧૬૫૮૫ | ૨૧૮૧૫ | ૧૭૦૬૨૨ |
| | | | | ૯૪૫૧૨ | | ૩૬૧૬૬૫ | | ૩૮૪૦૦ | | ૧૭૦૬૨૨ |
| | | ૪૩.૧૨ | ૫૬.૮૮ | ૧૧.૭૬ | | ૪૪.૯૯ | | ૪.૭૮ | | ૨૧.૨૨ |

કોઠો : ૪.૧૬.. ચાલુ..

| ક્રમ | જાતિનું નામ | સગાસંબંધીઓ રોકડ | સગાસંબંધીઓ વસ્તુમાં | ખાનગી રોકડ | કુલ દેવું રોકડ | કુલ દેવું વસ્તુમાં | કુલ દેવું | દેવાદાર કુટુંબ દીઠ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધોડિયા | ૫૬૫૦૦ | ૧૨૦ | ૬૯૦૦ | ૧૯૩૯૬૦ | ૪૭૦૭૦ | ૨૪૧૦૩૦ | ૨૪૫૯ |
| ૨ | દૂબળા | - | - | - | ૧૩૧૮ | ૧૪૦૦ | ૨૭૧૮ | ૩૦૨ |
| ૩ | કાથોડી | - | - | ૭૦૦ | ૭૦૦ | - | ૭૦૦ | ૩૫૦ |
| ૪ | કોંકણા | ૧૯૪૮૦ | - | ૪૦૦ | ૧૮૪૫૫૮ | ૨૪૯૦૦ | ૨૦૯૪૫૮ | ૧૦૦૭ |
| ૫. | ઢોર કોળી | - | - | - | ૨૪૧૪ | ૧૫૦૦ | ૩૯૧૪ | ૯૭૮ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૪૯૨૧૦ | ૫૦૦ | ૪૯૧૦ | ૩૧૧૪૧૩ | ૩૪૬૮૬ | ૩૪૬૦૯૯ | ૧૨૯૧ |
| | કુલ | ૧૨૫૧૯૦ | ૬૨૦ | ૧૨૯૧૦ | ૬૯૪૩૬૩ | ૧૦૯૫૫૬ | ૮૦૩૯૧૯ | ૧૬૪૪ |
| | | ૧૨૫૮૧૦ | | ૧૨૯૧૦ | ૮૦૩૯૧૯ | | | |
| | | ૧૫.૬૫ | | ૧.૬૦ | ૧૦૦.૦૦ | | | |

કોઠો : ૪.૩૬ દેવા ના વધારો

| | | દેવું છે ? | | શાહુકાર/વેપારી | | સરકાર | | સહકારી મંડળી | | બેંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | રોકડમાં | વસ્તુમાં | રોકડ | વસ્તુમાં | રોકડ | વસ્તુમાં | રોકડ |
| ૧ | દાદરા | ૧૮ | ૧૪ | ૯૦૦ | - | ૧૫૦૦ | ૧૨૦૦ | - | ૨૧૦૦ | ૩૮૦૦ |
| ૨ | સેલવાસ-૧ | ૪૨ | ૪૫ | ૫૦૦૦ | ૭૦૦૦ | ૧૦૦૦૦ | ૮૦૦૦ | ૨૦૦૦ | ૧૪૦૦૦ | ૧૪૫૦૦ |
| ૩ | સેલવાસ-૨ | ૩૨ | ૯૯ | ૪૦૦ | - | ૨૮૫૫૫ | ૨૬૦૦ | - | ૧૦૦૦ | ૯૯૦૦ |
| ૪ | નરોલી | ૪૪ | ૫૪ | ૯૫૫૦ | - | ૯૬૫૦ | ૧૮૭૫૦ | - | ૨૦૯૦ | ૮૦૦ |
| ૫ | રાંધા | ૪૭ | ૨૩ | ૧૧૦૭૦ | - | ૨૬૪૫૪ | ૨૦૦૦ | ૬૩૦ | - | ૩૨૫૦૦ |
| ૬ | કેલવણી | ૨૮ | ૧૦૨ | ૪૭૦૦ | - | ૨૯૦૬૦ | ૬૭૦૦ | ૨૪૦૦ | [illegible] | ૯૩૫૦ |
| ૭ | દપાડા | ૧૨૪ | ૨૦ | ૩૮૧૧૩. | - | ૧૪૩૪૧૪ | - | ૨૨૧૫ | - | ૨૯૧૩૦ |
| ૮ | આંબોલી | ૬૩ | ૯૪ | ૭૩૦૯ | ૫૧૦૦ | ૩૧૦૧૬ | ૨૩૧૩૫ | ૪૯૦૦ | - | ૫૦૨૮૧ |
| ૯ | ખાનવેલ | ૪૪ | ૭૫ | ૧૩૦૦ | - | ૫૯૬૫ | ૭૩૬૬ | ૨૪૪૦ | - | ૧૩૧૧૧ |
| ૧૦ | દૂધની | ૩૦ | ૪૦ | ૩૫૦૦ | ૫૭૦ | - | ૪૭૦૦ | ૨૦૦૦ | - | ૬૦૦૦ |
| ૧૧ | માંદોની | ૧૭ | ૭૯ | - | - | ૧૫૦૦ | - | - | ૧૦૦ | ૧૨૫૦ |
| | કુલ | ૪૮૯ | ૬૪૫ | ૮૧૮૪૨ | ૧૨૬૭૦ | ૨૮૭૨૧૪ | ૭૪૪૫૧ | ૧૬૫૮૫ | ૨૧૮૧૫ | ૧૭૦૬૨૨ |

કોઠો : ૪.૧૬.. ચાલુ..

| | પટેલાતનું નામ | સગા-વહાલાં રોકડ | સગા-વહાલાં વસ્તુઓ | ખાનગી રોકડ | કુલ દેવું રોકડમાં | કુલ દેવું વસ્તુમાં |
|---|---|---|---|---|---|---|
| ૧ | દાદરા | ૫૦૦૦ | - | - | ૧૧૨૦૦ | ૩૩૦૦ |
| ૨ | સેલવાસ-૧ | ૧૫૦૦ | ૧૨૦ | ૨૨૦૦ | ૩૫૨૦૦ | ૨૯૧૨૦ |
| ૩ | સેલવાસ-૨ | ૩૦૦ | - | ૨૦૦૦ | ૪૧૨૫૫ | ૩૬૦૦ |
| ૪ | નરોલી | ૭૫૦૦ | - | ૩૮૦૦ | ૩૧૩૦૦ | ૨૦૮૪૦ |
| ૫ | રાંધા | ૬૩૫૦ | - | ૧૦૦ | ૭૭૧૦૪ | ૨૦૦૦ |
| ૬ | કુલવણી | - | - | - | ૪૫૫૧૦ | ૯૨૨૫ |
| ૭ | દપાડા | ૭૬૧૮૦ | - | ૨૨૦૦ | ૨૯૧૨૫૨ | - |
| ૮ | આંબોલી | ૧૪૯૫૦ | - | ૨૦૦ | ૧૦૮૬૫૬ | ૨૮૨૩૫ |
| ૯ | ખાનવેલ | ૬૮૦૦ | - | ૨૦૫૦ | ૩૧૬૬૬ | ૭૩૬૬ |
| ૧૦ | દૂધની | ૬૫૮૦ | ૫૦૦ | ૩૦૦ | ૧૮૩૮૦ | ૫૭૭૦ |
| ૧૧ | માંદોની | ૩૦ | - | ૬૦ | ૨૮૪૦ | ૧૦૦ |
| | કુલ | ૧૨૫૧૯૦ | ૬૨૦ | ૧૨૯૧૦ | ૬૯૪૩૬૩ | ૧૦૯૫૫૬ |

## કોઠો : ૪.૧૭ દેવું કરવાનો હેતુ દર્શાવતો કોઠો

| | પટેલાનનું નામ | દેવું કર્યાનો સમય ? | | | | દેવું કરવાનો હેતુ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ વર્ષમાં | ૨ થી ૫ વર્ષમાં | ૫ થી ૧૦ વર્ષમાં | ૧૦ વર્ષ ઉપર | આર્થિક ઘરખર્ચ | સામાજીક | મિલ્કત ખરીદવા | ખેત-ઉપયોગ | અન્ય | કુલ |
| ૧ | દાદરા | ૫ | ૧૨ | ૧ | - | ૨૦૦૦ | ૫૦૦૦ | - | ૭૩૦૦ | ૨૦૦ | - |
| ૨ | સેલવાસ-૧ | ૨૩ | ૨૦ | ૩ | - | ૧૦૦૦૦ | ૧૦૩૨૦ | ૪૦૦૦ | ૩૮૦૦૦ | ૨૦૦૦ | - |
| ૩ | સેલવાસ-૨ | ૧૫ | ૧૯ | - | - | ૨૪૦૦ | ૩૦૦ | ૧૦૦૦ | ૩૩૩૫૫ | ૭૮૦૦ | - |
| ૪ | નરોલી | ૧૯ | ૨૪ | - | - | ૨૫૫૦ | ૧૧૩૦૦ | ૧૦૦૦ | ૩૦૨૯૦ | ૭૦૦૦ | - |
| ૫ | રાંધા | ૨ | ૩૮ | ૭ | - | ૬૩૫૦ | ૧૧૦૮૦ | ૨૫૬૮૪ | ૩૫૦૦૦ | ૧૦૦૦ | - |
| ૬ | ડેલવણી | ૨ | ૨૫ | ૧ | - | ૭૦૦૦ | ૬૭૭૫ | ૧૫૦૦૦ | ૨૦૦૦૦ | ૩૦૦૦ | - |
| ૭ | દપાડા | ૨ | ૧૦૯ | ૪ | ૯ | ૩૮૧૧૩ | ૭૬૧૮૦ | ૩૧૩૧૪ | ૧૪૩૪૧૪ | ૨૨૩૧ | |
| ૮ | ખંબોલી | ૧૦ | ૪૮ | ૫ | - | ૭૫૦૯ | ૧૯૦૦૦ | ૫૫૧૮૧ | ૫૪૧૫૧ | ૧૦૫૦ | - |
| ૯ | ખાનવેલ | ૨૧ | ૨૦ | ૩ | - | ૩૩૦૦ | ૬૨૯૦ | ૬૩૩૧ | ૧૭૦૦૦ | ૩૧૧૧ | - |
| ૧૦ | દૂધની | ૮ | ૧૦ | ૧ | ૩ | ૪૦૦૦ | ૭૧૫૦ | ૨૯૦૦ | ૧૦૦૦૦ | ૩૦૦ | - |
| ૧૧ | માંદોની | ૫ | ૯ | ૧ | ૨ | ૧૦૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૬૦૦ | ૪૦ | - |
| | કુલ | ૧૧૨ | ૩૩૪ | ૨૫ | ૧૪ ૪૮૬ | ૮૪૨૨૨ | ૧૫૯૮૪૫ | ૧૪૨૭૧૦ | ૩૮૯૪૧૦ | ૨૭૦૩૨ | ૮૦૩૯૧૯ |
| | ટકા | | | | | ૧૦.૪૮ | ૧૯.૮૮ | ૧૭.૭૫ | ૪૮.૪૪ | ૩.૪૫ | ૧૦૦.૦૦ |

## કોઠો : ૪.૧૮ વ્યાજનો દર, દેવું ભરપાઇ ન થવાનું કારણ

| ક્રમ | જાતિનું નામ | પથી ૧૦ ટકા | વ્યાજનો દર ૧૦થી ૧૫ ટકા | ૧૫થી ૨૫ ટકા | ૨૫ટકા થી ઉપર | ખેતી આવક ઓછી | ખેત મજૂરી ઓછી | દેવું ભરપાઇ ન થવાનું કારણ વ્યાજ ભરાતુ હોય | હપ્તો ભરાતો હોય | અન્ય કોઇ શરત હોય | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધોડિયા | ૨૫ | ૭ | ૧૨ | ૧ | ૬૮ | ૧૪ | ૪ | ૨૪ | ૧૩ | |
| ૨ | દૂબળા | - | ૨ | ૧ | - | ૪ | ૨ | ૨ | ૧ | ૧ | |
| ૩ | કાથોડી | - | - | - | - | - | - | - | - | - | |
| ૪ | કોકણા | ૩૧ | ૨૨ | ૨૮ | ૧૫ | ૪૬ | ૩૭ | ૨૨ | ૩૭ | ૨૨ | |
| ૫ | ઢોર કોળી | ૧ | ૧ | ૨ | - | ૧ | ૨ | ૧ | ૩ | ૨ | |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | |
| ૭ | વારલી | ૫૧ | ૫૬ | ૯૦ | ૬ | ૧૩૯ | ૪૫ | ૨૦ | ૫૭ | ૫૪ | |
| | કુલ | ૧૦૮ | ૮૮ | ૧૨૩ | ૨૨ | ૨૫૮ | ૧૦૦ | ૪૯ | ૧૨૨ | ૯૨ | |
| | | | | | | ૪૧.૫૫ | ૧૬.૧૦ | ૭.૮૯ | ૧૯.૬૫ | ૧૪.૮૧ | ૧૦૦.૦૦ |

### કોઠો : ૪.૧૮ વ્યાજનોદર, દેવું ભરપાઇ ન થવાનું કારણ

| | પટેલાતનું નામ | વ્યાજનો દર | | | | દેવું ભરપાઇ ન થવાનું કારણ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫થી ૧૦ ટકા | ૧૦થી ૧૫ ટકા | ૧૫થી ૨૫ ટકા | ૨૫ ટકા થી ઉપર | ખેતીની આવક ઓછી | ખેત મજૂરી ઓછી | વ્યાજ ભરાતું હોય | હપ્તો ભરાતો હોય | અન્ય કોઇ કારણ હોય |
| ૧ | દાદરા | ૧ | - | ૧ | - | ૧૫ | - | ૧ | - | ૨ |
| ૨ | સેલવાસ-૧ | ૧૧ | ૧ | ૩ | ૧ | ૨૯ | ૧ | ૧ | - | ૧૦ |
| ૩ | સેલવાસ-૨ | ૨ | ૪ | ૨ | - | ૨૨ | - | ૩ | ૧૦ | ૨ |
| ૪ | નરોલી | ૮ | ૬ | ૧ | - | ૨૧ | ૩ | ૨ | ૨૧ | ૨ |
| ૫ | રાંધા | - | ૧ | ૪૩ | - | - | ૩૯ | ૩૧ | ૨૭ | ૩૬ |
| ૬ | કેલવણી | ૫ | ૧૨ | ૧ | - | ૧૧ | ૫ | - | ૬ | - |
| ૭ | દપાડા | ૪૦ | ૪૧ | ૩૭ | ૯ | ૭૯ | ૧૨ | - | ૫૩ | ૧૯ |
| ૮ | આંબોલી | ૧૫ | ૭ | ૨૯ | ૧૨ | ૩૪ | ૧૪ | ૯ | ૪ | ૩ |
| ૯ | ખાનવેલ | ૧૨ | ૯ | ૫ | - | ૨૬ | ૧૫ | ૧ | - | ૧૧ |
| ૧૦ | દૂધની | ૧૨ | ૬ | ૧ | - | ૬ | ૫ | - | - | ૭ |
| ૧૧ | માંદોની | ૨ | ૧ | - | - | ૯ | ૬ | ૧ | ૧ | - |
| | કુલ | ૧૦૮ | ૮૮ | ૧૨૩ | ૨૨ | ૨૫૮ | ૧૦૦ | ૪૯ | ૧૨૨ | ૯૨ |

કોઠો : ૪.૧૯ લોન અંગે

| ક્રમ | જાતિનું નામ | લોન પરત કઇ રીતે કરવાના ? ખેતી માંથી | મજુરી માંથી | ધંધા માંથી | અન્ય કોઇ | ખપાયેલી જામીનગીરી જમીન | મકાન | અન્ય | હેવું લેતી વખતે કેટલા રૂ. કાપી લેવામાં આવ્યા છે ? હા | ના | હા તો કેટલા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધોડિયા | ૭૪ | ૨૩ | ૧૧ | ૭ | ૬૯ | ૧ | ૬ | ૫ | ૧૮૧ | ૫૫૦ |
| ૨ | દૂબળા | ૪ | ૪ | - | - | ૪ | - | ૨ | - | ૧૪ | - |
| ૩ | કાથોડી | - | - | - | - | - | - | - | - | - | - |
| ૪ | કોકણા | ૫૧ | ૩૧ | ૬ | ૨૦ | ૫૯ | - | ૯ | ૨ | ૨૩૪ | ૨૫૦ |
| ૫ | ઢોર કોળી | ૨ | ૨ | - | ૧ | ૧ | - | - | - | ૮ | - |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૧૩૪ | ૪૪ | ૭ | ૨૩ | ૧૨૩ | ૨ | ૧૮ | - | ૬૮૮ | - |
| | કુલ ૪૪૪ | ૨૬૫ | ૧૦૪ | ૨૪ | ૫૧ | ૨૫૬ | ૩ | ૩૫ | ૭ | ૧૧૨૭ | ૮૦૦ |
| | ટકા | ૫૯.૬૮ | ૨૩.૪૨ | ૫.૪૧ | ૧૧.૪૯ | ૮૭.૭૭ | ૧.૦૨ | ૧૧.૯૧ | | | |

## કોઠો : ૪.૧૯ લોન અંગે

| ક્રમ | પટેલાનનું નામ | લોન પરત કઇ રીતે શેમાંથી કરવાના? ખેતી માંથી | મજૂરી માંથી | ધંધા માંથી | અન્ય | સમાયેલી જામીનગીરી જમીન | મકાન | અન્ય | દેવું લેતી વખતે કેટલા રૂપિયા કાપી લેવામાં આવ્યા હતા. હા | ના | 'હા'નો કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઢોલરા | ૧૪ | ૪ | ૧ | ૧ | ૧૫ | - | - | - | ૧૮ | - |
| ૨ | સેલવાસ-૧ | ૩૦ | ૧૬ | ૩ | ૧૦ | ૨૮ | ૧ | ૨ | - | ૪૨ | - |
| ૩ | સેલવાસ-૨ | ૩૦ | ૪ | ૨ | - | ૩૦ | - | ૧ | - | ૩૩ | - |
| ૪ | નરોલી | ૩૮ | ૭ | - | - | ૨૯ | - | ૪ | ૪ | ૪૧ | ૫૫૦ |
| ૫ | રાંધા | ૧૦ | ૩૭ | - | - | ૨૫ | - | - | - | - | - |
| ૬ | કેલવણી | ૧૯ | ૩ | ૫ | [illegible] ૩૮ | [illegible] 23 | - | XX | - | [illegible] | - |
| ૭ | દપાડા | ૩૯ | - | - | - | ૪૯ | - | - | - | ૧૨૪ | - |
| ૮ | આંબોલી | ૨૫ | ૯ | ૭ | - | ૭ | - | ૨ | - | ૬૩ | - |
| ૯ | ખાનવેલ | ૩૩ | ૧૬ | ૪ | - | ૩૧ | ૨ | ૧૩ | ૩ | ૪૧ | ૨૫૦ |
| ૧૦ | દૂધની | ૧૩ | ૫ | ૨ | ૧ | ૭ | - | ૧૩ | - | ૨૦ | - |
| ૧૧ | માંદોની | ૧૪ | ૩ | - | - | ૧૨ | - | - | - | - | - |
| | કુલ | ૨૬૫ | ૧૦૪ | ૨૪ | ૫૧ | ૨૫૬ | ૩ | ૩૫ | ૭ | ૪૧૦ | ૮૦૦ |

## તારણો :

:૧: તપાસમાં લીધેલ કુટુંબોનો મોટો વર્ગ ખેતી ઉપર આધારિત છે. છતાં ગૌણ ધંધા તરીકે ખેત-મજૂરી, પશુપાલન, જંગલ મજૂરી, દારુ બનાવવો, તાડી ઉતારવી, છૂટક મજૂરી વગેરે અન્ય જોવા મળે છે. આમ મુખ્ય વ્યવસાય ખેતી હોવા છતાં એક પણ કુટુંબ એવું જોવા મળ્યું નથી જે ખેતી દ્વારા પોતાનું ભરણપોષણ કરતું હોય.

:૨: તપાસેલ કુટુંબોની સરેરાશ ખાતેદાર દીઠ ૨.૦૮ હેક્ટર જમીન છે. આ સંઘ પ્રદેશના ઉત્તર દિશાના ગુજરાત રાજ્ય સરહદ પરના પટેલાતોમાં સરેરાશ જમીન ઓછી છે. જ્યારે બાકીના અન્ય વિસ્તારમાં અને ખાસ મહારાષ્ટ્ર રાજ્યની સરહદ પરના પટેલાતોમાં સરેરાશ ખાતેદાર દીઠ જમીન વધારે જોવા મળે છે. જાતિવાર સૌથી વધુ સરેરાશ ખાતેદાર દીઠ જમીન કોકણા અને વારલી જાતિઓ પાસે છે. જ્યારે ઓછામાં ઓછું આ પ્રમાણ કાથોડી અને દુબળા જાતિઓમાં છે.

:૩: મોટેભાગે જમીન ફેરબદલી અંદરોઅંદર થતી હોય છે. છતાં સાહુકાર વેપારી ~~વ્યક્તિઓ~~ જેવાઓ પાસે પણ જમીન ચાલી ગઇ હોય તેવું બને છે. આથી જમીન ફેરબદલી ~~કેસો~~ રેકર્ડ પર જોવા મળતી નથી પણ ખાનગી દસ્તાવેજ પર લખાણ કરાતું હોય છે.

:૪: પશુધનમાં દૂધાળાઢોરમાં ભેંસનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે. ( ગુજરાન કરતાં પણ ) પણ ગાય, ઘેટાં, બકરાં ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળે છે. ધોડિયા લોકો પાસે બળદની પુરતી વ્યવસ્થા છે તેમ કહી શકાય.

:૫: તપાસેલ કુટુંબોની સરેરાશ કુટુંબદીઠ અસ્કયામત ૨૫,૧૫૩ રૂપિયા જોવા મળે છે. ધોડિયા, કોકણા અને વારલીમાં અસ્કયામત વધુ જોવા મળે છે જ્યારે સૌથી ઓછી અસ્કયામત કાથોડીમાં છે.

:૬: આદિવાસી સમાજની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાથી ઘરના મોટા ભાગના સભ્યોએ અને સ્ત્રીઓએ પણ કમાવવા માટે મજૂરી ( કામ ) કરવી પડે છે.

:૭: આ લોકો ખેતી અને ખેતમજૂરીમાંથી મોટા ભાગની આવક મેળવે છે. ઘોડિયા, કોકણા અને ઠોરડોળી જાતિઓના કુટુંબોની આર્થિક સ્થિતિ એકંદરે સારી ગણાય જ્યારે વારલી, દૂબળા અને કાથોડી જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી ગણાય.

:૮: વપરાશી ખર્ચમાં મોટા ભાગનો ખર્ચ ખાધા ખોરાકી પાછળ ચાલ્યો જાય છે. અને વધુ પડતો ખર્ચ દારૂ, તાડી વગેરે અન્યમાં થાય છે એ પણ એક જોવા જેવું છે કે શૈક્ષણિક ખર્ચ નહિવત્ જોવા મળે છે.

:૯: લગભગ અડધા કુટુંબો દેવાદાર છે તેનો અર્થ એ નહી કે તેઓ પૈસેટકે સુખી છે. પરંતુ તેમને પૈસાની જરૂર હોય તો પણ તેઓ એવી વસ્તુ ધરાવતા નથી કે જેના પર તેઓ ધિરાણ મેળવી શકે.

:૧૦: સૌથી વધુ દેવાદાર કુટુંબદીઠ દેવું ઘોડિયા, જાતિમાં જોવા મળે છે. જ્યારે આ પ્રમાણ સૌથી ઓછું કાથોડી જાતિમાં જોવા મળે છે અને બીજી જાતિઓમાં પણ વત્તાઓછા પ્રમાણમાં જોવા મળે છે. પણ જેમની પરિસ્થિતિ સારી હોય તેમને જ લોકો પૈસા ધીરે છે અને જેમની પરિસ્થિતિ ખરાબ છે તેમને લોકો પૈસા ધીરતા નથી.

:૧૧: વધુમાં વધુ દેવું સરકારશ્રીનું અને બીજા નંબરે લેણદારનું છે એનો અર્થ એ થયો કે સરકારી લાભ વધુ મળ્યા છે અને અમુક જાતિઓએ વધુ લીધા છે. (૧૨) અહીં મોટા ભાગનું દેવું ખેત-ઉપયોગી માટે જોવા મળે છે. તેમ જ નવી મિલ્કત ખરીદવા, સામાજિક ખર્ચને પહોંચી વળવા, આર્થિક તેમ જ ઘરખર્ચને માટે પણ જોવા મળ્યું છે.

# પ્રકરણ : ૫

## સામાજિક સંરચના

## પ્રકરણ : ૫

## સામાજિક સંરચના

પસંદ થયેલ કુલ ૧૧૩૪ કુટુંબોની સભ્ય સંખ્યા ૭૭૫૨ છે એટલે કે સરેરાશ કુટુંબ કદ ૬.૮ થાય. તેમાં પુરુષો ૩૯૮૬ અને સ્ત્રીઓ ૩૭૬૬ છે. વયજૂથ પ્રમાણે કોઠા ૫.૧ માં જોઇએ તો કુલ પુરુષોમાંથી ૧૬.૭૧ % પુરુષો ૬ વર્ષ સુધીના, ૧૯.૦૨ % પુરુષો ૭ થી ૧૪ વર્ષના, ૨૦.૪૭ % પુરુષો ૧૫ થી ૨૪ વર્ષના, ૧૯.૭૯ % પુરુષો ૨૫ થી ૩૫ વર્ષના ૨૧.૧૭ % પુરુષો ૩૬ થી ૬૦ વર્ષના અને ૩.૨૪ % પુરુષો ૬૦ વર્ષથી ઉપરના છે. સ્ત્રીઓમાં આ પ્રમાણ જોઇએ તો કુલ સ્ત્રીઓમાંથી ૧૬.૬૨ % સ્ત્રીઓ ૬ વર્ષ સુધીની, ૧૭.૯૨ % સ્ત્રીઓ ૭ થી ૧૪ વર્ષની, ૨૩.૩૧ % સ્ત્રીઓ ૧૫ થી ૨૪ વર્ષની, ૧૭.૫૦ % સ્ત્રીઓ ૨૫ થી ૩૫ વર્ષની, ૨૧.૧૬ % સ્ત્રીઓ ૩૬ થી ૬૦ વર્ષની અને ૩.૪૯ % સ્ત્રીઓ ૬૦ વર્ષથી ઉપરની છે. વૈવાહિક દરજ્જા પ્રમાણે જોઇએ તો કુલ પુરુષોમાંથી ૪૯.૨૨ % પુરુષો પરણિત છે જ્યારે ૪૮.૪૯ % પુરુષો અપરણિત છે અને ૧.૯૧ % વિધુર તેમ જ ૦.૩૮ % પુરુષો છૂટાછેડા વાળા છે. સ્ત્રીઓમાં આ પ્રમાણ કુલ સ્ત્રીઓમાંથી ૫૦.૯૬ % સ્ત્રીઓ પરણિત છે. જ્યારે ૪૪.૨૧ % સ્ત્રીઓ અપરણિત અને ૪.૪૧ % સ્ત્રીઓ વિધવા તેમજ ૦.૪૨ % સ્ત્રીઓ છૂટાછેડા લીધેલી છે. જાતિવાર અને પટેલાન પ્રમાણે કોઠા ૫.૨ માં બતાવ્યું છે.

## કોઠો : ૫.૧ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જાતિનું નામ | ૦-૬ | | ૭-૧૪ | | ૧૫-૨૪ | | ૨૫-૩૫ | | ૩૬-૬૦ | | ૬૦થી ઉપર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | ધોડિયા | ૯૦ | ૮૭ | ૧૪૨ | ૧૩૨ | ૧૮૦ | ૧૬૪ | ૧૩૪ | ૧૧૪ | ૧૬૪ | ૧૫૩ | ૨૦ | ૧૯ | ૭૩૦ | ૬૬૯ |
| ૨ | દૂબળા | ૭ | ૭ | ૭ | ૩ | ૧૧ | ૯ | ૧૦ | ૮ | ૧૧ | ૧૧ | ૧ | ૧ | ૪૭ | ૩૫ |
| ૩ | કાથોડી | - | - | ૨ | - | ૧ | - | - | - | ૧ | ૧ | ૨ | - | ૬ | ૧ |
| ૪ | કોકણા | ૧૨૪ | ૧૪૯ | ૧૬૭ | ૧૪૭ | ૧૫૪ | ૧૭૬ | ૧૭૦ | ૧૨૪ | ૧૫૩ | ૧૩૮ | ૨૪ | ૩૪ | ૭૯૨ | ૭૬૮ |
| ૫ | ઢોર કોળી | ૬ | ૫ | ૮ | ૧૦ | ૮ | ૭ | ૬ | ૫ | ૩ | ૪ | ૩ | ૧ | ૩૪ | ૩૨ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૪૩૯ | ૩૮૨ | ૪૩૨ | ૩૮૩ | ૪૬૨ | ૫૨૨ | ૪૫૩ | ૪૦૮ | ૫૧૨ | ૪૯૦ | ૭૯ | ૭૬ | ૨૩૭૭ | ૨૨૬૧ |
| | કુલ | ૬૬૬ | ૬૨૬ | ૭૫૮ | ૬૭૫ | ૮૧૬ | ૮૭૮ | ૭૭૩ | ૬૫૯ | ૮૪૪ | ૭૯૭ | ૧૨૯ | ૧૩૧ | ૩૯૮૬ | ૩૭૬૬ |

### ૫.૧ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| | | ૦થી ૬ વર્ષ | | ૭થી ૧૪ વર્ષ | | ૧૫થી ૨૪ વર્ષ | | ૨૫થી ૩૫ વર્ષ | | ૩૬થી ૬૦ વર્ષ | | ૬૦થી ઉપર વર્ષ | | કુલ સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | દાદરા | ૮ | ૧૫ | ૧૪ | ૧૩ | ૨૬ | ૩૧ | ૨૧ | ૧૩ | ૩૦ | ૨૭ | ૪ | ૪ | ૧૦૩ | ૧૦૩ |
| ૨ | સેલવાસ-૧ | ૪૮ | ૪૩ | ૫૨ | ૪૧ | ૮૭ | ૭૩ | ૫૯ | ૫૪ | ૭૮ | ૭૦ | ૮ | ૪ | ૩૩૨ | ૨૮૫ |
| ૩ | સેલવાસ-૨ | ૫૬ | ૪૬ | ૮૦ | ૭૭ | ૯૪ | ૮૮ | ૭૬ | ૭૯ | ૧૦૯ | ૯૫ | ૯ | ૭ | ૪૨૪ | ૩૯૧ |
| ૪ | નરોલી | ૫૭ | ૪૦ | ૭૬ | ૬૯ | ૭૫ | ૮૪ | ૬૧ | ૫૫ | ૮૨ | ૮૨ | ૫ | ૬ | ૩૫૬ | ૩૩૬ |
| ૫ | રાંધા | ૨૬ | ૩૮ | ૪૬ | ૩૯ | ૬૧ | ૫૧ | ૩૯ | ૩૫ | ૫૨ | ૪૧ | ૮ | ૪ | ૨૩૨ | ૨૦૬ |
| ૬ | ડેલવલી | ૮૫ | ૮૭ | ૭૩ | ૭૬ | ૧૦૫ | ૧૦૯ | ૬૫ | ૫૭ | ૯૦ | ૭૯ | ૧૧ | ૧૩ | ૪૨૯ | ૪૨૧ |
| ૭ | દપાડા | ૯૫ | ૧૦૧ | ૯૮ | ૯૯ | ૮૦ | ૧૦૨ | ૧૪૬ | ૧૩૫ | ૧૦૬ | ૧૧૪ | ૨૨ | ૧૯ | ૫૪૭ | ૫૭૦ |
| ૮ | આંબોલી | ૯૫ | ૯૫ | ૧૩૪ | ૧૦૦ | ૮૮ | ૧૨૬ | ૧૩૧ | ૮૭ | ૧૦૩ | ૯૬ | ૧૮ | ૩૫ | ૫૬૯ | ૫૩૯ |
| ૯ | ખાનવેલ | ૯૯ | ૭૩ | ૬૮ | ૬૧ | ૯૩ | ૧૦૦ | ૭૦ | ૪૮ | ૮૩ | ૮૬ | ૧૯ | ૧૫ | ૪૩૨ | ૪૮૩ |
| ૧૦ | દૂધની | ૩૦ | ૩૨ | ૪૮ | ૩૭ | ૪૪ | ૪૯ | ૪૩ | ૩૮ | ૪૬ | ૪૧ | ૧૬ | ૧૭ | ૨૨૭ | ૨૧૪ |
| ૧૧ | માંદોની | ૬૭ | ૫૬ | ૬૯ | ૬૩ | ૬૩ | ૬૫ | ૬૨ | ૫૯ | ૬૫ | ૬૬ | ૯ | ૭ | ૩૩૫ | ૩૧૬ |
| | કુલ | ૬૬૬ | ૬૨૬ | ૭૫૮ | ૬૭૫ | ૮૧૬ | ૮૭૮ | ૭૭૩ | ૬૫૯ | ૮૪૪ | ૭૯૭ | ૧૨૯ | ૧૩૧ | ૩૯૮૬ | ૩૭૬૬ |
| | ટકા | ૧૬.૭૧ | ૧૬.૬૨ | ૧૯.૦૨ | ૧૭.૯૨ | ૨૦.૪૭ | ૨૩.૩૧ | ૧૯.૩૯ | ૧૭.૫૦ | ૨૧.૧૭ | ૨૧.૧૬ | ૩.૨૪ | ૩.૪૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠો : ૫.૨ વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જાતિનું નામ | પરણિત | | અપરણિત | | વિધુર | વિધવા | છૂટાછેડા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | ઘોડિયા | ૩૬૮ | ૩૫૩ | ૩૪૨ | ૨૮૪ | ૧૭ | ૩૦ | ૩ | ૨ | ૭૩૦ | ૬૬૯ |
| ૨ | દૂબળા | ૨૩ | ૨૨ | ૨૨ | ૧૦ | ૨ | ૨ | - | ૧ | ૪૭ | ૩૫ |
| ૩ | ડાથોડી | ૩ | - | ૨ | ૧ | ૧ | - | - | - | ૬ | ૧ |
| ૪ | ડોડિયા | ૩૮૫ | ૩૯૬ | ૩૮૮ | ૩૫૩ | ૧૩ | ૩૫ | ૬ | ૧ | ૭૯૨ | ૭૬૮ |
| ૫ | ઢોર કોળી | ૧૪ | ૧૩ | ૧૦ | ૧૮ | ૧ | ૧ | - | - | ૩૪ | ૩૨ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૧૧૬૯ | ૧૧૫૨ | ૧૧૬૦ | ૯૯૯ | ૪૨ | ૯૮ | ૬ | ૧૨ | ૨૩૭૭ | ૨૨૬૧ |
| | કુલ | ૧૯૬૨ | ૧૯૧૯ | ૧૯૩૩ | ૧૬૬૫ | ૭૬ | ૧૬૬ | ૧૫ | ૧૬ | ૩૯૮૬ | ૩૭૬૬ |

## કોઠો : ૫.૨ વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ

| | પટેલાનું નામ | પરણિત પુ | પરણિત સ્ત્રી | અપરણિત પુ | અપરણિત સ્ત્રી | વિધુર | વિધવા | છુટાછેડા પુ | છુટાછેડા સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદરા | ૬૧ | ૫૯ | ૩૭ | ૩૯ | ૫ | ૫ | - | - | ૧૦૩ | ૧૦૩ |
| ૨ | સૈલવાસ-૧ | ૧૬૫ | ૧૪૧ | ૧૫૮ | ૧૨૩ | ૯ | ૧૯ | - | ૨ | ૩૩૨ | ૨૮૫ |
| ૩ | સેલવાસ-૨ | ૨૧૧ | ૨૦૯ | ૨૦૦ | ૧૫૧ | ૭ | ૨૪ | ૬ | ૭ | ૪૨૪ | ૩૯૧ |
| ૪ | નરોલી | ૧૭૫ | ૧૭૫ | ૧૭૩ | ૧૪૮ | ૮ | ૮ | - | ૫ | ૩૫૬ | ૩૩૬ |
| ૫ | રાન્ધા | ૧૨૪ | ૧૧૪ | ૧૦૨ | ૮૫ | ૫ | ૯ | ૧ | - | ૨૩૨ | ૨૦૮ |
| ૬ | કેલવણી | ૨૨૫ | ૨૨૧ | ૧૯૬ | ૧૭૮ | ૮ | ૨૧ | - | ૧ | ૪૨૯ | ૪૨૧ |
| ૭ | દપાડા | ૨૬૭ | ૨૮૧ | ૨૬૮ | ૨૬૬ | ૭ | ૨૩ | ૫ | - | ૫૪૭ | ૫૭૦ |
| ૮ | અંબોલી | ૨૫૪ | ૨૫૪ | ૩૦૦ | ૨૫૭ | ૧૨ | ૨૭ | ૩ | ૧ | ૫૬૯ | ૫૩૯ |
| ૯ | ખાનવેલ | ૨૦૬ | ૧૭૯ | ૨૧૯ | ૧૮૯ | ૭ | ૧૫ | - | - | ૪૩૨ | ૩૯૩ |
| ૧૦ | દૂધની | ૧૧૯ | ૧૧૯ | ૧૦૭ | ૯૦ | ૧ | ૫ | - | - | ૨૨૭ | ૨૧૪ |
| ૧૧ | માંદોની | ૧૫૫ | ૧૬૭ | ૧૭૩ | ૧૩૯ | ૭ | ૧૦ | - | - | ૩૩૫ | ૩૧૬ |
| | કુલ | ૧૯૬૨ | ૧૯૧૯ | ૧૯૩૩ | ૧૬૬૫ | ૭૬ | ૧૬૬ | ૧૫ | ૧૬ | ૩૯૮૬ | ૩૭૬૬ |
| | ટકા | ૪૯.૨૨ | ૫૦.૯૬ | ૪૮.૪૯ | ૪૪.૨૧ | ૧.૯૧ | ૪.૪૧ | ૦.૩૮ | ૦.૪૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આ વિવિધ જાતિઓમાં શારીરિક બંધારણમાં ખાસ કોઇ મોટો તફાવત જણાતો નથી તેમ છતાં કોકણા જાતિ વધુ મજબુત અને કસાયેલી જણાય છે. જ્યારે વારલી કદમાં મોટે ભાગે પાતળા હોય છે. પુરુષો રંગે શ્યામ અને કસાયેલા શરીરવાળા હોય છે. તેમ સ્ત્રીઓ પણ સ્નાયુબધ્ધ હોય છે. પુરુષોની જેમ સ્ત્રીઓ પણ સખત પરિશ્રમ કરવા ટેવાયેલી હોય છે. સ્ત્રીઓ પણ મોટેભાગે શ્યામ હોય છે. ધોડી લોકો અન્ય કરતાં વ્યવસ્થિત જણાય છે. તેમ છતાં શારિરિક બંધારણમાં ખાસ ફેરફાર જણાતો નથી. દૂબળા જાતિનાં લોકો શરીરે પાતળા પરંતુ અન્યની જેમ મહેનતથી ટેવાયેલા હોય છે. કાથોડી કોલધા ( ઢોર કોળી ) તેમજ નાયકા વિગેરે જાતિઓ.પણ ઉપર જણાવેલ પ્રમાણે સામ્ય ધરાવે છે.

## ખોરાક :

અહીંની આદિવાસી જાતિઓ ખોરાકમાં મુખ્યત્વે ભાત, નાગલી, જુવારના રોટલા અને મરઘીનાં ઇંડા , તેમજ માંસનો ઉપયોગ કરે છે ખાસ કરીને બકરાં, મરઘાં અને માછલીનો વધુ ઉપયોગ કરે છે. કઠોળમાં ચણા, તુવર, મઠદ, ચોળા તેમજ વાલ વિગેરેનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત આમાંના કેટલાક આદિવાસીઓ કેટલીક વનસ્પતિનો પણ ખાવામાં ઉપયોગ કરતા હોય છે. ' છોળ ' નામની વનસ્પતિના છોડને બાફીને તેમાં મસાલા નાખીને ખાવામાં વપરાય છે. અહીંની કોળી ઢોર જાતિ મરેલા ઢોરનું માંસ ખાય છે જ્યારે અન્ય આદિવાસી જાતિઓ તેનો ઉપયોગ કરતા નથી.

આ વિસ્તારના આદિવાસીઓ પીણામાં ચા, કોફી કે ઠંડા પીણાનો ઉપયોગ કરતા નથી પરંતુ તાડી, નિરો અને દારૂનો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ કરે છે. દૂધની વપરાશ આદિવાસીઓમાં નહિંવત્ છે. વ્યસનોમાં મોટેભાગે દારૂ, તાડી, નિરો અને બીડી વિગેરે જણાય છે. આ લોકો બીડીઓ પણ જાતે જ બનાવી લેતા હોય છે.

## પોશાક અને આભૂષણો :

આ આદિવાસીઓ કેટલીક જાતિઓમાં પહેરવેશમાં ફેરફાર જોવા મળે છે.

સામાન્ય રીતે વારલી, ધોડી અને કોકણા ઢીંચણ સુધીની ચડ્ડી, પહેરણ અને માથે ટોપી પહેરતા હોય છે જ્યારે નાયકા, કાથોડી અને ઢોરકોળી માત્ર લંગોટી પહેરતા હોય છે. જો કે દૂબળા અને વારલીમાં પણ વૃદ્ધ પુરુષો તો માત્ર લંગોટી જ પહેરતા હોય છે. અન્ય સવર્ણોના વધુ સંપર્કમાં રહેતા, શિક્ષિત યુવાનવર્ગ અથવા તો અન્ય જગ્યાએ નોકરી ધંધા કરતા આદિવાસીઓ પેન્ટ, શર્ટ વિગેરે પહેરે છે. અહીંની સ્ત્રીઓ સાડી કછોટો મારીને પહેરે છે અને ચોળી પહેરે છે. જો કે ઘણી સ્ત્રીઓ સાડી, ચણીયા, બ્લાઉઝ પણ પહેરે છે. જેમાં અહીંના દૂબળા લોકોનો પોશાક અન્ય સવર્ણો જેવો જ થઇ ગયેલો છે.

આભૂષણોમાં અહીં મોટે ભાગે ચાંદી, નિકલ અને કલાઇના જોવા મળે છે. જે બેરંગ (બુટીયાં ) ગળાના ઘરેણાં તેમજ પગની ઝાંઝરી, કડલા, વિગેરે હોય છે તે ઉપરાંત નકલી મણકાની માળાઓ તેમજ ગળાના હાર હોય છે. જો કે આભૂષણો જુદી જુદી જાતિઓમાં થોડો ઘણો ફેરફાર હોય છે.

**ભાષા :**

અહીંના આદિવાસીઓમાં જુદી જુદી જાતિઓની ભાષા જુદી જુદી છે. દૂબળાની ભાષા સુરત, વલસાડની બોલી જેવી જ જણાય છે. જ્યારે વારલી તેમજ કોકણાની ભાષા મરાઠી જેવી લાગે છે. ધોડીયા, દૂબળા વગેરેની ભાષા ગુજરાતી ભાષા જેવી જ છે. કાથોડી, નાયકા અને ઢોરકોળી પણ કોકણા જેવી જ ભાષા બોલે છે. પરંતુ અહીંના દૂબળા ધોડી કોકણા વિગેરે ગુજરાતી બોલી શકે છે અને સમજી શકે છે. જ્યારે આંતરિક વિસ્તારોના અન્ય આદિવાસીઓ ગુજરાતી જલદી સમજી શકતા નથી તેમજ હિંદી પણ સમજતા નથી. તેમની ભાષા કંઇક સ્વતંત્ર ભાષા છે. અહીં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી અક્ષરજ્ઞાન ઓછું હોય છે. જો કે હવે તેમાં ફેરફાર થતો જણાય છે. શિક્ષણ લેનારની સંખ્યા વધી રહી છે.

**શિક્ષણ :**

દાદરા નગર હવેલીનું કુલ શિક્ષણનું પ્રમાણ ૨૬.૬૧ % છે. તેમાં

પુરુષોનું પ્રમાણ ૩૬.૩૨ % અને સ્ત્રીઓનું પ્રમાણ માત્ર ૧૬.૦૮ % છે. જ્યારે આદિવાસી વસ્તીમાં શિક્ષણનું કુલ પ્રમાણ ૧૬.૮૬ % છે તેમાં પુરુષોમાં ૨૫.૪૬ % અને સ્ત્રીઓમાં માત્ર ૮.૪૨ % જ શિક્ષિત છે. આપણા અભ્યાસ માં પસંદ થયેલ બધા આદિવાસી કુટુંબોમાંથી ૨૧.૧૭ % પુરુષો અને ૯.૯૩ % સ્ત્રીઓ શિક્ષિત જોવા મળી છે. જ્યારે ૭૮.૮૩ % પુરુષો અને ૯૦.૦૭ % સ્ત્રીઓ અભણ છે. તેનો અર્થ એ થયો કે આ આદિવાસી સમાજમાં શિક્ષણ સ્તર ઘણું જ નીચું છે. અને તેમાંય સ્ત્રીઓમાં આ પ્રમાણ ખૂબ જ ઓછું છે. જે કોઠા ૫.૩ માં આંકડા જોતાં જણાશે. એ પણ જણાય છે કે કુલ પુરુષોમાંથી માત્ર ૦.૩૨ % પુરુષો અને કુલ સ્ત્રીઓમાંથી ફકત ૦.૦૩ % સ્ત્રીઓએ ઉચ્ચ શિક્ષણ લીધું છે. તેવી જ રીતે કુલમાંથી ૦.૧૦ % પુરુષો અને ૦.૦૩ % સ્ત્રીઓએ ટેકનીકલ શિક્ષણ લીધું છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અનુક્રમે પુરુષોમાં ૨.૬૧ % અને ૦.૪૫ % છે જ્યારે સ્ત્રીઓમાં ૦.૭૬ % અને ૦.૦૮ % છે. પ્રાથમિક શિક્ષણ ૧૭.૨૪ % પુરુષોમાં અને ૮.૫૦ % સ્ત્રીઓમાં જોવા મળ્યુ છે. ટૂંકમાં આદિવાસી લોકો શિક્ષણ લે છે. પણ માધ્યમિક અને કોલેજ કક્ષા સુધી ઘણા ઓછા શિક્ષણ લેતા જણાયા છે. જાતિવાર શિક્ષણનું પ્રમાણ જોઇએ તો કાથોડી જાતિમાં તમામ સભ્યો અભણ જોવા મળ્યા હતા. દૂબળા જાતિમાં માત્ર પ્રાથમિક શિક્ષણ સુધી શિક્ષિત જોવા મળ્યા છે. જ્યારે ઢોળ કોળી જાતિમાં એક સ્ત્રી માધ્યમિક સુધી શિક્ષણમાં જોવા મળી છે. ટૂંકમાં અનુસૂચિત જનજાતિની કેટલીક જાતિઓ શિક્ષણની દ્રષ્ટિએ ખૂબ જ પાછળ છે અને તેનું મુખ્ય કારણ તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાથી સતત બધા જ સભ્યોએ બાળકો સહિત કામે ( મજૂરીએ ) લાગી જવું પડતું હોય છે. અને આ રીતે બાળકો અભ્યાસનો મોકો ખોઇ બેસે છે. એવું પણ હોઇ શકે કે શિક્ષણનું માળખુ બરાબર ન હોઇ શકે અથવા સુવિધા ઓછી હોય, લોકોને શિક્ષણ ઉપર અરૂચિ હોય વગેરે ઘણા કારણો છે.

## કોઠો : ૫.૩ શિક્ષણ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જાતિનું નામ | બાલમંદિર | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉ.માધ્યમિક | | ઉચ્ચશિક્ષણ | | ટેકનીકલ | | અભણ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. |
| ૧ | ધોડિયા | ૧૦ | ૧૩ | ૨૬૪ | ૧૪૪ | ૪૯ | ૨૨ | ૧૧ | ૧ | ૯ | - | ૩ | - | ૩૮૪ | ૪૮૯ | ૭૩૦ | ૬૬૯ |
| | | | | | | | | | | | | | | ૫૨.૬૦ | ૭૩.૦૯ | ૧૦૦.૦ | ૧૦૦.૦૦ |
| ૨ | દૂબળા | ૧ | ૧ | ૭ | ૩ | - | - | - | - | - | - | - | - | ૩૯ | ૩૧ | ૪૭ | ૩૫ |
| | | | | | | | | | | | | | | ૮૨.૯૮ | ૮૮.૫૭ | ૧૦૦.૦ | ૧૦૦.૦૦ |
| ૩ | કાથોડી | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૬ | ૧ | ૬ | ૧ |
| | | | | | | | | | | | | | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦૦ |
| ૪ | કોંકણા | - | ૧ | ૧૨૪ | ૩૮ | ૧૬ | - | ૨ | - | ૧ | - | - | ૧ | ૬૪૯ | ૭૨૮ | ૭૯૨ | ૭૬૮ |
| | | | | | | | | | | | | | | ૮૧.૯૪ | ૯૪.૭૯ | ૧૦૦.૦ | ૧૦૦.૦૦ |
| ૫ | ઢોર કોળી | - | - | ૭ | - | - | ૧ | - | - | - | - | - | - | ૨૭ | ૩૧ | ૩૪ | ૩૨ |
| | | | | | | | | | | | | | | ૭૯.૪૧ | ૯૬.૮૮ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| ૬ | નાયકા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | વારલી | ૭ | ૫ | ૨૮૫ | ૧૩૫ | ૩૯ | ૬ | ૫ | ૨ | ૩ | ૧ | ૧ | - | ૨૦૩૭ | ૨૧૧૨ | ૨૩૭૭ | ૨૨૬૧ |
| | | | | | | | | | | | | | | ૮૫.૭૦ | ૯૩.૪૧ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| | કુલ | ૧૮ | ૨૦ | ૬૮૭ | ૩૨૦ | ૧૦૪ | ૨૯ | ૧૮ | ૩ | ૧૩ | ૧ | ૪ | ૧ | ૩૧૪૨ | ૩૩૯૨ | ૩૬૮૬ | ૩૭૬૬ |
| | ટકા | ૦.૪૫ | ૦.૫૩ | ૧૭.૨૪ | ૮.૫૦ | ૨.૬૧ | ૦.૭૬ | ૦.૪૫ | ૦.૦૮ | ૦.૩૨ | ૦.૦૩ | ૦.૧૦ | ૦.૦૩ | ૭૮.૮૩ | ૯૦.૦૭ | ૧૦૦.૦ | ૧૦૦.૦૦ |

## કોઠો : ૫.૩ શિક્ષણ પ્રમાણે વર્ગીકરણ

| | પટેલાતનું નામ | બાલમંદિર | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચમાધ્યમિક | | [illegible] | | [illegible]ડલ | | [illegible] | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. |
| ૧ | દાદરા | ૧ | ૨ | ૩૨ | ૧૨ | ૧ | ૩ | - | - | ૧ | - | ૨ | - | ૬૬ | ૮૬ | ૧૦૩ | ૧૦૩ |
| ૨ | સેલવાસ-૧ | ૧૧ | ૧૧ | ૧૨૦ | ૫૯ | ૧૩ | ૧ | ૨ | - | ૩ | - | ૧ | - | ૧૯૬ | ૨૧૪ | ૩૩૨ | ૨૮૫ |
| ૩ | સેલવાસ-૨ | ૧ | ૧ | ૧૪૧ | ૯૫ | ૧૬ | ૫ | ૩ | - | ૩ | ૧ | - | - | ૨૫૮ | ૨૮૯ | ૪૨૪ | ૩૯૧ |
| ૪ | નરોલી | ૨ | ૩ | ૧૦૧ | ૫૭ | ૯ | ૫ | ૩ | - | ૧ | - | - | - | ૨૩૪ | ૨૭૧ | ૩૪૬ | ૩૩૬ |
| ૫ | રાંધા | - | - | ૨૪ | ૧૦ | ૪ | - | ૧ | - | ૧ | - | - | - | ૨૦૫ | ૧૯૮ | ૨૩૨ | ૨૦૮ |
| ૬ | હેલવસી | * | ૧ | ૧૪ | ૧૦ | ૫ | ૨ | ૨ | - | - | - | - | - | ૪૦૮ | ૪૦૮ | ૪૨૯ | ૪૨૧ |
| ૭ | દપાડા | ૨ | ૨ | ૫૩ | ૧૩ | ૧૨ | ૩ | ૧ | ૧ | - | - | ૧ | - | ૪૭૮ | ૫૪૧ | ૫૪૭ | ૫૭૦ |
| ૮ | આંબોલી | ૧ | - | ૯૪ | ૩૧ | ૧૧ | ૬ | ૫ | - | ૩ | - | - | - | ૪૪૫ | ૫૦૨ | ૫૬૯ | ૫૩૯ |
| ૯ | ખાનવેલ | - | - | ૩૮ | ૯ | ૧૧ | ૧ | - | - | - | - | - | ૧ | ૩૮૩ | ૩૭૨ | ૪૩૨ | ૩૮૩ |
| ૧૦ | દુધની | - | - | ૨૮ | ૪ | ૪ | ૧ | - | - | - | - | - | - | ૧૯૫ | ૨૦૯ | ૨૨૭ | ૨૧૪ |
| ૧૧ | ખડોલી | - | - | ૪૨ | ૧૦ | ૧૮ | ૨ | ૧ | ૨ | ૧ | - | - | - | ૨૯૩ | ૩૦૨ | ૩૩૫ | ૩૧૬ |
| | કુલ | ૧૮ | ૨૦ | ૬૮૭ | ૩૨૦ | ૧૦૪ | ૨૯ | ૧૮ | ૩ | ૧૩ | ૧ | ૪ | ૧ | ૩૧૪૨ | ૩૩૯૨ | ૩૯૮૬ | ૩૭૬૬ |
| | ટકા | ૦.૪૫ | ૦.૫૩ | ૧૭.૨૪ | ૮.૫૦ | ૨.[illegible] | ૦.૭૬ | ૦.૪૫ | ૦.૦૮ | ૦.૩૨ | ૦.૦૩ | ૦.૧૦ | ૦.૦૩ | ૭૮.૮૩ | ૯૦.૦૭ | ૧૦૦.૦ | ૧૦૦.૦૦ |

મનોરંજન :

દાદરા નગર હવેલીનાં આદિવાસીઓમાં મનોરંજન માટે ભવાડા, જાતર મેળાઓ સમૂહનૃત્ય વગેરે પ્રસંગો યોજતા હોય છે. ભવાડામાં વિવિધ મુખાકૃતિઓ (મહોરાં ) પહેરીને નૃત્ય કરતા હોય છે. જેમાં રાવણ, ગણેશની, હનુમાનની વગેરેની મુખાકૃતિઓ પહેરી ને નાચગાન કરવામાં આવે છે. તેમના સંગીતકારો તરીકે મોટેભાગે વારલીઓ જ કામ કરતા હોય છે. તેમનાં સંગીત સાધનોમાં તૂર, તારપું વિગેરે હોય છે. આ ઉપરાંત ઘાસમાંથી બનાવેલી વાંસળી પણ હોય છે. ભવાડામાં તેમજ જાતરમાં આખી રાત નાચગાન કરવામાં આવે છે તેમજ દારૂ, તાડી પીવામાં આવે છે.

આ દરેક આદિવાસીજાતિઓની તેમની નૃત્યકલા આગવી છે. વારલીનાં સમૂહનૃત્યો તેમજ દૂબળા , ધોડી અને અન્ય જાતિઓમાં નૃત્યો જુદાં જુદાં હોય છે આમ તેઓ સમૂહનૃત્યથી પણ મનોરંજનનો આસ્વાદ માણે છે. ઉત્સવોમાં મોટેભાગે આ જાતિઓ દિવાસો, દિવાળી, ઉત્તરાયણ હોળી, ધૂળેટી, દશેરા વિગેરે ઉજવે છે. જે હિંદુઓના તહેવારો છે. તહેવારોને દિવસે કામધંધો છોડી તાડી, દારૂ પીને જલસા ઉજાણીઓ કરતા હોય છે. તેમજ તહેવારોને દિવસે જે તે દેવોની પૂજા કરે છે. અને તેમને ભોગ ધરાવે છે.

આ ઉપરાંત આ વિસ્તારમાં લાછવાનો પ્રખ્યાત મેળો ભરાય છે ત્યાં આ લોકો મેળામાં જાય છે. અને નૃત્યો તેમજ ગીતોથી આનંદ માણે છે. આ ઉપરાંત મનોરંજનમાં હવે તો તેમનામાં રેડીયો , ચલચિત્રો વગેરેનું પ્રમાણ વધ્યું છે.

કૌટુંબિક જીવન :

આ વિસ્તારમાં સંયુક્ત કુટુંબની પ્રથા વધુ પ્રમાણમાં જોવા મળે છે.ઘરનો વહીવટ પિતા અથવા તો પુત્ર ( પુરુષો જ ) સંભાળતા હોય છે. સામાજીક પ્રસંગોનું કામ પુરુષોએ કરવાનું હોય છે. દા.ત. પુત્રનો લગ્નસંબંધ, દિકરીનાં લગ્ન, પિતાનું કારજ તેમજ મરણ. ઘરની આર્થિક બાબતોનું કાર્ય પણ પુરુષોએ કરવાનું હોય છે. ખેતી ખેતમજૂરી તેમજ અન્ય કાર્યોમાં સ્ત્રીઓ પણ પુરુષો જેટલીજ

મહેનત કરતી દેખાય છે. સંયુકત કુટુંબોમાં બધીજ મિલકત અને આવક સહિયારા ખર્ચમાં જ વપરાતી હોય છે. કોઇપણ મિલકતનો ભાગ પાડવામાં આવતો નથી. જ્યારે પુત્રો મોટા થાય અને પરણાવ્યા પછી જ્યારે જુદા રહે ત્યારે તેમને પિતાની મિલકતમાંથી સરખે હિસ્સે ભાગ આપવામાં આવે છે. પિતા કે માતાનું પાલન પોષણ પણ પુત્રો જ કરે છે અને જ્યારે મૃત્યુ પામે ત્યારે તેમના કારજનો ખર્ચ પણ પુત્રો સરખે હિસ્સે ખર્ચતા હોય છે. જો કે બધી સંયુકત કુટુંબો જ છે એવું નથી ઘણી જાતિઓમાં સંયુકત કુટુંબની પ્રથા ઓછી જોવાય છે. પરંતુ સંયુકત કુટુંબ હોવાની પાછળનું કારણ એ પણ હોઇ શકે કે આ લોકો પાસે ખાસ મિલકત હોતી નથી તેમજ આવક પણ ઓછી હોય છે જમીન ખુબ ઓછી હોય છે. પરિણામે થોડી મિલકત કે આવક ઉપર સ્વતંત્ર રીતે રહેવામાં મુશ્કેલીઓ પડે પરિણામે બધા સાથે જ રહીને એકજ ઘરમાં ગુજરાન ચલાવવામાં માનતા હોય.

સામાજીક પ્રસંગો :

જન્મ, લગ્ન, મૃત્યુ :

આ જાતિઓમાં જન્મ પાછળ જન્મદિન કે એવા અન્ય કંઇ પ્રસંગો પર ખાસ કંઇ મનાવવામાં આવતું નથી પરંતુ લગ્નપ્રસંગો આ લોકો ખુબ આનંદથી ઉજવતા હોય છે. વારલી, કોકણા કે અન્ય જાતિઓ કરતા ધોડી અને દુબળા લોકોમાં તો લગ્ન આગળના ચાર-પાંચ દિવસથી લગ્ન-ગીતો ગવાય છે. માંડવો નાખવામાં આવે છે તેમજ ગણેશસ્થાપન પણ કરવામાં આવે છે. તેમાં ધોડી લોકો તો તેમના પ્રમાણમાં લગ્નવિધી પાછળ સારો ખર્ચ કરતા હોય છે. લગ્નના નિયમો જુદી જુદી જાતિમાં જુદા જુદા હોય છે પરંતુ સામાન્ય રીતે હાલ વરપક્ષ કન્યાપક્ષને ત્યાં જાન લઇ જાય છે. તેમનું દારૂ, તાડી વિગેરે આપી સ્વાગત કરવામાં આવે અને જમણવાર રાખવામાં આવે છે. વરપક્ષ, કન્યા માટે કપડાં તેમજ ઘરેણાં ( ચાંદી, નિકલ ) લાવે છે અને કન્યાના પિતાને ૨૫૧ રૂા. તથા ૧ ધોતી વગેરે આપે છે. જો કે જુદી જુદી જાતિઓમાં રકમમાં ફેરફાર હોય છે. ઘણીવાર આ લોકોમાં દહેજપ્રથા જોવામાં આવે છે. જે ઉપરોકત મુજબ જે રકમ આપવામાં આવે છે તે દહેજ જ ગણી શકાય.

દિકરીને પરણાવ્યા પછી જમાઇને તેમજ દિકરી ને આમંત્રણ આપવામાં આવે છે અને દારૂ, તાડી વિગેરે આપવામાં આવે છે. ત્યારબાદ ' મોરાટી ' (આણું ) કરીને દિકરીને મોકલવામાં આવે છે. જો સસરાને પુત્ર ન હોય તો જમાઇને ઘર જમાઇ તરીકે રાખવામાં આવે છે અને સસરાની મિલકતના વારસદાર દિકરી તેમજ જમાઇ બને છે.

આ જાતિઓમાં પણ તેમના સમાજે નક્કી કરેલ ગોળ ( દિકરી આપવા-લેવા તેમજ અન્ય સામાજીક સંબંધો માટે નક્કી કરેલો વિસ્તાર ) હોય છે. જેમાંથી કન્યા લાવવામાં આવે છે અને આપવામાં આવે છે. આ વિસ્તારોમાં બાળલગ્નનું પ્રમાણ ખાસ જોવા મળ્યું નથી. આ સમાજમાં વિધવા-વિવાહની છૂટ હોય છે તેમજ છૂટા-છેડા લેવાની પણ છૂટ છે. જો છૂટા-છેડા લેતો સંતાનોને પોષવાની જવાબદારી પિતાની રહે છે. પરંતુ કેટલાક સમાજમાં માતા બીજે લગ્ન કરે ત્યાં સંતાનોને સાથે લઇ જાય છે તેને પરણનાર પુરુષો તેનાં આગલાં સંતાનોનો પિતા બને છે અને તેમને પાળવાની જવાબદારી રહે છે. અહીંની આદિવાસી જાતિઓમાં એક કરતાં વધુ પત્નીનો રિવાજ છે. જે ધોડી, દૂબળા, વારલી, કોકણા તેમજ અન્ય જાતિઓમાં એક પત્ની હયાત હોવા છતાં બીજાં લગ્ન કરે છે. અને સમાજ પણ તે માટે રોકતો નથી. છૂટા-છેડા લેવામાં બંને પક્ષની ઇચ્છા હોય તો કંઇ મુશ્કેલી ઊભી થતી નથી પરંતુ જો એકપક્ષની ઇચ્છા હોય તો પંચ કહે તે શરતો પ્રમાણે રકમ ચૂકવવી પડે છે જે નજીવી હોય છે.

<u>મૃત્યુ પ્રસંગ</u> :

મૃત્યુ પ્રસંગે ગામનાં સંબંધિઓ એકત્રિત થાય છે. તેમજ નજીકનાં સગાં-સંબંધીઓને તાત્કાલિક બોલાવવામાં આવે છે અને ત્યારબાદ શબની દફનવિધી થાય છે. દશ-બાર દિવસ પછી તેનું કારજ કરવામાં આવે છે.

આ જાતિઓમાં પણ તેમના જાતિ પંચ હોય છે. દરેક ગામમાં કારભારી હોય છે. જે સામાજીક તેમજ કૌટુંબિક સમસ્યાઓમાં તટસ્થ વ્યક્તિ તરીકે કામ કરે છે. ઝઘડાઓમાં પણ કારભારીને બોલાવવામાં આવે છે. તેમના દરેક સામાજીક કાર્યોમાં કારભારીની હાજરી અનિવાર્ય હોય છે. સમાજના નીતિ-નિયમોનું ઉલ્લંઘન

કરનારાનો સમાજ બહિષ્કાર કરે છે. લગ્ન, મૃત્યુ તેમજ અન્ય સામાજીક બાબતોના દરેક જાતિઓમાં જુદા-જુદા નિતિ નિયમો હોય છે.

અહીંની આદિવાસીજાતિમાં પણ કેટલીક સામાજીક અસમાનતા જોવા મળે છે. ધોડી લોકો પોતાને અન્ય કરતાં ચડીયાતા માને છે. દૂબળા અને વારલી પોતાને કોકણા કરતાં ઉચ્ચજાતિ હોવાનું જણાવે છે. જ્યારે કોકણા અને નાયકા પોતે કાથોડી અને ઠોરકોળી કરતાં ચડિયાતા છે એમ માને છે. આમ આ સમાજમાં પણ સામાજીક અસમાનતા છે.

અન્ય જાતિઓ સાથે આદિવાસીઓના સંબંધો :

આદિવાસી જાતિઓ સિવાય અહીં જે અન્ય જાતિઓ છે તે અનુસૂચિતજાતિ હરિજન, માહ્યાવંશી ચમાર તે ઉપરાંત બ્રાહ્મણ, રજપૂતો, મુસ્લીમ (ખોજા) પારસી, ક્રિશ્ચિન વિગેરે છે. અનુસૂચિતજાતિથી આ લોકો વધુ સંકળાયેલા નથી પરંતુ અન્ય અન્ય સવર્ણોની સાથે તેમને વ્યવહાર તેમજ સંબંધો વધુ છે. મોટેભાગે સવર્ણોને ત્યાં ખેતમજૂરી તેમજ ઘરકામ વગેરે માટે જાય છે. તેમજ તેમની પાસેથી કામ કરવાની બાંહેધરી ઉપર પૈસા ઉછીના લઇ જાય છે. પારસી તેમજ મુસ્લીમો વેપાર કરે છે જ્યારે બ્રાહ્મણ અને રજપૂતો ખેતી કરે છે. આમ તેઓ અન્ય સવર્ણો સાથે તેમના રોજ-બરોજના જીવનથી જોડાયેલા છે.

ધાર્મિક બાબતો :

ધર્મની બાબતમાં અહીં જુદી જુદી જાતિઓમાં થોડા ફેરફાર જોવા મળે છે. પરંતુ તેઓ હિંદુધર્મની અસર તળે હોય તેમ જણાય છે. તેમનાં દેવ, દેવીઓનાં નામ, બરમદેવ, ભૈરવ, નંદાદેવ, હીરવાદેવ મખરદેવ છે. દેવીઓ- મોરદેવી હડકાઇમાતા, કાળકામાતા, અંબામાતા, ખાંધલી માતા વિગેરે છે. તે ઉપરાંત ઘણીવખત તેઓ વિવિધ રોગોને પણ માતા તરીકે માને છે. દા.ત. શિતળામાતા, મરકીમાતા અને તેમની બાધા રાખે છે. અને રોગ મટી જતાં તેમનું નિવેદ્ય કરે છે. કનસરીદેવ ( બાત ) અને કનસરીદેવી ( નાગલી )ની પણ પૂજા કરે છે. આ એ પણ સૂચવે છે કે અન્નને તેઓ દેવ તરીકે પૂજે છે.

ઉપરોકત દેવ-દેવીઓના નિવેદમાં તેઓ મરઘાં, બકરાં , તાડી, દારૂ નાળીયેર, કંકુ , ચોખા, અગરબત્તી વગેરે વસ્તુઓનો ઉપયોગ કરે છે. ખાસ કરીને તહેવારોને દિવસે પણ દેવ-દેવીઓની પૂજા કરવામાં આવે છે. આદિવાસીઓને જ્યારે રોગ થાય અથવા અન્ય મુશ્કેલીઓ આવે ત્યારે ભગત ( ભૂવા ) પાસે જાય છે અને તે મંત્ર-તંત્ર થી ઉપચારો કરે છે. જો મુશ્કેલી દૂર થાય તો તેના બદલી કરેલા નિવેધ કરવાજ પડે. તેઓ ગામ બહાર ' મખરા ' દેવની સ્થાપના કરે છે. અને એમ માને છે. કે સ્થાપના કરવાથી રોગચાળો થાય નહીં, દુષ્કાળ પડે નહીં તેમજ સમૃદ્ધિ વધે. તેઓ તેમના પૂર્વજોને પણ ઘરના આગણામાં અથવા ખેતરના કિનારે સ્થાપના કરે છે. જેથી પૂર્વજો ત્રાસ આપે નહીં.

આમ તેમનામાં અંધશ્રદ્ધા અને કુરૂઢીઓનું પ્રમાણ ખૂબ જોવા મળે છે. જુદી જુદી આદિવાસી જાતિઓમાં ધર્મ અને દેવો વિશેની જુદી જુદી માન્યતાઓ પ્રવર્તતી હોય છે. પરંતુ તેઓ અંધશ્રદ્ધાને પણ શ્રદ્ધાથી વળગી રહે છે. તેઓ તેમના ગમે તેવું કાર્યની શરૂઆતમાં ભગત પાસે પુજા કરાવતા હોય છે. તેમજ બલિ ચઢાવતા હોય છે.

રક્ષણ માટે બંધારણીય જોગવાઇઓ :

આપણા ભારતના લોકકલ્યાણના હેતુથી બંધારણે તેના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અને જોગવાઇઓમાં નાત, જાત અને ધર્મના ભેદભાવ વગર સૌને સમાન હક આપવાની અને રાષ્ટ્રના નબળા અંગોના વિકાસ માટે ખાસ માવજત ની ગોઠવણ કરી છે. આ જોગવાઇની મુખ્ય કલમો અને તેનો સારાંશ નીચે પ્રમાણે છે.

કલમ-૧૫ :

રાજ્ય ( સંઘ પ્રદેશ ) કોઇ પણ નાગરિકની સામે ફકત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થળને કારણે ભેદભાવ રાખશે નહિ અને તે કારણે કોઇ નાગરિકને દુકાનો, રેસ્ટોરન્ટ, રાજ્ય નિધિમાંથી થયેલ કૂવા, તળાવ, સ્નાનઘર કે જાહેર સ્થળોના ઉપયોગ કરતો રોકી શકાશે નહીં.

કલમ ૧૬ :

રાજ્ય હેઠળની નોકરીઓમાં સર્વે નાગરિકોને સમાન તક રહેશે. તેમાં શાતિ, જાતિ, ધર્મ કે લિંગના ભેદભાવ રાખી શકાશે નહિ.

કલમ ૧૭ :

અસ્પૃશ્યતાનું વિલોપન કરવામાં આવે છે અને કોઇપણ સ્વરૂપમાં તેનું આચરણ કાયદા અનુસાર ગુનો ગણાશે.

કલમ ૧૮ :

ભારતમાં સૌને મુક્તપણે હરવા ફરવાનો, નિવાસ કરવાનો, સ્થાયી થવાનો અને સંપત્તિ ધારણ કરવાનો અધિકાર મળેલ છે પણ પ્રજાહિત કે અનુસૂચિત જાતિઓના સંરક્ષણ માટે યોગ્ય નિયંત્રણો મૂકી શકાશે.

કલમ ૨૫(૨)બ :

સમાજ કલ્યાણ માટે અને સામાજિક સામાજિક સુધારણા માટે અથવા જાહેર ગણાય તેવી કોઇપણ હિંદુઓની ધાર્મિક સંસ્થા અને હિન્દુઓના સઘળા વર્ગો માટે કાનૂન કરવાની સત્તા રહેશે.

કલમ ૨૯(૧) :

સર્વને પોતાની ભાષા લિપી અને સંસ્કૃતિ જાળવી રાખવાનો અધિકાર છે. અને રાજ્યના વહીવટની જે તેની સહાયથી ચાલતી કોઇપણ શિક્ષણ સંસ્થામાં ધર્મ, શાતિ કે ભાષાના કારણસર પ્રવેશનો ઇન્કાર કરી શકાશે નહી.

કલમ ૪૬ :

પ્રજાના નબળા વર્ગો અને ખાસ કરીને હરિજનો અને આદિવાસીઓના શિક્ષણ અને આર્થિક હિતોની વૃદ્ધિ માટે રાજ્યે ખાસ પ્રબંધ કરવાનો રહેશે.

**કલમ ૨૫૦ :**

સંસદ કાયદો કરીને એને જરૂર લાગે તેવા રાજ્યોને અનુદાન આપશે અને રાજ્યો આદિવાસી વિસ્તાર કે આદિવાસીના કલ્યાણની યોજના હાથ ધરે તેમાં નાણાકીય સહાય કેન્દ્ર સરકાર આપશે.

**કલમ ૩૩૦-૩૩૧ :**

xxxx લાગુ હશે ત્યાં સુધી રાજ્યની કુલ વસ્તીના જેટલા ટકા હરિજનો અને આદિવાસીઓ હશે તેટલી અનામત બેઠકો સંસદગૃહમાં અને રાજ્યના વિધાનસભાગૃહમાં અનામત રાખવામાં આવશે.

**કલમ ૩૩૫ :**

કેન્દ્રની અને રાજ્યની નોકરીઓમાં કાર્યક્ષમતા જળવાય તેવી રીતે નિમણૂકમાં હરિજનો અને આદિવાસીઓનો દાવો ધ્યાનમાં લેવામાં આવશે.

**કલમ ૩૩૮ :**

આ કલમ હેઠળ રાષ્ટ્રપતિજીએ હરિજનો અને આદિવાસીઓના કમિશ્નરની નિમણૂંક કરી છે એ દર વર્ષે પોતાનો અહેવાલ રાષ્ટ્રપતિજીને રજૂ કરે છે.

**કલમ ૩૩૯ :**

આ કલમ અનુસાર રાજ્યોમાં અનુસુચિ જનજાતિ અને અનુસુચિ વિસ્તારના વહીવટનો અહેવાલ રજુ કરવા બંધારણ પછી દસ વર્ષે કમિશન નીમવાની જોગવાઇ છે ( જે મુજબ ૧૯૬૦ માં શ્રી ઢેબર કમીશન નીમાયેલ )

**કલમ ૩૪૦ :**

ભારતના પછાત વર્ગોની સ્થિતિ અને મુશ્કેલીઓની તપાસ કરવા અને તેમની સ્થિતિ સુધારવા રાષ્ટ્રપતિજી કમીશન નીમી શકે છે.

<u>કલમ ૩૪૧ :</u>

કઇ કઇ જાતિઓને પછાત જાતિઓમાં ગણવી તે માટે જે તે રાજ્યના રાજ્યપાલશ્રીની સલાહ લઇને રાષ્ટ્રપતિશ્રી જાહેરનામું બહાર પાડી શકશે.

<u>ભાગ અ :</u>

રાજ્યના અનુસૂચિત વિસ્તારોનો અહેવાલ દર વર્ષે ~~[illegible]~~ રાજ્યપાલશ્રીએ / રાષ્ટ્રપતિશ્રીને સુપ્રત કરવાનો હોય છે.

<u>ભાગ બ :</u>

અનુસૂચિત વિસ્તારોવાળા રાજ્યમાં રાજ્ય આદિવાસી સલાહકાર પરિષદ રચવામાં આવે છે. જેમાં વિધાનસભાના અનુસૂચિ જનજાતિના સભ્યો વગેરે હોય છે. અને તેઓ આદિવાસી કલ્યાણ કાર્યક્રમ અંગે સલાહસૂચન કરે છે.

આ પરિશિષ્ટ હેઠળ રાજ્યપાલશ્રીને / કલેકટરશ્રીને નીચેની બાબતોમાં આદિવાસી સલાહકાર પરિસદની સલાહ લઇને ઉપયોગ કરવા સત્તાઓ આપી છે.

(૧) કોઇપણ કાયદો અનુસૂચિત વિસ્તારમાં ક્યારે અને કેટલા અંશે લાગુ પાડવો કે ન પાડવો.

(૨) આદિવાસી વિસ્તારમાં જમીનનું વેચાણ, તબદીલી વગેરે રોકવા.

(૩) આદિવાસીઓના નાણાં ધીરતા શાહુકારો ઉપર નિયંત્રણ મૂકવું.

<u>ભાગ ક :</u>

રાષ્ટ્રપતિશ્રી વ્યાખ્યાનુસાર કોઇપણ વિસ્તારને અનુસૂચિત જાહેર કરી શકે છે અને તેમાં ફેરફાર કરી શકે છે.

## પ્રકરણ : ૬

## જમીન અપહરણ ( કારણો અને કિસ્સા )

## પ્રકરણ : ૬

## જમીન અપહરણ - ( કારણો અને કિસ્સા )

જમીન અપહરણ અંગેની ભૂમિકાને સ્પષ્ટ સ્વરૂપે સમજવા દાદરાનગર હવેલી વિસ્તારની વસ્તી અને જમીનની વહેંચણી સમજવવી આવશ્યક બને છે. કારણકે બહુસંખ્યક આદિવાસી વસ્તી ધરાવતાં વિસ્તારનું ચિત્ર પણ કેવું છે અને અલ્પ સંખ્યક વસ્તીનું પ્રભુત્વ અને શોષણનો દોર બહુસંખ્યક પર કેવી રીતનો છે. જેના મૂળ કારણે જ અનેક વિધ સમસ્યાઓ ઊભી થતી જોવા મળે છે.

દાદરા નગર હવેલી વિસ્તારમાં કુલ વસ્તી ૧૦૩૬૭૬ ની હતી જેમાંથી ૭૮.૮૨ ટકા આદિવાસીઓ, ૧.૯૭ ટકા અનુસૂચિત જાતિ અને માત્ર ૧૯.૨૧ ટકામાં અન્ય જાતિઓ વસે છે જેમાં રાજપૂતો, પટેલ, મુસ્લિમ, પારસી, ખોજા, ખ્રિસ્તી, ફીરંગીઓ વગેરે બિનઆદિવાસીઓ વસે છે જેમની પાસે ખેતીની મોટી જમીનો, વ્યાપાર-ઉદ્યોગ વગેરે આર્થિક ઉત્પાદનનાં સાધનો પર પ્રભુત્વ છે. જ્યારે બીજી બાજુ ૭૮.૮૨ ટકા વસ્તી ધરાવતી વારલી, ધોડિયા, દૂબળા, કોલચા (કોરકોળી ) કાથોડી જેવી આદિવાસીજાતિઓ વસે છે જેમાંથી મોટા ભાગની વસ્તી ગરીબીની રેખા નીચે જીવન જીવે છે. જેની ઊંડાણથી ચર્ચા આગળ આર્થિક પરિસ્થિતિના પ્રકરણમાં આપણે કરી ગયા છીએ. જેના મૂળમાં જેમના આર્થિક સાધનો છે. જેમાં મુખ્યત્વે જમીન છે. કારણ કે અહીંના આદિવાસીઓ મૂળ આ વિસ્તારમાં વસતા હતા અને દરેક પાસે થોડીઘણી જમીનો હતી જેમાં પોતાની આગવી ખેતી પદ્ધતિઓથી ખેતી કરી પોતાનું જીવન ગુજારતા સાથે અનેક ગૌણ ધંધા પણ કરતા જેમાં જંગલનો તેમને મોટો સહારો હતો જેને પરિણામે ખેતી તરફ તેમનું લક્ષ્ય ઘણું ઓછું હતું. કાળક્રમે, પોર્ટુગીઝ સત્તા અને ત્યારબાદ ફીરંગીસત્તાને કારણે અનેક બહારની જાતિઓ આ વિસ્તારમાં પ્રવેશી અને આ આદિવાસીઓની અજ્ઞાનતા, ગરીબી અને મજબૂરીનો લાભ ઉઠાવી તે જમીનો પર પોતાના કબજા જમાવ્યા. જેના પુરાવા સરકારી દફતરે જોવા મળે છે. કારણ કે ટોચમર્યાદાના કાનુન નીચે અને ગણોતધારાના કાનુનથી વધુ જમીનો ધરાવનાર પાસેથી કાનુની રીતે તે

જમીનો લઇ સાચા માલિકોને સરકારી દફતરે આપવામાં આવી છે. જો કે તેમાં પણ ઘણા વિસ્તારોમાં માત્ર ચોપડા પર જ આદિવાસી માલિક છે બાકી વાસ્તવમાં ગણોતધારાનીચે કે ટોચ મર્યાદાની જમીનોના કબજા મૂળ માલિકોએ હજુ છોડયા નથી પણ તેના બદલામાં ધાક-ધમકી અને અનેક પ્રલોભનો આપી ને જમીનોમાંથી મડદું ઉત્પન્ન કે પૈસા મૂળ માલિકો લેતા હોય તેવા ઘણા કિસ્સાઓ ક્ષેત્રમાંથી પ્રાપ્ત થાય છે. જે માટે ઘણી ઊંડી તપાસ અને સહૃદયતા આવશ્યક છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે જે જમીનનું માળખું છે તે જોઇએ તો પણ જમીનની વહેંચણી જે આ વિસ્તારમાં છે તે એક સ્પષ્ટ ચિત્ર ઊભું કરે છે.

. Percentage Distribution of Number and Area of Operational Holdings Classified According To SC/ST/Others ( 1980-81) ( Area in hectares )

| Sr. No. | Size Class (Ha | SC | | ST | | Others | | Total | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | No. | Area | No. | Area | No. | Area | No. | Area |
| 1. | Below 0.5 | 6.1 | 6.0 | 88.0 | 87.7 | 5.9 | 6.3 | 100.0 | 100.0 |
| 2. | 0.5 - 1.0 | 2.2 | 2.1 | 93.4 | 93.8 | 4.4 | 4.1 | 100.0 | 100.0 |
| 3. | 1.0 - 2.0 | 1.1 | 1.1 | 94.9 | 94.5 | 4.0 | 4.4 | 100.0 | 100.0 |
| 4. | 2.0 - 3.0 | 0.2 | 0.3 | 93.2 | 92.8 | 6.6 | 6.9 | 100.0 | 100.0 |
| 5. | 3.0 - 4.0 | - | - | 86.9 | 36.6 | 13.1 | 13.4 | 100.0 | 100.0 |
| 6. | 4.0 - 5.0 | - | - | 84.8 | 84.7 | 15.2 | 15.4 | 100.0 | 100.0 |
| 7. | 5.0 - 7.5 | - | - | 75.6 | 75.6 | 24.4 | 24.4 | 100.0 | 100.0 |
| 8. | 7.5 - 10.0 | 1.3 | 1.4 | 59.1 | 53.6 | 39.6 | 40.0 | 100.0 | 100.0 |
| 9. | 10.0-20.0 | - | - | 34.5 | 34.6 | 65.5 | 65.4 | 100.0 | 100.0 |
| 10. | 20.0-30.0 | - | - | 15.6 | 14.2 | 84.4 | 85.8 | 100.0 | 100.0 |
| 11. | 30.0-40.0 | - | - | 25.0 | 26.1 | 75.0 | 73.9 | 100.0 | 100.0 |
| 12. | 40.0-50.0 | - | - | - | - | 100.0 | 100.0 | 100.0 | 100.1 |
| 13. | 50.0 & Above | - | - | 25.0 | 18.2 | 75.0 | 81.8 | 100.0 | 100.0 |
| All Sizes | | 2.0 | 0.7 | 90.0 | 75.8 | 8.0 | 23.5 | 100.0 | 100.0 |

• જમીન ધારણ કરતા ખાતેદારોની સંખ્યા અને જમીન વિસ્તાર અંગેનો કોઠો ઉપર બતાવેલ છે. જે કોઠો જોતાં આખા વિસ્તારમાં જમીનની વહેંચણી કેવા પ્રકારની છે તે સ્પષ્ટ થાય છે. ઓછી જમીન ધરાવનાર ખાતેદારોમાં આદિવાસીઓની સંખ્યા વધુ છે અને જમીનનો વિસ્તાર વધતાં એટલે કે ૦.૫ થી ૫૦ હેક્ટર ઉપરની જમીન ધરાવનાર ખાતેદારોમાં ક્રમશ: આદિવાસી ખાતેદારો ધીરે ધીરે ઘટતા થાય છે જેઓની સંખ્યા ઓછી થતી જાય છે. જ્યારે બિનઆદિવાસી ખાતેદારોની સંખ્યા XXXXઓછી શરૂમાં ઓછી છે અને વધુ જમીન તરફ જતાં જેઓની સંખ્યા વધતી જાય છે. એટલે કે મોટી જમીનોની માલિકી વધુ પડતી બિનઆદિવાસીઓની છે. અને ઓછી જમીનો ધારણ કરવા વાળા આદિવાસીઓ છે. જેમકે ૦.૫ હેક્ટરથી ૩ હેક્ટર સુધીની જમીન ધારણ કરવાવાળા આદિવાસીઓની ટકાવારી ૮૮ ટકાથી ૯૩ ટકા સુધીની છે જ્યારે બિન આદિવાસીઓની ટકાવારી ૪ ટકાથી ૬ ટકા સુધીની છે. જ્યારે ૩ હેક્ટરથી ૫૦ હેક્ટર અને તેના ઉપરની જમીન ધારણ કરવાવાળા આદિવાસીઓની ટકાવારી ૨૫ ટકાથી ૮૬ ટકા સુધી જોવા મળે છે. જ્યારે બિન આદિવાસીઓ પાસે ૧૩ થી ૧૦૦ ટકા સુધીની જમીનો જોવા મળે છે. કુલ જમીન જોવા જતાં ૯૦ ટકા આદિવાસી ખાતેદારો પાસે ૭૫.૮ ટકા જમીન છે જ્યારે ૮ XXX ટકા બિન આદિવાસીઓ પાસે ૨૩.૫ ટકા જમીન જોવા મળે છે. અને ૨ ટકા હરિજનો પાસે ૦.૭ ટકા જમીન નજ હતી. એટલે કે આ ઓછી જમીનો ધરાવનાર વર્ગ આદિવાસીઓના છે, જે વર્ગ ઘણો મોટો છે. તેમાંય વળી આદિવાસીના ખાતે જમીન હોવા છતાં તેની સાચી માલિકી હોતી નથી. પણ કોઇ બીજી વ્યક્તિ તે જમીનનો લાભ મેળવે છે. એટલે કે એક તો ઓછામાં ઓછી જમીનો તેને નામે છે અને તેમાંય વાસ્તવિક માલિકી તેની હોતી નથી, પણ તેને ખાતે ચાલતી જમીનની ઉપર બીજાઓનો કબજો જોવા મળે છે. આ જમીનોને વધુ વિગતે જોતાં વધુ સ્પષ્ટતા થશે જે નીચેના કોઠામાં આપવામાં આવેલ છે. જેમાં આદિવાસી બિનઆદિવાસી અને હરિજનોની જમીનની માલિકીની ટકાવારી અને વિસ્તારની ટકાવારી આપેલ છે. જેમાં કુલ આદિવાસી, બિનઆદિવાસીઓમાંથી ટકાવારી કાઢી બતાવી છે જેથી ખરેખર કેટલી કેટલી જમીનો ધારણ કરે છે તેનું સ્પષ્ટ ચિત્ર નીચેના કોઠામાંથી ઉભું થાય છે.

Interse Percentage of No. and Area of Operational Holdinges Classified According to SC/ST/others (1980-81)

(Area in hectares)

| Sr. No. | Size Class (Ha) | SC | | ST | | Others | | Total | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | No. | Area | No. | Area | No. | Area | No. | Area |
| 1. | Below 0.5 | 53.4 | 19.8 | 16.9 | 2.7 | 12.9 | 0.6 | 17.3 | 2.3 |
| 2. | 0.5 - 1.0 | 26.0 | 27.8 | 24.1 | 11.6 | 12.6 | 1.6 | 23.2 | 9.3 |
| 3. | 1.0 - 2.0 | 18.4 | 36.3 | 35.0 | 29.6 | 16.5 | 4.4 | 33.2 | 23.5 |
| 4. | 2.0 - 3.0 | 1.3 | 5.0 | 12.0 | 17.3 | 9.5 | 4.2 | 11.6 | 14.1 |
| 5. | 3.0 - 4.0 | - | - | 5.3 | 11.3 | 9.0 | 5.6 | 5.5 | 9.9 |
| 6. | 4.0 - 5.0 | - | - | 2.6 | 7.2 | 5.3 | 4.2 | 2.8 | 6.5 |
| 7. | 5.0 - 7.5 | - | - | 2.5 | 99.4 | 9.1 | 9.8 | 3.0 | 9.4 |
| 8. | 7.5 -10.0 | 0.9 | 11.1 | 0.8 | 4.4 | 6.2 | 9.7 | 1.3 | 5.7 |
| 9. | 10.0 -20.0 | - | - | 0.7 | 5.2 | 14.1 | 32.1 | 1.7 | 11.5 |
| 10. | 20.0 -30.0 | - | - | 0.1 | 0.6 | 2.9 | 12.3 | 0.3 | 3.4 |
| 11. | 30.0 -40.0 | - | - | 0.0 | 0.6 | 1.0 | 5.6 | 0.1 | 1.8 |
| 12. | 40.0 -50.0 | - | - | - | - | 0.6 | 5.0 | 0.0 | 1.2 |
| 13. | 50.0 & Above | - | - | 0.0 | 0.4 | 0.3 | 4.9 | 0.0 | 1.4 |
| | | 100.0 | 100.0 | 100.0 | 100.0 | 100.0 | 100.0 | 100.0 | 100.0 |

ઉપરના કોઠામાં જોવા મળતી જમીનનું વર્ગીકરણ કેટલું અસમાન છે તે પ્રથમ નજરે જ તરી આવે છે. દાખલા 0.૫ હેકટરથી ૩ હેકટર સુધીની જમીન ધારણ કરવાવાળા આદિવાસી ખાતેદારો ૮૮ ટકા છે અને તેમની પાસે આદિવાસી ખાતેદારોની કુલ જમીન ધારણ કરેલમાંથી, ૬૦.૯ ટકા જમીન આટલો મોટો વર્ગ ધરાવે છે. જ્યારે બિન આદિવાસીઓમાં 0.૫ હેકટરથી ૩ હેકટર સુધીમાં ૫૧.૫ ટકા ખાતેદારો પાસે માત્ર ૧૦.૮ ટકા જમીન છે. એટલે કે ઓછામાં ઓછી જમીન ધારણ કરતા અને ઓછી જમીનવાળા ખાતેદારોમાં આદિવાસીઓ મોખરે છે. જ્યારે ૩.૦ હેકટર થી ૭.૫ હેકટર સુધીની જમીન ધારણ કરનાર વર્ગમાં ૧૦.૪ ટકા આદિવાસી ખાતેદારો પાસે ૨૭.૯ ટકા જમીન હતી. અને બિનઆદિવાસી ૨૩.૪ ટકા ખાતેદારો પાસે ૧૯.૬ ટકા જમીન હતી. જ્યારે ૭.૫ હેકટરથી ૩૦ હેકટર સુધીની જમીન ધારણ કરવાવાળો વર્ગ માત્ર ૧.૬ ટકા હતો જેઓની પાસે ૧૧.૨ ટકા જ જમીનો હતી. અને ૩૦ હેકટર ઉપરની જમીન માત્ર એક ખાતેદાર ધરાવતો હતો.



આ વર્ગમાં બિનઆદિવાસી ખાતેદારો ૨૫.૧ ટકા હતા જે આદિવાસી ખાતેદારો ૧.૬ હતા તેમની સામે ૨૫.૧ ટકા ખાતેદારો પાસે ૬૯.૭ ટકા જમીન હતી. આ આંકડાઓની બતાવે છે કે વધુ જમીન ધારણ શક્તિમાં વધુ બિનઆદિવાસી ખાતેદારો જોવા મળ્યા છે. જ્યારે આદિવાસી ખાતેદારોમાં ઓછી જમીન ધારણ શક્તિ જોવા મળી હતી. જેમ ઉપરથી નીચે જતાં આદિવાસી ખાતેદારો ઘટતા જાય અને બિનઆદિવાસી ખાતેદારો અને જમીન વિસ્તાર વધતો જાય છે( સામેના આલેખ પરથી સ્પષ્ટ ખ્યાલ આવશે ) જેને પરિણામે આર્થિક સામાજીક અસમાનતા પણ એટલી અસમાન છે. તેમજ બિનઆદિવાસીઓની જમીનમાં મજૂરીનું કામ કરવાવાળો વર્ગ આદિવાસીઓનો છે, એટલે કે મોટો આધાર બિનઆદિવાસીઓ પર રાખવો પડે છે. જેને પરિણામે શોષણનો માર્ગ એ તરફ ખુલ્લોજ છે ને માર્ગે શોષણ પ્રવાહ ચાલુ રહે છે. મોટી માછલી નાની માછલીને ગળે તે ન્યાયે જમીનદારોની નજર બાજુમાં રહેલી આદિવાસીની જમીન તરફ જ હોય છે, સમગ્ર વિસ્તારમાં આદિવાસી ખાતેદારોની જમીન ધારણ શક્તિ માત્ર ૩ હેક્ટર જેટલી જ છે ને ઉપરની જમીન ધરાવતો વર્ગ તો માત્ર ૧૨ ટકા જ છે. તેમજ ૭.૫ હેક્ટરથી ઉપરની જમીન માલિકી તો જુજ નજરે પડે છે, તેમજ આદિવાસીઓની જમીન ડુંગરાળ, પથ્થરોવાળી, ઢોળાવવાળી નદીનાળાના પ્રદેશવાળી હોવાથી ઉત્પાદન સારૂ લઇ શકાતું નથી. અને ઓછી જમીનો હોવાથી ખેતીનાં પૂરતાં સાધનો પણ રાખી શકતા નથી. અને તેમજ પરંપરાગત ખેતી પધ્ધતિઓ અને ખેતીનાં સાધનોને કારણે પરંપરાગત પાકો જ લે છે. તેમજ ચોમાસુ ખેતી જ લગભગ કરવામાં આવે છે. જેને પરિણામે આદિવાસીઓની આર્થિક પરિસ્થિતિ દિવસે દિવસે કફોડી થતી જાય છે. ગરીબી તેમને ખેતમજૂરી તરફ લઇ જાય છે કારણ કે આટલી ઓછી અને આવી જમીન તેમના કુટુંબને બારમહિનાનો રોટલો આપી શકતી નથી જેને પરિણામે વર્ષમાં ઘણા કુટુંબોએ અડધા ભૂખ્યા તેમજ કેટલાક કુટુંબોએ માત્ર એક ટંક કેટલાક દિવસો સુધી ખાઇને ચલાવવું પડે છે. જેમાં તેમને જંગલનાં કંદમૂળ અને ભાજી-પાલો આશરો આપે છે, કારણકે આવી ઓછી જમીનોમાં પણ ભાઇઓ કે જેટલા હોય તેટલા દિકરાઓ તે જમીનમાં ભાગ પાડીને નાના નાના ટુકડાઓમાં ખેતી કરે છે. તેમાંથી આ વિસ્તારના વિકાસમાં અને વિકાસ યોજનાઓમાં જે જમીનો જાય છે તેમાં મોટાભાગની જમીનો આદિવાસીઓની જાય છે. એટલે જે

જમીનો છે તે પણ ધીરે ધીરે ઓછી થતી જાય છે. જેમકે અહીં મધુવનડેમ બનાવવામાં આવ્યો તેમાં કેટલાંક ગામો સંપૂર્ણ ઉઠી ગયાં અને બીજાં ગામોને વત્તા ઓછા પ્રમાણમાં અસર થઇ. તેવા ૧૪ ગામો છે જે બિલકુલ આદિવાસી વિસ્તાર છે અને તેમાં વારલીઓની વધુ વસ્તી છે. તેઓની જમીનો આ ડેમમાં ગઇ છે. તે ગામો અને જમીન નીચે બતાવેલ કોઠા પ્રમાણે હતી.

મધુવનડેમમાં ડુબાણમાં ગયેલી જમીન

ગામવાર :

| અ.નં. | ગામનું નામ | સર્વેનંબર | જમીન હેકટર | આરે |
|---|---|---|---|---|
| ૧ | અંબાવારી | ૫૧ | ૭૧ | ૬૬ |
| ૨ | દૂધની | ૧૮૬ | ૧૧૩ | ૨૭ |
| ૩ | ગુણસા | ૨૦ | ૪૮ | ૮૪ |
| ૪ | મેંઢા | ૬૬ | ૪૧ | ૩૨ |
| ૫ | ડોંઢાર | ૩૨ | ૬૮ | ૬૫ |
| ૬ | વાઘચૌંડા | ૧૮૨ | ૯૪ | ૨૮ |
| ૭ | શ્રીમાનપાડા | ૩૧ | ૧૮ | ૦૦ |
| ૮ | ઘોડબારી | ૨૪ | ૨૮ | ૫૪ |
| ૯ | બિલધરી | ૮ | ૮ | ૭૮ |
| ૧૦ | ડોંવચા | ૬૨ | ૪૬ | ૩૬ |
| ૧૧ | ઉમરવરણી | ૬૩ | ૪૧ | ૧૪ |
| ૧૨ | ખૂટલી | ૪૩ | ૨૧ | ૭૧ |
| ૧૩ | શેલ્ટી | ૮ | ૪ | ૮૩ |
| ૧૪ | ગોરત્નપાડા | ૭ | ૨ | ૪૮ |

ઉપરના ગામોની જમીનો ડેમમાં ગઇ તેમને સરકારી ધોરણે વળતર આપવામાં આવ્યું છે. જેમાં ગુંઠાના ૨૨ થી ૩૦ રૂપિયા તેમાં પણ જમીનના

પ્રકાર પ્રમાણે ભાતની જમીન, ક્યારી, નાગલી કે વરાઇની જમીન. વગેરેમાં ૮૦૦ થી ૧૫૦૦ સુધી એકરના ભાવે પૈસા મળ્યા છે, એટલે જેની જમીન ગઇ તે બીજા વિસ્તારમાં નવી જમીન પૈસાથી કે ભાગ્યેજ ખરીદી શક્યા છે. કારણકે નવી વસાહતોની આસપાસની જમીનોના ભાવો ખૂબ વધી જાય છે. તેમાંય એક ખાતામાં બે ત્રણ ભાઇઓ સમજીને વહેંચણી કરીને ખેડતા હોય તો આમાં જેના ખાતે કે નામે જમીન હોય તેને જ વળતર મળે છે બાકીના રખડી જાય છે. અને સામાજિક સંઘર્ષો પણ ઘણા ઊભા થાય છે, આ જમીનો ઉપરાંત નહેરો કાઢવામાં પણ ઘણી જમીનો આ વિસ્તારની ગઇ છે.

દાદરાનગર હવેલીના મુખ્ય મથક સેલવાસનો વિકાસ થતો હોવાને કારણે સેલવાસની આસપાસ જે જમીનો આદિવાસીઓની છે તે જમીનો બિન આદિવાસીઓ મકાનો બનાવવા માટે વેચાતી રાખતા જાય છે. અને તેમાંય કેટલાક અગમચેતી બિનઆદિવાસીઓ ભાવી વિકાસને ધ્યાનમાં રાખી આસપાસની જમીનો પર કબજા જમાવે છે. અમલી કાનૂન છે કે આદિવાસી આદિવાસીને પણ જમીન વેચી શકતો નથી. પણ તે આદિવાસીની જમીન બિનઆદિવાસીઓ આદિવાસીને નામે એન.એ. કરાવીને વેચાણ કરતા જોવા મળ્યા છે કે એન.એ. કરાવીને રાખી લે છે. આમાં પણ અનેક જાતનાં શોષણો થતાં જોવા મળ્યાં છે. તો આ કાનૂન પણ સુધારવો જોઇએ અથવા આદિવાસીને બજારભાવ પ્રમાણે વ્યાજબી કિંમત મળે કારણકે અત્યારે લોભ કે લાલચમાં જમીનો આપી દે જેની પાછળ તે વ્યક્તિઓનો એતમજૂર જ બનવાનું હોય છે. આ ઉપરાંત આ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ થાય છે. જેમાં પણ આદિવાસીઓની મોટા પ્રમાણમાં જમીનો જાય છે. વિકાસ થવો જોઇએ પણ કોઇના ભોગે વિકાસ થાય કોઇના જીવનનો રોટલો ઝૂંટવી ઇમારતો બને કે વિકાસ થાય તે શું માનવતાવાદી ખરો ?

## જમીન અપહરણનાં કારણો :

જમીન અનેક રીતોથી આદિવાસીઓ પાસેથી બિનઆદિવાસી પાસે કે સુખી આદિવાસીઓ પાસે, વિકાસ યોજનાઓમાં જે ઉપર જોયું કે નહેરોમાં, ડેમમાં, કારખાનાંમાં, રોડમાં અને ભાવી વિકાસ ગણી તેને લક્ષ્યમાં ન રાખીએ તો પણ અત્યારે હાલ આદિવાસી અને આદિવાસી, આદિવાસી અને બિનઆદિવાસીઓમાં જે

જમીનો હસ્તાન્તરિત થાય છે તે પ્રમાણ ઘણું છે કારણ કે આ બધુ સરકારી ચોપડે જોવા મળશે નહીં કદાચ પરવાનગીથી બહુ ઓછી જમીનોની ફેરબદલી થતી હશે તેમાં પણ લાગવગ અને પૈસાનો મોટો ભાગ હોય છે. તે ઉપરાંત અંદરોઅંદરની સમજૂતીથી જમીનો જાય છે. જેમાં મુખ્ય બેત્રણ શરતો આ વિસ્તારમાં જોવા મળે છે.

(૧) જમીનના ઉચક પૈસા વર્ષે નક્કી કરવામાં આવે છે. તેમાં ૧ એકરે કે બે એકરના ટુકડાના વર્ષે ૧૦૦ થી ૩૦૦ રૂપિયા આપીને વાવવા માટે રાખવામાં આવે છે.

(૨) લગ્ન, મરણ કે ધાર્મિક પ્રસંગે કોઈ વ્યક્તિ પાસેથી ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયા લીધા હોય તો તેના બદલામાં પોતાની જમીન આપવામાં આવે છે. શરત એવી હોય છે કે પૈસા પરત થતાં જમીન પાછી આપવી, પણ તે પૈસા વ્યાજ સાથે ભાગ્યે જ ગરીબ આદિવાસીઓ પાછા આપી શકે છે અને તે રીતે તે જમીનો જેની પાસે હોય તે જ ઉપયોગ કરે છે.

(૩) મોટા જમીનદારોની કે શાહુકારોની જમીનની આસપાસ આદિવાસીઓના નાના ટુકડા હોય તો તેને થોડાઘણા પૈસા કે ધાક-ધમકીથી તેના જમીનો પોતાની જમીનો સાથે કરી લેવામાં આવે છે, એવા પણ ઘણા કિસ્સાઓ પ્રાપ્ત થયા છે.

(૪) ટોચ મર્યાદાની ગણોતધારામાં કે સરકારી ખરાબાઓમાં જેમને જમીન ખરેખર આપવામાં આવી હોય પણ તે જમીનોમાં પણ મૂળ માલિકો આ જમીનોમાંથી અડધોભાગ વસૂલ કરતા હોય તેવા અભ્યાસ હેઠળનાં ગામોમાં કેટલાક કિસ્સાઓ જોવા મળ્યા છે.

(૫) ઓછી જમીન ધરાવતા અને તે જમીનમાંથી પોતાનું પૂરી ન થતાં, મજૂરી માટે બીજે જાય તો પોતાની જમીન એક બે સાલ માટે પૈસા લઈને બીજાને વાવવા માટે આપે છે. તો તેમાં પણ એવા કિસ્સા જોવા મળે છે કે આવી શરતોને પણ નેવે મૂકી વર્ષોથી તેમને જમીનો પાછી મળતી નથી.

(૬) પહેલાં આદિવાસીઓ વિઘોટી ભરી શકતા નહીં જેને પરિણામે વિઘોટી ભરીને પારસીઓ કે જમીનદારોએ મોટી જમીનો પર કબજા જમાવ્યા છે. તે જમીનો આદિવાસીને પાછી આપી હોય તો પણ તેમાંથી ઉત્પન્નનો ભાગ લેવામાં આવે છે.

(૭) દારૂબંધી નહીં હોવાથી દારૂના વ્યસનમાં પણ પ્રત્યક્ષ પોતાની જમીનમાં ખેતી નહીં કરતા અને દારૂને કારણે દેવામાં ફસાતા જમીનો ગીરવે મુકતા જોવા મળે છે.

ઉપર બતાવ્યાં તેવાં જુદાં જુદાં અનેક કારણો જુદા જુદા વિસ્તારોમાં જોવા મળે છે, વ્યાપારીઓ અને શાહુકારો અનેક તરકીબો અજમાવતા જોવા મળે છે. માત્ર જમીનજ શા માટે પણ આ વિસ્તારમાં ખજૂરીનાં પુષ્કળ ઝાડો છે, જેમાં ખજૂરીનાં ઝાડો પણ આ રીતે બીજા લોકો વર્ષો માટે થોડાક પૈસા આપીને રાખી લે છે. જ્યારે જરૂર પડે ત્યારે થોડાક પૈસા આપી તેના બદલામાં તાડી કાઢવા ઝાડો રાખી લે છે. એટલે કે જીવનનિર્વાહનાં સાધનોને અનેક રીતે હડપવાના પ્રયાસો બીજો વર્ગ કરતો હોય છે. આ બધી વિગતો આખા વિસ્તારના ક્ષેત્રકાર્ય દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાંથી પ્રાપ્ત થયેલ છે.

આ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરતાં જોવા મળ્યું કે આદિવાસીઓ સાચી હકીકત આપતાં ગભરાય છે. કારણકે પોતાની જમીન બીજાએ પચાવી પાડી હોય કે વર્ષોથી બીજી વ્યક્તિ તેની જમીન પાછી ન આપતો હોય કે પોતાના નામે ચાલતી જમીનમાં પોતે કમાઇને અડધો ભાગ બીજાને આપવો પડતો હોય ત્યારે તેની કેટલી મજબૂરી હશે અને કેટલો ભયગ્રસ્ત હશે કે પોતાની હકીકત રજૂ કરતાં ગભરાય છે. અને કહે છે કે શેઠને ખબર પડી જાય તો, સાહેબો તો જતા રહે પણ પાછળથી અમારી શું દશા થાય ? તેમજ જરૂર પડે તો અહીંના લોકો પર જ આધાર છે. જેને પરિણામે અનેક પ્રકારના જમીન અપહરણના કિસ્સાઓ છે જ પણ તેને બહાર લાવવા અમારાથી જેટલા પ્રયત્નો થાય તેટલા કર્યા છે. અને સહૃદયપૂર્વક થોડા ઘણા કિસ્સાઓ પ્રાપ્ત થયા છે. જો કે આવા દરેક ગામોમાં કિસ્સાઓ પડેલા છે પણ તેને ખરેખર બહાર લાવવામાં આવે તો ઘણી વાસ્તવિક હકીકતો બહાર આવે. અહીં થોડાક કિસ્સાઓ દ્વારા જે માહિતી એકત્ર

કરવામાં આવે છે. કે કઇ વ્યક્તિની કેટલી જમીન કોની પાસે ગઇ છે, તેવી હકીકત આપનાર અને લેનાર બન્નેની મુલાકાત દ્વારા મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે આધારભૂત માહિતી [illegible] અમને આપી છે. પણ કદાચ બીકના માર્યા આ માહિતી બીજાને ન આપે કે આ માહિતી સાચી નથી તેવી હકીકત પણ તે કહે તો તેમાં કંઇજ ખોટું નથી. કારણકે માહિતીદાતાઓ એટલા ભયમાં જીવે છે અને તેઓને બીજા કોઇ પર વિશ્વાસ પણ નથી કારણકે સરકારીતંત્ર પણ ગરીબો ને સાથ આપતું નથી તેવો તેમનો સૂર છે.

જમીનો લેવા માટેની અનેક તરકીબો પણ જોવા મળે છે. જેમકે પાંચ રૂપિયાનું સ્ટેમ્પ પેપર લાવી, આપેલ જમીના પૈસા કે વેચાણ દસ્તાવેજ ખાનગી ધોરણે કરવામાં આવે છે. જેમાં ધીરેધીરે થોડા થોડા પૈસા આપી વ્યાજ સાથે મોટી રકમ બનાવી તે ભરવાની અશક્તિ ગરીબ વ્યક્તિની ઊભી કરી તેની મજબૂરીનો પૂરો લાભ પણ લેવામાં આવે છે. એના ઉદાહરણ તરીકે અહીં જે દસ્તાવેજો ઘર ખાનગી ઊભી લેવામાં આવે છે. તેના નમૂના પણ અહીં રજૂ કરવામાં આવ્યા છે. આવા ઘણા દાખલાઓ ઊંડાણથી તપાસ કરવામાં આવે તો પ્રાપ્ત થવાની શક્યતાઓ છે જ.

( આ હકીકત ખાનગી રાખવાની શરતે આપવામાં આવેલ છે )

ઇન્ડીયા

પાંચ રૂપિયા

સ્ટેમ્પ રૂા.નો ૫/-

ઇસ્યુડ ટુ.શ્રી મ.બ.ક

<u>જમીન વેચાણનો લેખ</u>

સંવત ૨૦૩૮ ના ફાગણ સુદ-૧૦ ને વાર ગુરુવાર અંગ્રેજી તારીખ ૫ મી માર્ચ સને ૧૯૮૨ ના દિને આ વેચાણનો લેખ લખાવી લેનાર શ્રી ______________________ તા. દાદરા નગર હવેલીના :-

જોગ આ વેચાણનો લેખ લખી આપનાર યાને વેચાણ આપનાર શ્રી ______________________ તા. દાદરાનગર હવેલીના

જત લખી આપું છું કે દાદરા નગર હવેલી તાલુકાના ગામ મોજે ....... ગામના સર્વે નંબર ....... હે. ૦-૮૧ આરે પૈકી હે. ૦-૩૫ આરે વાળી જમીન આવેલી છે તે જમીન તમોને ઉચક કિંમત રૂા. ૩૦૦૧/- ત્રણ હજાર એક પૂરામાં વેચાણ આપી દીધી છે. જેની અવેજ રોકડી રકમ પૂરતે પૂરી મળી ગયો છે. વેચાણ આપેલ જમીનમાં હવેથી તમો તમારુ દિલચાહે તે રીતે વહીવટ, ભોગવટો, લખવટો કરો કરાવી શકશો સહી - સદરહું જમીન હાલે જે તારણમાં બોલે છે જે મારે પોતે ભરીને તમોને બોજા મુક્ત કરાવી આપવાની છે.

સદર જમીન તમારા પહેલા બીજા કોઈને ગીરો વેચાણ આપેલ નથી. હવેથી તમો ગીરો, વેચાણ, બક્ષીસ, આપવા માલીક મુખત્યાર છો. સહી- તેમ છતા ભવિષ્યમાં ભાઈ, ભાગીયો, દાવેદાર હિસ્સેદાર પેદા થાય અને તમોને કોઈ હરકત કરે કરાવે તો તેની તમામ જવાબદારી મારા પોતાની છે. સદરહું જમીન તમો તમારા નામે કરો કરાવી શકશો સહી તે કામે સહી કબુલાતની જરૂર પડે વિના મુલ્યે જ્યાં મંગો ત્યાં અને તેજ વખતે આપવા સંમત છું જેનું મહેસુલ હવેથી તમારે ભરવાનું છે.

<u>મિલ્કતનું વર્ણન</u>

દાદરા નગર હવેલી સંઘ પ્રદેશના ગામ મોજે....... ગામના

સર્વે નંબર :

ઇન્ડિયા

પાંચ રૂપિયા

સ્ટેમ્પ રૂા. ૫/-

ઇસ્યુડ ટુ શ્રી ...

(૩)

ફ-મારે પેડી ફ-મારે વાળી જમીન તમોને કાયમ માટે વેચાણ આપી દીધી છે.

ઉપર મુજબનો લેખ મેં મારી રાજીખુશીથી અક્કલ હોંશિયારીથી બીન કેફવાળી હાલતમાં વંચાવી સમજી વિચારીને ગમીરના લાભમાં લઇ સ્વેચ્છાથી સેલવાસ મુકામે લખી આપેલ છે. જે મને તથા મારા વંશવાલી વારસો સર્વને કબુલ મંજુર અને બંધન કરતા છે. સહી - માજ ના.

મતે ______________ મેનું ______________ તારીખ __________ સાલ

______________ કા.કા. (૧) ______________

મ. નિશાન

ના.

ના.

______________

કા.કા. મ. નિશાન

______________

કા.કા. મ. નિશાન

ના.

ઇન્ડીયા

ત્રણ રૂપિયા

સ્ટેમ્પ રૂા. ૩/-

ઇસ્યુડ ટુ શ્રી

<u>જમીન કબજો ગીરો આપવાનો કરાર</u>

ગ્રાહક [redacted] રહે.

શ્રી.............................. રહે.........

પહેલા પક્ષકાર તથા

શ્રી.............................. રહે.

[redacted] તા. દાદરા નગર હવેલી તા. બીજા પક્ષકાર

અમો બન્ને પક્ષકારો વચ્ચે આજ તા. રોજે સેલવાસ મુકામે એવો કરાર થાય છે કે પહેલા પક્ષકાર ની નગર હવેલીના મોજે [redacted] નીચે જણાવેલ પ્રમાણેની જમીન આવેલી છે. પરંતુ માંદગીના કારણે ખર્ચને પહોંચી વળવા માટે આજથી સાતેક વર્ષ પર પહેલા પક્ષકારે બિજા પક્ષકારે રૂા.૧૫,૦૦૦/- પંદર હજાર હાથ ઉછીના લિધેલા છે. જે રકમ પહેલા પક્ષકાર હજુ સુધી એક યા બીજા કારણે પરત મેળવી શક્યા નથી. તેથી આજરોજ એવું નક્કી કરવામાં આવે છે કે બિજા પક્ષકારે પહેલા પક્ષકારની નીચે જણાવેલી જમીન ઉપરોક્ત રકમના બદલામાં પોતાની પુરેપુરી મુદ્દલ રકમ વસુલ આવતાં સુધિ ખાવી અને પોતાની લેણી રકમ વસુલ એટલે ભરપાઇ થાયેથી જમીનનો તાબો કબજો પહેલા પક્ષકારના લાભહિતમાં વધુ કાંઇ પણ માગ્યા સિવાય વગર અને ખેડાણ લીધી સોંપી દેવી. દરમ્યાનની ઉપજની સદર બિરાણ રકમના વ્યાજ નુકશાનીના બદલ રૂપે ગણવી. બંને પક્ષકારો સાફ હોઇને એક હથી આપ્યાં

... ૨

ઇન્ડિયા

બે રૂપિયા

રહેના મનિમર્યાં સંબંધો ધરાવતા હોવાથી ઉપર મુજબનો વહેવાર અને સમજૂતી ખેલદિલી રાજીખુશી કરવામાં આવી છે. તા.

જમીનની વિગત

મ.નં. ૧

૨

૩

સ.નં. ૧

૨

૩

૪

૫

એટલે કુલ ૩ એકરને ૨ ગુઠા

ઉપર પ્રમાણેનો કરાર અમો બન્ને પક્ષકારો કબુલ મંજુર રાખીએ છીએ. અને અમારા વંશ વાલી વારસો એ પણ કબુલ મંજુર રાખીને પાલન કરવાનું છે અને રહેશે. પક્ષકારોની વિનંતિથી લખનાર

પહેલા પક્ષકાર ના કબા

હાથનું અંગુઠા નિશાન

બીજા પક્ષકાર ના કબા

હાથનું અ. નિશાન

૧

૨

ઉપરોક્ત દસ્તાવેજોની ~~ઝેરોક્ષ~~ ૨૧૦૫ નકલોની નકલો મૂળ માલિકો પાસેથી પ્રાપ્ત કરી કરાવી અમો રજૂ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત અસંખ્ય કિસ્સાઓ જમીન ફેરબદલીના પ્રાપ્ત થાય છે, જોકે ભયને કારણે મોટાભાગના પોતાની રજૂઆતો કરી શકતા નથી. પણ ઘણા પ્રયત્ને વિશ્વાસ પ્રાપ્ત કરી કેટલીક કિસ્સાઓ એકત્ર કરવામાં આવ્યા હતા. જેમાંથી અહીં તેની વિગતો અને કિસ્સાઓ રજૂ કરીએ છીએ. જેના ઉપરથી જમીન કેટલા પૈસામાં કેવી શરતે લીધા બાદ વર્ષો સુધી જમીન પરત નહીં કરતા પચાવી પાડવામાં આવે છે.

**પટેલાનનું નામ : દાદરા**

## જમીન અપહરણના કિસ્સા

| અ.નં. | ગામ | જમીન વેચાણ કરનાર વ્યક્તિનું નામ | કેટલી જમીન ગઇ? (હેકટરમાં) | જમીન ખરીદ કરનાર વ્યક્તિનું નામ અને ગામ | કેટલા વર્ષ થયાં? | વળતર શું મળ્યું હતું? | જમીન વેચાણ કરવાનું કારણ | કઇ શરતે જમીન આપી હતી | કેટલા વર્ષની મુદત માટે? | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | તીઘરા | ગોવજીભાઇ લીમજીભાઇ ઘોડી | ૦૩૦૮ | મંજુભાઇ લાખાભાઇ ઘોડી( તીઘરા) | - | - | - | - | - | - |
| ૨ | દાદરા | લક્ષ્મણભાઇ બલ્લુભાઇ કુભાર | [illegible] | ધરતાભાઇ નાનજીભાઇ ઘોડી( દમણી ) | ૧૯૭૦ | ૭૩૦૧ | - | - | - | - |
| | | | | | - | - | - | - | - | - |
| | **સેલવાસ-૧** | | | | | | | | | |
| ૩ | સેલવાસ | ગમનભાઇ ઉડકભાઇ ઘોડી | ૦-૦૪ | હોમસ આર.ડીસ્યન (સેલવાસ) | | ૧૬૦૦૦ | જમીન ફેરબદલી માટે | - | - | - |

ચાલુ...

| ક્ર.નં. | ગામ | જમીન વેચાણ કરનાર વ્યક્તિનું નામ | કેટલી જમીન ગઇ ? (હેક્ટરમાં) | જમીન ખરીદ કરનાર વ્યક્તિનું નામ અને ગામ | કેટલા વર્ષ થયાં ? | વળતર કરવાનું કારણ | જમીન વેચાણ કરવાનું કારણ | કઇ શરતે જમીન આપી હતી | કેટલા વર્ષની મુદત માટે? | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | સેલવાસ | મગનભાઇ ઉડકભાઇ ધોડી | ૦-૧૩ | બાલુબેન કુરીયાભાઇ કુંભાર | | ૩૧૫૦૦ | - | - | - | - |
| ૫ | સેલવાસ | સુપડીયાભાઇ સોમળાભાઇ વારલી | ૦-૧૯ | સાગીરખાન મુસ્લીમ ( સેલવાસ ) | | ૯૦૦૦ | - | - | - | - |
| ૬ | સેલવાસ | સીનરાભાઇ રામજીભાઇ વારલી | ૦-૦૭ | મગનભાઇ બારાભાઇ ભંડારી | | ૭૦૦૦ | - | - | - | - |
| ૭ | આંબોલી | લક્ષીભાઇ દીવાળભાઇ વારલી | ૦-૩૫ | છોટુભાઇ મીણાભાઇ ઘાK ધોડી | | ૩૦૦૧ | - | - | - | - |
| ૮ | આંબોલી | જમ્રુભાઇ કાનજીભાઇ ધોડી | ૦-૦૫ | ભાણા કલીયાભાઇ ધોડી | | ૬૦૦ | - | - | - | - |

ચાલુ...

| અ.નં. | ગામ | જમીન વેચાણ કરનાર વ્યક્તિનું નામ | કેટલી જમીન ગઇ? (હેક્ટરમાં) | જમીન ખરીદ કરનાર વ્યક્તિનું નામ અને ગામ | કેટલા વર્ષ થયાં ? | વળતર કરવાનું કારણ | જમીન વેચાણ કરવાનું કારણ | કઇ શરતે જમીન આપી હતી | કેટલા વર્ષની મુદત માટે ? | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | અંજાલી | મધુભાઇ નવશાભાઇ ઘોડી | ૧-૨૦ | રાણીયાભાઇ રામજીભાઇ ઘોડી | ૧૯૭૮ | ૨૦૦૦૦ | ઘાસિયા જમીન હોવાથી | - | - | - |
| ૧૦ | અંજાલી | કલ્યાણભાઇ ગોવનભાઇ ભંડારી | ૦-૪૦ | ધાકલભાઇ હોડીયાભાઇ વારલી | ૧૯૮૨ | ૫૭૨૫ | - | - | - | |
| ૧૧ | અથોલા | કરસનભાઇ વેસ્માભાઇ ઘોડી | ૦-૩૦ | ચેંનાભાઇ હોડીયાભાઇ વારલી | ૧૯૭૨ | ૯૦૦ | - | - | - | - |
| XX | સેલવાસ-૨ | | | | | | | | | |
| ૧૨ | સામુલી | માજીભાઇ ધનજીભાઇ વારલી | ૧-૪૦ | રમણભાઇ ઘોડી (લવાછા ) | ૧૯૮૦ | ૧૧૦૦૦ | દેવાની ચુકવણી માટે પૈસાની જરૂર | - | - | - |

ચાલુ...

| અ.નં. | ગામ | જમીન વેચાણ કરનાર વ્યક્તિનું નામ | કેટલી જમીન ગઇ ? (હેકટરમાં) | જમીન ખરીદ કરનાર વ્યક્તિનું નામ અને ગામ | કેટલા વર્ષ થયાં ? | વજાર કરવાનું કારણ | જમીન વેચાણ કરવાનું કારણ | કઇ શરતે જમીન આપી હતી | કેટલા વર્ષની મુદત માટે ? | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | સાયલી | શામજીભાઇ લખમાભાઇ વારલી | ૦-૮૦ | શંકરભાઇ કાળુભાઇ કોંકણા | ૧૯૮૩ | ૩૦૦૦ | - | - | - | - |
| ૧૪ | સાયલી | દેવજીભાઇ દિવાળભાઇ વારલી | ૦-૬૦ | ખરજન નવશાભાઇ વારલી | ૧૯૮૨ | ૨૨૦૦ | ટી.બી.રોગની સારવારના ખર્ચ માટે | - | - | - |
| ૧૫ | સાયલી | સીડયાભાઇ ભીખાભાઇ વારલી | ૦-૦૬ | દેવલાભાઇ રાવીયાભાઇ ધોડી | - | ૫૦૦ | - | ગીરોથી શરતે | ૩ વર્ષ | - |
| ૧૬ | સાયલી | ધાકલાભાઇ માહદુભાઇ વારલી | ૦-૨૦ | પાદિયા નવશાભાઇ વારલી | - | ૨૫૦૦ | - | - | - | - |
| ૧૭ | સાયલી | જમનાભાઇ હોલીયાભાઇ ભોરડા | ૦-૦૩ | ધુડીયાભાઇ ગોવનભાઇ | - | ૫૦૦ | - | - | - | - |
| ૧૮ | કુડાચા | જમનાભાઇ છનાભાઇ ધોડી | ૦-૨૪ | પ્રેમજીભાઇ રામજીભાઇ ધોડી | - | ૧૪૭૦ | - | - | - | - |

ચાલુ...

| અ.નં. | ગામ | જમીન વેચાણ કરનાર વ્યક્તિનું નામ | કેટલી જમીન ગઈ છે (હેક્ટરમાં) | જમીન ખરીદ કરનાર વ્યક્તિનું નામ અને ગામ | કેટલા વર્ષ થયાં ? | વળતર કરવાનું કારણ | જમીન વેચાણ કરવાનું કારણ | કઈ શરતે જમીન આપી હતી | કેટલા વર્ષની મુદત માટે ? | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | કુડાચા | ચમારભાઈ કુતરાભાઈ | | | | | | | | |
| ૨૦ | કુડાચા | જમના છનાભાઈ ધોડી | ૧-૨૦ | આપજુલ તીમજીભાઈ ધોડી | - | ૭૪૫૦ | - | - | - | - |
| ૨૧ | કુડાચા | કાનજી છનાભાઈ ધોડી | | | | | | | | |
| ૨૨ | કરાડ | મંગીયાભાઈ નવલાભાઈ ધોડી | ૦-૨૫ | છોટુ મનજીભાઈ ધોડી | - | ૫૨૫ | - | - | - | - |
| ૨૩ | મશાટ | ભીખાભાઈ સુરજીભાઈ વારલી | ૦-૧૧ | રવલા માહડું ધોડી | | ૧૦૦૦ | - | - | - | - |
| ૨૪ | મશાટ | જાનીયા સાંવજી વારલી | ૦-૦૫ | રઢીયા જમાું ધોડી | - | ૮૦૦ | - | - | - | - |
| | નરોલી | | | | | | | | | |
| ૨૫ | નરોલી | [illegible] મોહનસિંહ પરમાર | ૦-૩૨ | બાબુભાઈ ઉકાભાઈ પરમાર (નરોલી) | ૧૯૭૫ | ૪૫૦૦ | ગામેન કડકમાં પોતાની જમીન ન જાય તે માટે વેચાણ કરેલ | પૈસા પરત કરતા જમીન પરત મળે | - | - |

ચાલુ..

| મ.નં. | ગામ | જમીન વેચાણ કરનાર વ્યકિતનું નામ | કેટલી જમીન ગઇ ? (હેકટરમાં) | જમીન ખરીદ કરનાર વ્યકિતનું નામ અને ગામ | કેટલા વર્ષ થયાં ? | વૃજનર કરવાનું કારણ | જમીન વેચાણ, કરવાનું કારણ | કઇ શરતે જમીન આપી હતી | કેટલા વર્ષની મુદત માટે? | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | નરોલી | ભીખુભાઇ ભગવાનભાઇ | ૧-૨૦ | ફતુભાઇ ભગવાનભાઇ ધોડી ( નરોલી ) | ૧૯૭૪ | ૧ાા એકર જમીન અને રૂા. ૩૦૦ | બાગીદારીમાં કૂવો બનાવવા | - | - | - |
| ૨૭ | નરોલી | માવ બાવાજી વૈધ | ૧-૨૦ | બાબુભાઇ લાછાભાઇ (નરોલી) | ૧૯૭૩ | ૬૦૦૦ | જમીન બિન ખેડાણ લાયક હોવાથી | - | - | - |
| ૨૮ | નરોલી | રામજીભાઇ મેરણભાઇ ધોડી | ૦[illegible]૨ | છોટુભાઇ કસ્તુરભાઇ ધોડી ( નરોલી ) | ૧૯૮૩ | ૧૦૦૦ | મકાન બનાવવા માટે | - | - | - |
| ૨૯ | નરોલી | વેસ્તાભાઇ છનીયાભાઇ ધોડી | ૦-૨૫ | સુરજલાલ નાનુભાઇ ધોડી ખાલપા ઠેડીયા રોહીત ગોપાળ શુકર રોહીત | - | ૫૧૦૦ | ઘરખર્ચ/સામાજીક ખર્ચને પહોંચી વળવા | - | - | - |
| ૩૦ | ધાપસા | કોશનભાઇ ડીકલાભાઇ ધોડી | ૦-૧૨ | ઠાકોરભાઇ કુવરજીભાઇ રાજપૂત (ધાપસા) | - | - | - | - | - | - |

ચાલુ..

| મ.નં. | ગામ | જમીન વેચાણ કરનાર વ્યક્તિનું નામ | કેટલી જમીન ગઈ ? (એકરમાં) | જમીન ખરીદ કરનાર વ્યક્તિનું નામ અને ગામ | કેટલા વર્ષ થયાં? | વજનર કરવાનું કારણ | જમીન વેચાણ કરવાનું કારણ | કઇ શરતે જમીન આપી હતી | કેટલા વર્ષની મુદત માટે? | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | ધાપસા | ડીશનભાઈ ડીડલાભાઈ ઘોડી | ૦-૧૨ | ઠાકોરભાઈ કુવરજીભાઈ રાજપૂત ( ધાપસા ) | - | - | - | - | - | - |
| ૩૨ | ધાપસા | ડીશનભાઈ ડીડલાભાઈ ઘોડી | ૦-૦૬ | લક્ષ્મણજી કુવરજી રાજપૂત | - | - | - | - | - | - |
| ૩૩ | ધાપસા | વસંતભાઈ રામચંદ ઘોડી | ૦-૪૯ | સૂરજલાલ નાનુભાઈ ઘોડી | - | - | - | - | - | - |
| ૩૪ | ધાપસા | મધુભાઈ જુકડરભાઈ ઘોડી | ૦-૩૪ | સૂરજલાલ નાનુભાઈ ઘોડી | - | - | - | - | - | - |
| ૩૫ | ધાપસા | બાઈ સુખી તે મોહન મંજીની વિધવા | ૦-૦૩ | સૂરજલાલ નાનુભાઈ ઘોડી | - | - | - | - | - | - |

XX

ચાલુ..

| ક્ર.નં | ગામ | જમીન માલિકનું નામ<br>જમીન વેચે વ્યક્તિનું નામ | કેટલી જમીન ગઇ? (હેકટરમાં) | જમીન લઇ લેનાર નું નામ અને ગામ (જમીન ખરીદનારનું નામ) | કેટલા વર્ષ થયાં ? | વળતર કેટલું મળ્યું હતું ? | જમીન લઇ લેવાનું કારણ ( જમીન વેચવાનું કારણ ) |
|---|---|---|---|---|---|---|---|
| ૪૬ | ચીસદા | કમળુ-ધાકલ<br>ગંગા-જાન્યા<br>લક્ષ્મણ-લાલનું | ૨-૫૦<br>૨-૫૦<br>૨-૫૦ | અર્જુન-ચંતા<br>રૂપજી-રાવતીયા<br>રાવજી-રામા<br>(ચીસદા) | ૧૯૮૩માં (સ્વર્ગ) | બદલીમાં બીજી જગ્યાએ જમીન મળશે તેવું સરકારનું કહેવું છે. | - આગઉ તે જમીન પડાવી લેનાર વ્યક્તિઓ ખેડતા હતા. બાદ તે વ્યક્તિઓ ખેડતા હતા. બાદ તે સરકારશ્રીએ ખાલસા જમીન કરીને પ્રથમના ત્રણ વ્યક્તિઓને જમીન ન હોવાથી આપવામાં આવેલ. જે આગઉના ખેડાણ કરનાર વ્યક્તિઓ તે અમારી છે તેવો દાવો કરીને જમીન લઇ લેવા ઝગડા કરે છે. |
| ૪૭ | સિન્દોની | દેવજી-લાડકીયા<br>ચંદીયા-લાડક્યા<br>સોના-લાડક્યા<br>ગોલનીયા-લાડક્યા | ૦-૭૫<br>૦-૭૫<br>૦-૭૫ | દેવજી-લાડકીયા (સિન્દોની) | ૭વર્ષ | - | જે જમીનમાં આ ત્રણે ચારેય ભાઇઓ ભાગીદાર છે પરંતુ સૌથી મોટોભાઇ માથાભારે હોઇ ત્રણેયને ભાગમાં આવતી જમીન આપેલ નથી. |

ચાલુ..

આગળનું ચાલુ..

| અ.નં. | કઇ શરતે જમીન આપી હતી? (કઇ રીતે જમીન લઇ લીધેલ) | કેટલા વર્ષની મુદત માટે ? | વિશેષ નોંધ |
| --- | --- | --- | --- |
| ૪૬ | તે અમારી જમીન છે તેવા દાવાથી તે જમીન ખેડવા દેવામાં આવતી નથી. | - | જમીન વિહોણા તે વ્યકિતઓને જમીન મળતા અગાઉ તે જમીન ખેડતા એવા ત્રણ વ્યકિતઓ હાલ જે તે જમીન મળેલ છે તેવા વ્યકિતઓને ખેડવા દેતા નથી. જે જમીન અગાઉ ન ખેડવા દેતા વ્યકિતઓની હતી જે સરકારે ખાલસા કરીને જમીન વગરનાઓને આપેલ. |
| ૪૭ | આ જમીનમાં તમારો કોઇ જ હિસ્સો નથી તેવો દાવો કરીને તેમને જમીન આપેલ નથી. | - | જે જમીનમાં આ ચારેય ભાઇઓ ભાગીદાર છે પરંતુ મોટોભાઇ આ બાકીના ત્રણેય ભાઇઓને ભાગીદારની જમીન આપતા નથી જે બધી જ જમીન પચાવી પાડેલ છે. |

| મ.નં | ગામ | જમીન માલિકનું નામ<br>જમીન વેચે વ્યકિતનું નામ | કેટલી જમીન ગઇ? (હેકટરમાં) | જમીન લઇ લેનાર નું નામ અને ગામ (જમીન ખરીદનારનું નામ ) | કેટલા વર્ષ થયાં ? | વળતર કેટલું મળ્યું હતું ? | જમીન લઇ લેવાનું કારણ ( જમીન વેચવાનું કારણ ) |
|---|---|---|---|---|---|---|---|
| ૪૬ | ચીસદા | કમળુ-ધાકલ<br>ગંગા-જાન્યા<br>લક્ષ્મણ-લાહનું | ૨-૫૦<br>૨-૫૦<br>૨-૫૦ | અર્જુન-ચંના<br>રૂપજી-રાવતીયા<br>રાવજી-રામા<br>(ચીસદા) | ૧૯૮૩માં (સ્વર્ગ) | બદલીમાં બીજી જ્યાએ જમીન મળશે તેવું સરકારનું કહેવું છે. | - અમારા તે જમીન પડાવી લેનાર વ્યકિતઓ ખેડતા હતા. બાદ તે સરકારશ્રીએ ખાલસા જમીન કરીને પ્રથમના ત્રણ વ્યકિતઓને જમીન ન હોવાથી આપવામાં આવેલ. જે અમારા ખેડાણ કરનાર વ્યકિતઓ તે અમારી છે તેવો દાવો કરીને જમીન લઇ લેવા ઝઘડા કરે છે. |
| ૪૭ | સિન્દોની | દેવજી-લાડડીયા<br>ચંદ્રીયા-લાડકયા<br>સોમા-લાડકયા<br>ઝોલનીયા-લાડકયા | -<br>૦-૭૫<br>૦-૭૫<br>૦-૭૫ | દેવજી-લાડડીયા<br>(સિન્દોની) | ૭વર્ષ | - | જે જમીનમાં આ ચારે ચારેય ભાઇઓ ભાગીદાર છે પરંતુ સૌથી મોટોભાઇ માથાભારે હોઇ ત્રણેયને ભાગમાં આવતી જમીન આપેલ નથી. |

ચાલુ..

આગળનું ચાલુ..

| ક્ર.નં. | કઇ શરતે જમીન આપી હતી? (કઇ રીતે જમીન લઇ લીધેલ) | કેટલા વર્ષની મુદત માટે ? | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૪૬ | તે અમારી જમીન છે તેવા દાવાથી તે જમીન ખેડવા દેવામાં આવતી નથી. | - | જમીન વિહોણા તે વ્યકિતઓને જમીન મળતા અગાઉ તે જમીન ખેડતા એવા ત્રણ વ્યકિતઓ હાલ જે ને જમીન મળેલ છે તેવા વ્યકિતઓને ખેડવા દેતા નથી. જે જમીન અગાઉ ન ખેડવા દેતા વ્યકિતઓની હતી જે સરકારે ખાલસા કરીને જમીન વગરનાઓને આપેલ. |
| ૪૭ | આ જમીનમાં તમારો કોઇ જ હિસ્સો નથી તેવો દાવો કરીને તેમને જમીન આપેલ નથી. | - | જે જમીનમાં આ ચારેય ભાઇઓ ભાગીદાર છે પરંતુ મોટોભાઇ આ બાકીના ત્રણેય ભાઇઓને ભાગીદારની જમીન આપતા નથી જે બધી જ જમીન પચાવી પાડેલ છે. |

| અ.નં. | ગામ | જમીન માલિકનું નામ<br>જમીન વેચે વ્યકિતનું નામ | કેટલી જમીન ગઇ? (હેક્ટરમાં) | જમીન લઇ લેનાર નું નામ અને ગામ (જમીન ખરીદનારનું નામ ) | કેટલા વર્ષ થયાં? | વળતર કેટલું મળ્યું હતું ? | જમીન લઇ લેવાનું કારણ ( જમીન વેચવાનું કારણ ) |
|---|---|---|---|---|---|---|---|
| ૪૮ | સિન્દોની | દેવજી-લાડકીયા | ૦-૪૦ | સોનીયા-અરજીયા (ખેડપા) | ૩વર્ષ | ૨૦૦૦ | સમાજીક અને ઘરખર્ચને પહોંચી વળવા |
| ૪૯ | બેસદા | સાયડી-ગોદિયા | ૧-૪૦ | ધર્મા-હેલિયા (બેસદા) | ૧૦વર્ષ | - | તેના પિતાને ધર્મા-હેલિયાએ ૨ વર્ષ પૂરતી ખેડવા જમીનની માંગણી કરતા તેના પિતાએ આપેલ મુદત પૂરી થતા પાછી |
| ૫૦ | બેસદા | ધાકલ-બાડકે<br>રામા-ગંગા<br>મંગલીયા-શંકર્યા<br>ગીરજીબેન-નારણ | ૧-૨૫<br>૧-૨૫<br>૧-૨૫<br>૧-૨૫ | આવજી- જાનડીયા<br>શંકર્યા-જાનડીયા<br>(બેસદા ) | ૧૯૮૪ માં | - | આપેલ જમીન આગાઉ જમીન નહીં આપેલ માલિકના મૃત્યુથી વારસદાર ન મળતા ખાલસા કરી તેમને આપેલ. બાદ મૃત્યુ પામનારના ભાઇના પુત્રો ને અમારી જમીન છે તેવું કહી પાડને નુકસાન અને છીનવી લેવા તૈયાર છે. |

આગળનું ચાલુ..

| ક્ર.નં. | કઇ શરતે જમીન આપી હતી ? (કઇ રીતે જમીન લઇ લીધેલ) | કેટલા વર્ષની મુદત માટે ? | વિશેષ નોંધ |
| --- | --- | --- | --- |
| ૪૮ | વેચાણના રૂપે જ | કાયમાં માટે | જે જમીન ઘરખર્ચ અને [illegible] સામાજીક પ્રસંગમાં જરૂરી રકમ માટે વેચેલ. જે જમીન કાયમી હકક અને વેચાણના રૂપે જ આપેલ છે. |
| ૪૯ | ૨ વર્ષ પૂરતી ખેડવા માટે (અડધા ભાગે ) | ૨ વર્ષની | જે જમીન સાચંડીના પિતા પાસેથી ધર્મા-ફોલિયાએ બીજાને ખેડવા અડધા ભાગે આપો છો તેની જગ્યાએ મને બે વર્ષ પૂરતી ખેડવા આપો. તેવા રજૂઆત કરતા ૨ વર્ષ પૂરતી આપેલ. મુદત પૂરી થતા તે જમીન પચાવી પાડેલ છે. |
| ૫૦ | - | ૧૯૮૪માં | જે મળેલ જમીન જમીન માલિકના વારસદાર ન હોઇ તેના મૃત્યુ બાદ જમીન વિઠોલા એવા ચારેય વ્યક્તિઓને તે જમીન આપેલ. બાદ મૃત્યુ પામનારના ભાઇના પુત્રોએ આ ચારેય વ્યક્તિઓની પાસેથી જમીન પડાવી લેવા અને પાકને નુકસાન કરવા માટે તત્પર થતા તેનો કેસ પણ ચાલુ જ છે. |

| અ.નં. | ગામ | જમીન માલિકનું નામ<br>જમીન વેચે વ્યક્તિનું નામ | કેટલી જમીન ગઈ? (હેક્ટરમાં) | જમીન લઈ લેનારનું નામ અને ગામ (જમીન ખરીદનારનું નામ) | કેટલા વર્ષ થયાં? | વળતર કેટલું મળ્યું હતું ? | જમીન લઈ લેવાનું કારણ ( જમીન વેચવાનું કારણ ) |
|---|---|---|---|---|---|---|---|
| ૫૧ | બેડપા | લાલ્યા-રાવજ | ૦-૮૦ | રામા-લાલનું (બેડયા) | ૧૯૮૧માં | - | તે લીધેલ જમીન રામા-લાલનીની જમીન પાસે જ હોઇ ને પણ મારી છે તે તમે ખોટી રીતે લઇ લીધેલ છે. |
| ૫૨ | વાંસદા | સોન્યા-કાકડ-જોબા | ૦-૩૫ | સામજી-ખરપડીયા લખા-લાલનું (વાંસદા) | ૧૯૮૦માં | - | તે સરકારીએ આપેલ નથી માત્ર સોન્યા-કાકડને જ આપેલ. બાકી તે અંદર બે વ્યક્તિઓ ખેડે છે તે સોમી-રતનશાના કહેવાથી ખેડે છે જેનો મારાથી વિરોધ થઇ શકતો નથી. |

ચાલુ...

અગાઉનું ચાલુ..

| અ.નં. | કઇ શરતે જમીન આપી હતી ? ( કઇ રીતે જમીન લઇ લીધેલ ) | કેટલા વર્ષની મુદત માટે ? | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૫૧ | - | - | પ્રશ્ન ને જમીન રામા લાડજુંની જમીન પાસે જ આવેલ તે જમીન અને રામાની જમીન વચ્ચે કોઇ અલગ પડે તેવું નિશાન નથી જેથી ખોડવામાં આવેલ પથ્થર પણ રામાએ અમલ કરી નાખેલ અને લઇ લીધેલ જમીન કુલ જમીનમાંથી અડધી છે. જે જમીન મારી છે તમે ખોટી રીતે લીધેલ છે ત્યાં સુધી મારી હદ છે તેવું કહીને પડાવી લીધે. |
| ૫૨ | - | ૧૯૮૦માં | જે જમીન સર્કલ શ્રીએ માપીને આપ્યા બાદ તે જમીનમાં તે બંને પણ ભાગીદાર છે તેવું જણાવીને ઓમી-રતનશાએ તે બંનેને પણ અડધી જમીન આપેલ છે જેની સરકારને ખબર નથી. |

| અ.નં. | ગામ | જમીન માલિકનું નામ - જમીન વેચે વ્યક્તિનું નામ | કેટલી જમીન ગઇ? (હેક્ટરમાં) | જમીન લઇ લેનાર નું નામ અને ગામ (જમીન ખરીદનારનું નામ) | કેટલા વર્ષ થયાં? | વળતર કેટલું મળ્યું હતું ? | જમીન લઇ લેવાનું કારણ ( જમીન વેચવાનું કારણ ) |
|---|---|---|---|---|---|---|---|
| ૫૩ | સિન્દોની | દેવજી-લાડક્યા | ૦-૬૦ | સોનુ-મોહન (ખેડપા) | - | ૧૫૦૦ | તે જમીન પૈસા ભર્યા પછી આપવા ના કરાર હોવા છતાં પૈસા આપવા છતાં પછી નહી આપવા જણાવે છે. (જોડણી) |
| ૫૪ | વાંસદા | માહદુ શંકર્યા | ૧-૮૦ | લીપજી-સોમાની પત્ની (વાંસદા) | ૩વર્ષ | - | તે પોતાની જ જમીન છે તેવા જવાબથી તેની જમીન પડાવી લીધેલ છે. (જોડણી) |

આમળનું ચાલુ..

| અ.નં. | કઇ શરતે જમીન આપી હતી ? (કઇ રીતે જમીન લઇ લીધેલ ) | કેટલા વર્ષની મુદત માટે ? | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૫૩ | લીધેલ ઉછીની રકમ પાછી નજ઼ા જમીન પાછી આપવાના કરારે | ૨ વર્ષ પુરતી (પૈસા ભર્યાની શરતે) | જે જમીન જરૂરી રકમ ઉછીની લેતા. તે રકમ ભરપાઇ ન થાય ત્યાં સુધી ખેડવાના કરારે આપેલ. બાદ રકમ હવે ભરવા છતાં જમીન પાછી આપવા તે તૈયાર નથી. |
| ૫૪ | - | - | તે જમીન આઉ ઓખી-રતનશાએ લીમજી-સોમાને ગણોતમાં આપેલ. બાદ પછી તે જ જમીન માહદુ - શંકર્યાને ઓખી.રતનશાએ આપતા બંને વચ્ચે ઝગડો થતાં માહદુ પાસેથી લઇ લીધેલ. |

ઉપર બતાવ્યા પ્રમાણે જુદા જુદા પટેલાનોના કિસ્સાઓ પરથી કોની કેટલી જમીન ગઇ છે કે ફેરબદલી થઇ છે. આમાં માત્ર એક નમૂના રૂપ છે. પણ ગામેગામ આવા અનેક કિસ્સાઓ પડેલા છે. જેમાં કેટલાક વિસ્તારોમાં ત્યાં વસતા બિનઆદિવાસી, માથાભારે લોકો એમના પણ અનેક કિસ્સાઓ રજૂ કર્યા હતા કે આદિવાસીઓને મારમારી, ખોટા કેસ કરી, ચોરીમાં સંડોવી, ધાકધમકીથી, થોડાક પૈસાના બદલામાં જમીનો પચાવી પાડેલ છે. જે એક વર્ષ માટે લીધેલ જમીનો પણ વર્ષો થયાં હોવા છતાં પરત કરતા નથી, આવા ભયગ્રસ્ત વાતાવરણમાં લોકો ભયથી જીવે છે અને તેમાંય પોતાના જીવનનિર્વાહનો આધાર ખૂંચવાઇ જાય છે છતાં મજબૂરીથી ભગવાન ભરોસે જીવન વિતાવે છે. આ ઉપરાંત કેટલાક પટેલાનના કિસ્સાઓ અક્ષરસહ તેમના શબ્દોમાં અહીં રજૂ કરીએ છીએ. જેવોએ તેમની મુલાકાતમાં આપેલ છે. અહીં આપેલ કિસ્સાઓનો કોઇપણ રીતે દુરુપયોગ ન થાય અને સહૃદયપૂર્વક તેને સમજવાની કોશીશ થાય તો આવા કિસ્સાઓ ઉકલી શકે અને વધુ માહિતી પણ પ્રાપ્ત થઇ શકે.

ક્ષેત્રકાર્યમાં પ્રાપ્ત થયેલ કિસ્સાઓને એજ સ્વરૂપે અહીં મૂકવામાં આવ્યા છે.

(૧) દેવજી ધાકલ કોંની (નાના રાન્ધા ) કે જેમની પાસે હાલ ૨ હેકટર અને ૫૬ આરે જમીન નોંધાયેલ છે. આ જમીન તેઓને ગણોત હકકથી થયેલ પરંતુ રફીક એમ. શીલવાલા જણાવે છે કે આ જમીન મારી પોતાની છે. આ જમીન મારા નામે અઠાવી છે આ જમીનમાં તમારો કોઇ હકક નથી આમ તેઓ દબાણ લાવે છે અને ખોટી ધમકી પણ આપે છે. દેવજી અત્યારે ધરમપુર તાલુકાના સિલ્ધા ગામે રહે છે પણ તેનો પુત્ર તુલસીરામ દેવજી ત્યાં રહે છે.

(૨) ધાવલુ સોવજી ( નાના રાન્ધા ) ની સર્વે નંબર ૧૬/૪ ની ૦.૩ આરે જમીન અને સર્વે ૧૬/૨ ની ૦.૪ આરે જમીન ૧૯૬૪-૬૫ ના વર્ષ દરમ્યાન ગણોત હકકથી મળેલ અને ૧૯૭૩-૭૪થી નવી અને અવિભાજ્ય શરતે માલિક તરીકે જમીન મળેલ પરંતુ આ જમીન હાલ રફીક એમ. શીલીવાલાએ પોતાની જમીન સાથે સામેલ કરેલ છે.

આ ઉપરાંત દપાડા પટેલાનનાં ગામોમાંથી પ્રાપ્ન થયેલ કિસ્સાઓ આ પ્રમાણે જોવા મળ્યા છે.

(૧) રામા બાબલુ ચૌધરી નામના એક આદિવાસી ભાઈને મળ્યો તેની સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે અત્યારે મારી પાસે જે જમીન છે તેમજ મારા કાકાઓ પાસે જે જમીન છે તે મારા બાપુજી ખેડતા હતા. મારા કાકા સોનજી કાલુ ચૌધરીની પાસે જે ત્રણ નંબર છે તે મારા છે એ મારા પાંચ નંબર તેની સાથે જ હતા અને અમે ખેડતા હતા મારા પિતાજીના મૃત્યુ પછી તેઓ મારી સાથે રોજ ઝગડા કરતા હતા મને મારતા પણ હતા અને ડરાવતા, જ્યારે મારાથી ના સહન થયુ ત્યારે મેં સેલવાસ ફોજદારી કરીને જમીન છૂટી કરી, અત્યારે મારી પાસે જે પાંચ નંબર છે તેમાં સર્વે નં ૧૦૪-૨-૬૨ જેટલી જમીન મારા કાકા સોનજી કાલુએ તેઓની દિકરી લીટા, વંસા ગૌરીને આપી દીધી છે. જે જમીનનું હાલ મહેસુલખત હું જ ભરું છું. જમીન મારા નામે છે પણ લીટા, વંસા , ગૌરી તે જમીન ખેડે છે. જો સરકાર આ મારી જમીન મને પાછી અપાવે તો બહુ સારુ. જૂના ભરણાંના પુરાં બિલો પણ મારી પાસે છે.

(૨) સોમજી દેવલા ચૌધરી નામના કોંકણા આદિવાસીની સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે હું ખાલી આઠે ભાગે તેની દીકરી સોનકી રામા ભસરા વારલીની ૧ એકર જમીન હું ખેડું છે. જમીન તેના નામ પર છે કોઈ વાર તેનું મહેસુલ ભરું છું અને કોઈ વાર તે ભરે છે. આ જમીન હું ખેડું છું અને તેને કંઈ પણ આપતોં નથી,

(૩) વાસોણા ગામમાં ગયો, ત્યાં આગળ દિવાસ દેવજી કરીને પ્રાથમિક શાળાનો શિક્ષક રહે છે તેમના ઘેર ગયેલો, તેમણે ઘર પાકુ બાંધેલ છે. માસ્તર સાહેબ ઘર ન હતા, પણ તેમના પિતાજી ઢેવાજી પોસલા બહેર ઘેર હતા તેમની સાથે ચર્ચા કરતાં જણાવ્યુ કે મારા દીકરા દિવાસે આ ગામમાં દેવજી કુરયા તુંબડાની બે એકર જેટલી જમીન વેચાતી રાખી છે તેમજ ભિખુ મરલા તુંબડા જે મૃત્યુ પામ્યો છે પરંતુ તેના વારસમાં એક છોકરી છે. તેની બધીજ જમીન પટ્ટા પર ખેડે છે, તેમજ સાગ નવસા કાકડ નામના એક આદિવાસીની જમીન જે રૂા.૩૦૦/- આપીને તે ખેડે છે. તેમજ ગુબડ સોનિયા સિંગડા નામના આદિવાસીની બે એકર જેટલી જમીન તેણે વેચાતી રાખી છે.ધર્મા જીવા કોંકણાની જમીન પાટીમાં છે તે જમીન પણ તે ખેડે છે.

(૪) વાસોણા ગામમાં સુખલા રાધા વાળું ને ત્યાં આગળ ચર્ચા કરતાં જાણવા મળ્યું કે રખોલીનો એક શેઠ છે. તેની જમીન હું પટ્ટા પર ખેડતો હતો. વર્ષે ૧૨ મણ ભાત તેને ત્યાં આપતો હતો મૂળ આ જમીન તો મારી માલિકીની છે પણ ભરણું મારાથી ન ભરાતા તેઓએ ભરણું ભરી જમીન તેમના નામે કરાવી પણ આ જમીન તો હું જ ખેડતો અને વર્ષે ૧૨ મણ ભાત ભરતો હતો જ્યારે ૧૨ મણ ભાત ન થયો ત્યારે તેઓ ૯ મણ ભાત અને એક જોડો લઇને એક વસુલ કર્યો હતો, જ્યારે માપણી આવી ત્યારે આ જમીન મારી પાસે જ હતી અને મેં મુદરા શિંગડાને ખેડવા આપેલ, પણ અમારા ગામમાં પૂનાભાઇ તલાટી, તેમજ ચંદરૂ અંધેર ગ્રામસેવકે મારી જમીન ખાલસા કરી લા ડા મુદરા શિંગડાને આપી દીધી, લાડકા મુદરા શિંગડાએ લાડનું મુદરા શિંગડાને આપી લાડનું મુદરા શિંગડાએ મારી તે જમીન ચંદરૂ નવસા અંધેર જે ગ્રામ સેવક છે તેને વેચી દીધી છે આ ગ્રામસેવક મારી જમીનમાં બંગલો બનાવવા મથે છે. પણ હું બનાવવા દેતો નથી આ જમીનમાં નહેર પડી છે. જેના વળતર રૂપે રૂા. 1000 આવેલા તે પણ લાડનું મુદરા શિંગડાએ લઇ લીધા છે.

(૫) વાસોણા ગામમાં રમણ દેવુ અંધેર ને મળ્યો તેમની સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે જે જમીન હું ખેડું છું તે મૂળ જમીન તો અમારા બાપદાદાની છે પણ તે દપાડાના સરપંચ પાસે છે જેનું ભરણું હું ભરું છું. ~~તે દપાડાના સરપંચ પાસે છે જેનું ભરણું હું ભરું~~ છું. છતાં પણ તેની અડધી ઉપજ દપાડાના સરપંચ લઇ જાય છે. જેઓ પારસી છે તેઓનું મૂળ વતન નરોલી છે. જે જમીન હું ખેડું છું તે પાંચ એકર જમીન છે જે સરપંચ પચાવી ને બેઠા છે ખેડું છું હું, પણ અડધો ભાગ તે લઇ જાય છે.

(૬) રાજ્યા ડાન્યા ભોયા નામના આદિવાસીને મળ્યો તેમની સાથે વાતો કરતાં જાણવા મળ્યું કે હું જે બે નંબર ખેડું છું તે જમીન અમારી હતી પણ તેનો પર નરીમાન દાદાભાઇ ભરતા હતા જેથી તે જમીન તેઓના નામે થઇ ગઇ હતી પણ તે જમીનમાં હું ગણોતિયો હોવાથી જ્યારે માપણી આવી ત્યારે પછી તે જમીન મારા નામ પર થઇ છે.

(૭) લક્ષી દેવજી કાકડ નામના આદિવાસીને મળ્યો તેમની સાથે વાતો કરતાં જાણવા મળ્યું કે રામાઇ રથ્યાકાકડની ૧ હેક્ટર ૨૭ આર જેટલી જમીન છે. તેનું ભરણું હું ભરું છું રામાઇ રથ્યાકાકડ, જેઓને હું કંઇ પણ આપતો નથી.

(૮) તા.૧૯-૧-૮૫ના દિવસે જ્યારે વાસોણા ગામમાં ગયો.ત્યાં આગળ ભદલા ગોપજી પારધીને મળ્યો તેમની સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે ઉસ્માન દાઉદ મુસલમાન પાસે જે જમીન છે તે અમારા પિત્રાઇઓની હતી પણ ઉસ્માન દાઉદ મુસલમાને તેનું ખંડ ભર્યું હતું જેના કારણે જમીન તેમના નામે થઇ ગઇ હતી હાલ તે જમીન ૨-૭૪ ગુંઠા છે તે હું ખેડું છું.

(૯) ચંદુભાઇ ગોપજી પારધી સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે મેં ઉત્તમ ગોપજી પારધીની ૨૦ ગુંઠા જમીન છે. તે જમીન ઉપર રૂા. ૫૦૦ આપ્યા છે, જેથી તે જમીન ઉપર હું કમાઉ છું ત્રણ વર્ષથી તે જમીન હું ખેડું છું. અને હાલ તે જમીન મારી પાસે છે અને મારી પાસે આ જમીન રહેવાની છે. હું ઉત્તમ ગોપજી પારધીની મુલાકાત માટે ગયો. પરંતુ તે બહાર કામ કરવા જતો હોવાથી તે મળ્યો નહિ.

(૧૦) લખમા જીવલા ધોડિઆની સાથે ચર્ચા થઇ તેણે જણાવ્યું કે મારે મારી દીકરીના લગ્ન વખતે પૈસાની જરૂર હતી જેના કારણે રખોલીના ખાટડી મજીનને મે બે ક્યારા રૂા. ૨૦૦૦ માં ગીરો આપ્યા છે અત્યારે તે બે ક્યારામાં કમાય છે તે રા એકર જમીન છે.

(૧૧) તા.૨૧-૧-૮૫ ના દિવસે ચિંચપાડા ગામમાં ગયો ત્યાં આગળ ઊંછા પાડામાં બાલી દેવજી ઠોઠાને મળ્યો, તેઓની સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે હું રામજી દેવજી પોસલાની રા એકર જમીન ખેડું છું. રામજી દેવજી પોસલા આ ગામમાં રહેતો નથી. તેની જમીન આ ગામમાં છે. બીજા ગામમાં તેની થોડી જમીન છે તે પોતે ખેડે છે. અને આ જે જમીન તેની મારી પાસે છે. તેનું હું તેને કંઇ પણ વળતર આપવાનો નથી અને આપતો પણ નથી અને આ જમીન પણ હવે પછી તે ખેડવા માટે આવે તો પણ હું તેને ખેડવા માટે આપવાનો નથી.

(૧૨) ભીખા છગન ઢોડિઆ પટેલની બાઇ સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે આ ચીંચવાડા ગામમાં જે સરકારી પ્લોટ આપવામાં આવ્યા છે. તેમાંથી મોટાભાગના પ્લોટ જે તે લોકો ખેડતા નથી અને બીજાને આપી દે છે. અહીંયાં રામજુ માહલા અદિવાસીની જમીન સુરજા સીંગડા વારલી નામનો માણસ ખેડે છે. મગન બાલુ ઢોડિયા પટેલ જે મસાટ ગામનો છે તેને અહીંયાં રા એકર જમીનનો સરકારી પ્લોટ આપવામાં આવ્યો છે. પરંતુ આ પ્લોટ તે ખેડતો નથી અને વર્ષે ૩૦૦ રૂપિયામાં આપી દીધો છે જે કોઇ ઢોડિયા પટેલે રાખેલ છે.

(૧૨) સોમલા ઢોડીઆ પટેલ જે કુડીસાનો વતની છે. મંગલા વારલી સાયલીનો છે તેને ચીધ પાડામાં ૧ હેકટર જમીન સરકારી પ્લોટ આપવામાં આવ્યો છે. પણ તે જમીન તે ખેડતો નથી પણ કુડાસાનો સોમલા ઢોડિયા કમાય છે. અને મંગલા વારલીને કંઇ પણ આપતો નથી.

(૧૩) જવણ રાવત કોંકણાની જમીન જે સરકારે પ્લોટ આપ્યો છે તેમાં ખેતી કરતો નથી પણ જતર કોંકણા ચીંચપાડાનો છે. તે જવણ કોંકણાની જમીન ખેડે છે. અને વર્ષે ૧૦૦ થી ૨૦૦ રૂપિયા આપે છે.

(૧૪) બાલુ વજીરને ચીંચપાડામાં તેને રા એકરનો પ્લોટ આપવામાં આવ્યો છે. છતાં તે જમીન તે કરતો નથી પરંતુ ઢોડિયા પટેલ મણી વજીર તે જમીન પર કમાય છે.

ચીંચપાડામાં મોટાભાગના નાના ખાતેદારો છે તે જમીનવિહોણા મજૂરો છે. જંગલની જે જમીન સાફ કરવામાં આવી. હતી તે જમીન તેઓને આપવામાં આવી છે. આ જમીન ચીંચપાડાની આજુબાજુના ગામોના જમીન વિહોણા મજૂરો ધરાવે છે તેઓની જમીન રેકર્ડ પર ચીંચપાડામાં બોલે છે પણ તેઓ આ ગામમાં રહેતા નથી તેઓ તેમની જમીન પર ફકત છાપરૂ ખેતુ ઊભું કરી ને જતા રહયા છે.

(૧૫) ચીખલી ગામમાં ગયો ત્યાં આગળ દેવજી ભીખલા નામના આદિવાસી સાથે મુલાકાત થઇ તેમની સાથે ચર્ચામાં જાણવા મળ્યું કે લખમા ધાકલ રા એકર, ધાકલ સુરજી ૩ા એકર ચેના કુટાડા વગેરે લોકો કાદીર ઇસ્માઇલની

જમીન ગણોને ખેડતા હતા પણ ખેડે તેની જમીનનો કાયદો આવ્યો ત્યારથી તેઓએ તેમની પાસેથી જમીન પડાવી લીધી છે અને તેઓને ખેડવા માટે આપેલ નથી અને તેઓને મારી નાખવાની ધમકી આપેલ જેના કારણે તેઓએ આગળ કંઇ પણ કાર્યવાહી કરી નથી.

(૧૬) દેવજી હરજી ગરૂડા સાથે વાતચીતમાં જાણવા મળ્યું કે જ્યારે અમો કાદીરની જમીન ખેડતા હતા, ત્યારે તેઓ કોઇ વર્ષ ઓછું અનાજ પાકતું ત્યારે બીજા વર્ષ ડબલ લેતા. જેના કારણે અમારાથી xk ખંડના ભરાયો ત્યારે તેઓએ અમારી પાસેથી જમીન લઇ લીધી છે.

(૧૭) ગંગા ભાદીખા ડૂરાડા નામના આદિવાસીની જ્યારે મેં મુલાકાત લીધી ત્યારે ત્યાં આગળ ઘણા આદિવાસી ભાઇઓ મારી ચર્ચા સાંભળવા માટે ભેગા થયા તેમની સાથે જમીન અપહરણ અંગેની ચર્ચા કરતાં જાણવા મળ્યું કે જ્યારે ફિરંગી રાજય હતું xxxk ત્યારે અમારા આદિવાસીઓ વધુ પછાત હતા તેઓનામાં કંઇ પણ પ્રકારનું જ્ઞાન હતું નહિ, ત્યારની પ્રજા ખૂબ લાચાર હતી પોતાનું પેટીયું ભરવા માટે તે વેઠપણ કરતી, જ્યારે ફિરંગીના વખતમાં આ વિસ્તારમાં મુસલમાન, પારસીઓ, આવ્યા તેમણે દારૂની સૌ પ્રથમ દુકાન કરી અને લોકોને ઉધારે પણ દારૂ આપ્યો જેમ દારૂ ઉધાર મળવા માંડયો તેમ તેમ આદિવાસોનું દારૂનું દેવું વધી ગયું આ દેવામાં તેઓએ તેમની જમીનો લખાવી લીધી આ રીતે આ પારસી અને મુસલમાન પ્રજા મ્હી આગળ જામી પડી.

(૧૮) ચીમલી ગામમાં જમીન ફેરબદલીની સમસ્યાઓ જોતા મોટા ભાગના ખેડૂતો ગણોતિયામાંથી ખેડૂતો બનેલા છે. તેઓ કોઇ શાહુકારને જમીન ન આપતાં અંદરો અંદર પોતાના જાતિ ભાઇને જમીન ભાગે, સાંથે, તેમજ ગીરો આપે છે. જમીન વેચાણના કિસ્સાઓ નથી. આ ગામમાં કાદીર ઇસ્માઇલ નામનો મુસલમાન શેઠ છે તેની પાસે ગામની ત્રીજા ભાગની જમીન છે. અને મુખ્યત્વે તે ઘાસ માટે પડી રહી છે. કેટલાક ગણોતિયા તેઓની જમીન ખેડતા હતા પણ ખેડે તેની જમીનનો કાયદો આવ્યા પછી તેઓને ધાક ધમકી આપી તેઓની પાસેથી ઝૂંટવી લેવામાં આવી છે.

(૧૯) ગામ સુરંગીના કેટલાક કિસ્સા મારા જાણવામાં આવ્યા ભાદલા સોન્યા ડાકક તેની ત્રણ એકર જેટલી જમીન છે જે ચંચરજી વૈદના ખેતર નજીક આવેલી છે. ચંચરજી વૈદે શેરડી કરવા પાળા બાંધ્યા ત્યારે વચ્ચે તેની જમીન આવેલ હોવાથી તેમાં પણ પાળા બાંધીને શેરડી કરી દીધી છે. એક વર્ષ માટે લીધેલ હતી અને પાંચ વર્ષ થયાં છતાં પાછી આપતા નથી. જે જમીન ભાદલા સોન્યાના નામ પર બોલે છે અને તેનું ભરણું પણ વાદીઓ જાતે ભરે છે છતાં પણ આમા દામ અને દંડની રીતે આ જમીન ચંચરજી વૈદ પડાવીને ખેડે છે.

(૨૦) ખેડૂત બીજલબેન ડાહ્યુ ડોકિયાની જમીન છે. જે જમીન ૧ હેકટર જેટલી જમીન જતરા બેંડયા પિસાલ ખેડે છે. એક વર્ષ ખેડવા માટે આપેલ હતી. હાલ જતરા બેંડયા તેમને જમીન પાછી આપતો નથી અને પાક પણ કંઇ આપતો નથી.

(૨૧) માદિયા ડાકડીયા ઓજાર્યા નામનો ઇસમે જણાવ્યું કે ગુડર રાઠીયા ડલાડીયાએ મારી જમીન હું જ્યારે નારગોળ ચંચરજી વૈદના ત્યાં કામ કરવા ગયો હતો ત્યારે માપણી આવી અને જે મારી ખેડની જમીન હતી તે તેમણે તેમના નામ પર કરી નંખાવી છે અને હાલ તે જમીન તે ખેડે છે અને મને કંઇ પણ આપતા નથી.

(૨૨ ) કુરડા હોલિયા ડાવરીયાની જમીન ભિખુ રજપુત ખેડે છે. આ જમીન તેની જમીનને લાગીને આવી હોવાથી શેરડી કરવા માટે તેમણે ખોટી લાલચ આપી લઇ લીધી છે. પાંચ વર્ષ થયાં પણ તેઓને જમીન પાછી આપતા નથી અને જમીનનું કંઇ પણ વળતર આપતો નથી આ જમીન કુરાડા હોલિયાના ખાતામાં છે ભરણુ પણ તેજ ભરે છે.

(૨૩) દેવાજી રામા ડાવરીયાની જમીન ૨ાા હેકટર ભિખુ રજપૂત કરે છે દેવજી રામાની મુલાકાત કરતાં જાણવા મળ્યું કે આ જમીન રૂ.૧૦૦ ના પટ્ટાપર એક વર્ષના ગાળા માટે આપવામાં આવી હતી પણ હાલ આ જમીન ભિખુ રજપુત કરે છે અને આ જમીન પાછી આપવાની ના કહે છે. ધાક ધમકી આપે છે. આ જમીન મારા ખાતામાં છે જેનું મહેસુલ હું ભરું છું.

(૨૪) ચેના પાહુની મુલાકાત કરતાં જાણવા મળ્યું કે મારી ૧ એકર જમીન ભિખુ રજપૂત પાસે છે. મારા દિકરાના લગ્ન માટે રૂા. ૫૦૦ લાવ્યો હતો. તેના પૈસા વ્યાજ સાથે આપી દીધા છે. છતાં પણ મારી જમીનનો કબજો છોડતો નથી. અને જમીન મને ખેડવા આપતો નથી મને મારવાની ધાક ધમકી આપે છે.

(૨૫) બાબન માહ્યા ગોરાતની રાા એકર જમીન ભિખું પાસે છે, બાબન માહ્યાની મુલાકાત કરતાં જાણવા મળ્યું કે મારો છોકરો ઝાડ પરથી પડી જતાં તેને વાપી દવાખાનામાં લઇ ગયો હતો. દવાખાનુ બીલ ૩૦૦ રૂપિયા થયું હતું તે બીલ ભિખુ રજપુતે ભર્યું હતું. આ ત્રસો રૂપિયામાં તે રાા એકર જમીન ખેડે છે. પાંચ વર્ષ થયાં છતાં ત્રસો રૂપિયા વસુલ થયા નથી તેમ જણાવે છે હજુ ત્રસ વર્ષ પછી X જમીન તને પાછી આપીશ તેમ ખોટા વાયદા કરી મારી જમીનની ઉપજ તે ખાય છે. આ જમીન મારા ખાતામાં છે. જેનું જમીન મહેસુલ પણ હું જ ભરું છું.

(૨૬) દસમા જાન્યા વડીયાની ૧ાા એકર જમીન છે જે જમીન ભીખુ રજપૂત ખેડે છે. દસમા જાન્યા વડીયાની મુલાકાતમાં જાણવા મળ્યું કે આ જમીન મારા દિકરાના લગ્ન માટે રૂા. ૫૦૦ લાવ્યો હતો. તેથી આ જમીન ખેડે છે. ચાર વર્ષ થયાં તેના પૈસા પણ આપી દીધા છે. છતાં તે જમીનનો કબજો છોડવાનું ના કહે છે. અને જમીનન ખેડવા દેવા માટે ધાક ધમકી આપે છે.

(૨૭) વનસુ રામજી દાભાડીયાની ૧ાા એકર જમીન ભીખુ રજપૂત ખેડે છે. વનસુ રામજી દાભાડીયાની મુલાકાત કરતાં જાણવા મળ્યું કે આ જમીન મને ગણોત ધારામાં મારા નામે થઇ છે. છતાં ભિખુ રાજપૂત ખેડે છે. તેણે મારી ખાતાવહી પણ લઇ લીધી છે. જમીન મારા નામે છે. તેનું જે ભરણું થાય તે ભરે છે. અને જમીનનું કોઇ પણ પ્રકારનું વળતર મને આપતો નથી. આ જમીન તે મારો ભાણેજ થાય તેમ કહી મામલતદાર કચેરીમાં અરજી કરી જમીન તેના નામે કરાવવા ફરે છે. અમે રહયા આદિવાસી અને તે રજપૂત અમારો ભાણેજ કઇ રીતે થાય, ~~[illegible]~~. ખરેખર મારી જમીન છે અને મને પાછી મળવી જોઇએ.

(૨૮) પંદરૂ બાદીસા ધાંગડા : ની સાથે મુલાકાત કરતાં જાણવા મળ્યું કે તેમની ૧ એકર જેટલી જમીન ભીખુ રજપુત કરે છે રૂા.૧૦૦ માં એક વર્ષ માટે ખેડવા આપેલ અને હાલ ચાર વર્ષથી આ જમીન તેઓ ખેડે છે જમીન મારા નામ પર છે તેનું ભરણું પણ મારા નામેજ ભરાય છે. છતાં ભિખુ મને ખેડવા દેતો નથી.

(૨૯) દેવલા જાન્યા ધાંગડાની મુલાકાત કરતાં જાણવા મળ્યું કે દેવલા જાન્યા ધાંગડાની જમીન કાસમભાઇ મુસ્લિમ ખેડે છે. આ મૂળ આ ગામમાં રહેતાં નથી તે ઉમરગામ રહે છે. અને જમીનનો અડધો ભાગ લઇ જાય છે બધા પ્રકારની મજૂરી દેવલા જાન્યા કરે છે અને મહેનતનું અડધું ઉત્પાદન કાસમભાઇ લઇ જાય છે. આ જમીન ગણોતે હતી અને તે જમીન દેવલા જાન્યાના નામ પર છે.

(૩૦) માહદુ શંકર ચુંભાડીઆ તેઓની મુલાકાતમાં જણાવ્યું કે અમારા ગામના રજપૂત ભિખુભાઇ મારી ૧ એકર જમીન ખોટી રીતે પડાવીને બેઠા છે મારી જમીન તેમની જમીનને અડીને આવેલ હોઇ એક મોટો પ્લોટ કરવા માટે મારી જમીન દબાવીને બેઠાં છે. મને ખેડવા માટે આપતાં નથી અને તે ખેતરમાં પણ જવા દેતાં નથી અને કોઇપણ પ્રકારનું વળતર આપતાં નથી હાલ મારા ખેતરમાં તે શેરડી ઉગાડે છે વર્ષે હજારો રૂપિયાની શેરડી લઇ જાય છે છતાં કંઇ પણ આપતાં નથી.

(૩૧) રાધા સોન્યા ધાંગડાની સાથે મુલાકાત કરતાં જાણવા મળ્યું કેમારી ૧॥ એકર જમીન ભિખુ રજપુત કરે છે.એક વર્ષે ડાંગર કરવા માટે મેં જમીન આપી હતી ત્યારથી તે હડક જમાવી બેઠો છે માથાભારે માણસ હોઇ તેની સાથે વધુ બોલી પણ શકાતું નથી અને જમીન પાછી આપવાનું ચોખ્ખી ના પાડે છે.

આ ઉપરાંત આ ગામમાં ઘણા કિસ્સાઓ હોય તેમ લાગે છે. ચંચરજી વૈદ પારસી પાસે. આવા ઘણા લોકોની જમીન છે. લોકોને મારવાની બીકના કારણે તેઓ કંઇ જવાબ આપી શકયા નથી. એક આદિવાસી ભાઇએ નામ અહીં આપ્યું નથી. જણાવ્યું કે આ પારસી પાસે ઘણા લોકોની જમીન છે. પણ તે આ ગામના રાજા જેવો છે લોકોને તેની ઘણી ધાક છે.જેથી કોઇ જવાબ આપતું નથી.

(૩૨) ગામ દપાડાના મરીયા દેવજી વારલી. હાલ દેવલોક પામ્યો છે. તેની પત્નિએ તેની મરણક્રિયા કરવા માટે નટુ પારસી પાસે રૂા. ૫૦ લીધા હતા અને આ ૫૦ રૂપિયામાં ૧ એકર જમીન તેઓ ખેડે છે. ભાદીઆ ભિખા ફરારા વારલી નામના આદિવાસી સાથે મુલાકાત થતાં જાણવા મળ્યું કે હું ધાકલ કોળી પુવારની રૂા. ૧૦૦માં ત્રણ વર્ષના ૨ા એકર જમીન ખેડુ છું, અને આ જમીન હવે હું જ કરવાનો છું. ધાકલ કોળી પુવાર સાથે મુલાકાત માં જાણવા મળ્યું કે મારે કોઇ ખેતી કરનાર નથી જેથી વર્ષે ૧૦૦ રૂપિયા લઇને તેમને ખેડવા માટે આપું છું.

( ૩૩) સોનિયા ગુરીયા નામના આદિવાસીની સાથે મુલાકાત માં જાણવા મળ્યું કે ધાકલ વારલી રૂા. ૧૫ માં હું ત્રણ વર્ષથી તેની જમીનમાં કમાઉ છું.

(૩૪) જેઠીયા ઓઠવા જે સોમન, વારલીની રૂા. ૧૦૦ માં ૧ એકર જમીન ખેડે છે. તેઓની પાસે જમીન ઓછી હોવાના કારણે તેઓએ જમીન રાખી છે. જ્યારે સોમન વારલીનો સંપર્ક સાધતાં જાણવા મળ્યું કે મારા દિકરાની બાધા કરવા મે રૂા. ૧૦૦ જેઠીયા ઓઠવા પાસેથી લીધા હતા અને ૧૦૦ રૂપિયામાં મારી ૧ એકર જેટલી જમીન તેને ખેડવા માટે આપેલ છે.

(૩૫) માહજી મુંદરા નામના એક આદિવાસીની સાથે મુલાકાતમાં જાણવા મળ્યું કે મે ધનજી જમના વળવીની રૂા. ૧૦૦ માં એક એકર જમીન પટ્ટે પર રાખેલ છે. ધનજી જમના વળવીની મુલાકાતમાં જાણવા મળ્યું કે મારી દિકરીના લગ્ન માટે પૈસાની જરૂર હતી જેથી મે રૂા. ૧૦૦ લઇ જમીન ખેડવા આપેલ છે. વર્ષથી તે જમીન ખેડે છે.

(૩૬) બાપજી પંદર વનસા ઠોડિયાની જમીન માધુ ધાવસા વારલી એક એકરના રૂા. ૧૦૦ આપીને ખેડવા રાખેલ છે. બાપજી પંદર વનસા ઠોડિયાની મુલાકાતમાં જાણવા મળ્યું કે મારી આર્થિક સ્થિતિના કારણે ખેતીમાં ખર્ચ ન થવાના [કરી શક્યાને] કારણે એક વર્ષના રૂા. ૧૦૦ લઇને ખેડવા માટે આપી દીધા છે.

<u>સૂચનો</u> :

જમીન અપહરણ અંગેના અનેક કિસ્સાઓ ઉપર બતાવ્યા પ્રમાણેના જોયા, આવા વિવિધ પ્રકારના કિસ્સાઓ આ સંશોધન વિસ્તારમાં જોવા મળે છે. જેનો ગંભીરતા પૂર્વક વિચાર માગી લે છે, કારણકે દિવસે દિવસે આ પરિસ્થિતિ વધતી જશે ગરીબ અને ઓછી જમીન ધરાવતા પોતાની જમીનો ગુમાવતા જશે અને ખેતમજૂરી તરફ ધકેલાતા જશે તો આ પરિસ્થિતિ બહુ વણસે તે પહેલાં તેના ઉપાયો વિચારવા આવશ્યક બની જાય છે, ક્ષેત્રકાર્યને આધારે આ માહિતી આધારિત કેટલાક ઉપાયો અહીં રજૂ કર્યા છે. જેનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઇએ.

(૧) કાનુની રીતે આદિવાસી આદિવાસીને પણ જમીન વેચી શકતો નહીં હોવા છતાં ગેરકાનુની ધોરણે ખાનગીમાં જમીનની ફેરબદલી થાય છે તો આવા કિસ્સાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી તેને રોકવા માટેનું અલગ વ્યવસ્થાતંત્ર ઊભું કરવું જોઇએ, અને આવા કિસ્સાઓમાં મજબૂરીનો ભોગ બનનારને તેની જમીનો પરત અપાવવી જોઇએ.

(૨) જમીન અપહરણ અંગેના કિસ્સાઓ એકત્ર કરી ૧૫ વર્ષ પહેલાં જે જમીનના મૂળમાલિકો આદિવાસીઓ હોય અને જેમની જમીનો કાનુની કે ગેરકાનુની રીતે ગઇ હોય તેમને પરત અપાવવી જોઇએ. એટલે કે એવો કાનુન કરવો જોઇએ કે ૧૫ વર્ષ પહેલાંની સ્થિતિને આધાર બનાવી મૂળ માલિકોને જમીનો સોંપવી જોઇએ, ભલે કાનુની રીતે ફેરબદલી કરવામાં આવી હોય, કારણકે કાનુની રીતે ફેરબદલીઓ કરવામાં આવી છે તેમાં પણ મોટાભાગના કિસ્સાઓમાં કાનુનમાં રહેલી છટબારીઓનો લાભ લઇ શામ, દામ અને દંડની નીતિ અખત્યાર કરી આદિવાસીને મજબૂરીની પરિસ્થિતિમાં લાવી થયેલ હોય તેવું લાગે છે, તો પંદર વર્ષ સુધીનો રીવ્યુ કરી ઝડપથી પગલાં ભરવાં જોઇએ.

(૩) કાનુની રીતે કલેક્ટરશ્રીની પરવાનગી સિવાય આદિવાસી આદિવાસીને પણ જમીન વેચી શકતો નથી પણ પોતાની જમીન એન.એ.કરાવી વેચી શકે છે તો આ છટકબારીનો લાભ આદિવાસીઓની જમીનો

પડાવી લેનાર ધનિકો, તેમાં સુખી આદિવાસી, વ્યાપારી, શાહુકાર કે કોઇપણ બિનઆદિવાસી કે અધિકારી હોઇ શકે છે. કારણ કે દા.ત. સેલવાસની આસપાસની જમીનોમાં આવા પ્રકારની છટબારીઓનો ઉપયોગ વધુ પ્રમાણમાં થાય છે તો આને રોકવા માટે અલગ કાનુન કરવો જોઇએ, આ છટકબારીનો પુરે પુરો લાભ લઇ સસ્તા ભાવે જમીનો પડાવી લેવામાં આવે છે તેને રોકવામાં આવે તો પોતાની મોંઘી જમીનના ટૂકડો જે જીવનનિર્વાહનો આધાર છે તે બીજાઓના પાસે જાય તે પહેલાં તેને બચાવી શકાય.

(૪) જમીન અપહરણના કિસ્સાઓમાં માથાભારે, લાગવગ ધરાવનાર, પૈસાપાત્ર વ્યક્તિઓ ભયમુકત ગરીબ આદિવાસી બને તેવા પ્રયત્નો કર્યા, સિવાય વાસ્તવિક હકીકતો બહાર આવશે નહીં આ માટે ખાનગી ધોરણે તેની તપાસ કરાવવી જોઇએ તેમજ આવા કિસ્સાઓમાં પ્રથમ તો કોઇપણ સંજોગોમાં કાનુની રીતે ફેરબદલી ન કરવી જોઇએ તેમજ સંજોગોવશાત કરવી પડે તો તેને પુરેપુરી ચકાસણી કરવી જોઇએ અને ગેરકાનુની રીતે ખાનગીમાં લખાણપટ્ટી કે મૌખિક કરારે થયેલ જમીનની ફેરબદલીના કિસ્સાઓ બહાર મૂકી શિક્ષાત્મક પગલાં લેવાં જોઇએ.

(૫) જમીન અપહરણના કિસ્સાઓ ઉભા થવાનું મુખ્ય કારણ દેવું છે, તો દેવાનાબુદી માટેના વિવિધ પગલાં ભરવાં જોઇએ. તેના માટે આર્થિક વિકાસના કાર્યક્રમોમાં ગરીબની રેખા ઉપર આવી જાય તેવા કાર્યક્રમો અમલવા જોઇએ કે જેને આધારે તે કુટુંબો નિઃસહાય સ્થિતિમાંથી બીજાના આધાર સિવાય પોતાનો વિકાસ કરી શકે એટલે કે જે કુટુંબોને મદદ કરવામાં આવે તેમને લાંબાગાળાની ઉત્પાદનલક્ષી યોજનાઓ નીચે આવરી લેવા જોઇએ કે જે કુટુંબો સ્વતંત્ર રીતે જીવનનિર્વાહ કરી શકે.

(૬) જમીન સુધારણા કરી, પાળાબાંધી, કયારીઓમાં જમીન પરિવર્તીત કરી નાનાનાના જમીનના ટૂકડાઓ પણ પોષાણક્ષમ બની શકે તેવા

ઝડપી કાર્યક્રમો હાથ ધરવા જોઇએ અને ખેતી વધુ સારી કરી શકે અન્યની મદદ સિવાય તે માટે ખેતીનાં સાધનો, બિયારણો, પશુઓ, ખાતરો વગેરે સબસીડીને ધોરણે જરૂરિયાત વાળાને આપી ઉત્પાદનલક્ષી કાર્યક્રમો નીચે આવરી લેવો જોઇએ.

(૭) શક્ય હોય તો ગૃહઉદ્યોગોનો વિકાસ તેમજ યુવાનવર્ગને નવા નવા ધંધાઓની તાલીમનો વ્યાપ વધારી આ પરિસ્થિતિમાંથી બહાર લાવી શકાય. જેમાં સીવણ, મોટર મીકેનીક, મોટરરીવાઇંગ, ડ્રાયવર, ઇલેક્ટ્રીક ફીટીંગ, સુથારી, લુહારી, કડિયાકામ વગેરે તાલીમો સાથે જે તે તાલીમાર્થીને તેનાં સાધનો પુરાં પાડી તે તરફ જાય તેવો પ્રયત્નો કરવા જોઇયે માત્ર તાલીમ વર્ગો કે તાલીમાર્થીની સંખ્યાથી સંતોષ ન માનતાં તે માટેનાં વ્યકિતગત કે સામૂહિક સાધનો ઉભાં કરી તે તાલીમાર્થીઓને તેમાં જોડવાં જોઇએ.

(૮) આસપાસમાં ઘણું જંગલ છે તો આ જંગલોની ગૌણ પેદાશોના યોગ્ય ભાવ મળે તેમજ જંગલખાતા દ્વારા ૧૫ વર્ષની લાંબા ગાળાની યોજનાઓ બનાવી તેનો લાભ મળે તેવા પ્રયત્નો કરવા જોઇએ, જેમાં સામાજિક વનીકરણ જેવા કાર્યક્રમો હાથધરી વૃક્ષોનો ઉછેર કરતો થાય અને તે વૃક્ષોમાં ઉછેરમાં તેને ભાગીદાર બનાવી આર્થિક મદદ મળે તેવા કાર્યક્રમોને અગ્રીમતા આપવી જોઇએ, આ ઉપરાંત જંગલ સહકારી મંડળીઓ ઊભી કરી તે દ્વારા જંગલ કટીંગ કે જંગલ ઉછેરના કાર્યક્રમો હાથ ધરવામાં આવે તો આદિવાસીઓને જ તેનો લાભ મળી શકે, અને અન્ય ઉદ્યોગો કરતાં જંગલપર આધારિત ઉદ્યોગ ધંધાને વધુ મહત્ત્વ આપવામાં આવે તો પોતાનાજ વિસ્તારમાં તેને કામ મળી રહે જેમાંથી પુરક આવકો મેળવી શકે.

(૯) શિક્ષણનો વ્યાપ વધારવા માટે દરેક પટેલાતોમાં એક એક આશ્રમશાળા શરૂ કરવામાં આવે શરૂઆતમાં તો તે દ્વારા શિક્ષણનો

વધુ વ્યાપ થાય, આ આશ્રમશાળા મહેનવાડીના સ્વરૂપે ઊભી થાય જે માત્ર શિક્ષણની એક સંસ્થા ન બનતાં આસપાસના ગામોના વિકાસનું કેન્દ્ર બની રહે.

(૧૦) શિક્ષણનો વધુ વ્યાપ થાય તે માટે ગુજરાત સરકારે અત્યંત ગરીબીમાં જીવન જીવતી જાતીઓ ( પ્રિમીટીવ ટ્રાઇબ ) માટે એક નવી યોજના બનાવી છે કે આવી જાતિઓના બાળકોને દર મહિને હાજરી પ્રમાણે માસિક અનાજ કે પૈસા દર માસે આપવામાં આવે છે જે દ્વારા નિશાળે જતા બાળકોની સંખ્યા વધે અને શિક્ષણ તરફ આકર્ષાય તેમજ બાળકોના વાલીઓને પણ તેમાં રસ પેદા થાય આર્થિક મદદને કારણે.

(૧૧) સામાજિક સંસ્થાઓનો વિકાસ શક્ય હોય તેટલો વધુ પ્રમાણમાં થાય તે જરૂરી છે જેના દ્વારા સ્થાનિક કાર્યકરો, ત્યાંના લોકો, યુવકો, વ્યાપારીઓ કે પૈસાપાત્ર લોકો પોતાના ધનને આ વિસ્તારના વિકાસમાં ફાળો આપતા થાય તેમજ તેઓ વિકાસના ભાગીદાર બને તો આદિવાસી - બિનઆદિવાસીનું અંતર પણ ઓછું થઇ શકે.

(૧૨) દેવાને કારણે જમીન, ઘર, વૃક્ષો બીજાના હાથમાં ન જાય તે માટે રક્ષાત્મક ધારાઓ કરવા જોઇએ, તેમજ સરકાર પોતે જ સામાજિક ખર્ચ માટે ધિરાણ કરે, અથવા તેમાં ઘરેણાં શાહુકારો પાસે જાય તેને બદલે બેંકો જ આ ઘરેણાં પર ધિરાણ કરે તો જે ઘરેણાં કાયમી દેવામાં ડૂબી જાય છે તેમાંથી પણ બચી શકે.

(૧૩) આદિવાસીઓની સંસ્કૃતિનાં મૂળગત તત્વો નૃત્ય, ગીતો, વાજીંત્રો વગેરેમાં રસ લઇ તેને જીવંત રાખવા જોઇએ તો જ તેના જીવનની નિરાશા ઓછી થશે અને ધબકતા જીવનનો આસ્વાદ માણી શકશે. જેના વિકાસ અર્થે સરકારી ધોરણે ઇનામો, સહાય વગેરે યોજી પોતાની સંસ્કૃતિના ગૌરવને બિરદાવવાથી પોતે પણ ગૌરવ અનુભવી શકશે.

# પ્રકરણ : ૭

## નિષ્કર્ષ અને સુઝાવ

## પ્રકરણ : ૭

## નિષ્કર્ષ અને સુઝાવ

દાદરા નગર હવેલી વિસ્તારમાં લગભગ ૮૦ %, અનુસૂચિત જનજાતિની વસ્તી છે. કુલ ૭૨ ગામ ૧૦ પટેલાતમાં વહેચાયેલા છે. તેમાં મોટે ભાગે વારલી, કોકણા, ધોડિયા, દુબળા, કાથોડી, ઢોળકોળી, નાયકા વગેરેનો સમાવેશ થાય છે. આ લોકોની જમીન તો લગભગ પોતપોતાના નામે જ જોવા મળે છે. છતાં કેટલીક જગ્યાએ બીજા કોઇ જમીન ખેડતા હોય અને ખાલી પેન્સીલથી બીજાના નામની એન્ટ્રી પાડી હોય છતાં તે જમીન કાયદેસર તો જે તે માલિકની જ ગણાય. આમ તો અહીંની જમીન બીજાને વેચવી હોય તો પણ કલેકટરશ્રીની મંજૂરી લેવી પડે છે. છતાં લોકો ધાલે અથવા બાકા પટ્ટે બીજાને સોંપી દે છે. જેથી બીજા કોઇ જમીન ખેડી તેની ઉપજ લઇ શકે છે. આવી જમીન પારસી, ખોજા, મુસલમાન કે રજપૂત ( ક્ષત્રીય ) જેવા લોકો ખેડતા હોય છે. આ જમીન પર ઉછીના પૈસા લીધેલા હોવાથી તેના બદલામાં જમીન આપી દીધી હોય છે. પણ સરકારી રેકર્ડમાં તો જે તે માલિકનું જ નામ બોલતું હોય છે. ખાનગી રીતે વકીલની સલાહ મુજબ ૫ રૂપિયાથી ઉપરના દસ્તાવેજી સ્ટેમ્પ પેપર પર જે તે વ્યક્તિ પાસે જમીન લખી લેવામાં આવતી હોય છે. આવા દસ્તાવેજ અમે ક્ષેત્રકાર્ય દરમ્યાન જોયા છે. કેટલાક લોકો ભયના માર્યા આવા લખાણ બનાવતા પણ નથી.

### દારૂનું વ્યસન :

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ ગુજરાતના કેટલાક આદિવાસીઓ દારૂ પીવે છે. તો આ તો કેન્દ્ર શાસિત દારૂ-બંધીથી મુક્ત એવો પ્રદેશ અને મોટા ભાગના આદિવાસી લોકો જ ત્યાં છે. આ લોકો ~~આખો દિવસ~~ દારૂ-તાડીનો ~~ચકચૂર જ રહેતો હોય છે~~ ઉપયોગ વધુ કરે છે. અને તેમને વધુ પડતો ખર્ચ દારૂમાં જ થતો હોય છે. જો કે માહિતી મળ્યા મુજબ આ લોકો દારૂ પીધેલી હાલતમાં પણ જમીન લખી આપતા નથી. તેઓ જમીન પ્રત્યે સજાગ છે તેવું જાણવા મળ્યું છે. આ લોકો પાસેથી માહિતી મળ્યા મુજબ જાણવા મળ્યું છે કે અમે જ્યારે દારૂ પીવા બેસીએ ત્યારે ગમે તેટલો દારૂ પી નાખીએ છીએ. તેમાંય ઘરે કોઇ મહેમાન આવ્યું હોય અથવા બે ચાર વ્યક્તિ ભેગી થાય ત્યારે ગમે તેટલા રૂપિયાનો દારૂ પુરો કરી

નાખીએ છીએ. અને તેથીય સંતોષ ન થાય તો ફરી વેચાતો મંગાવી પણ પી નાખીએ છીએ ટૂંકમાં પૈસા ન હોય તો ઉછીના ગમે તેની પાસેથી મળી લાવીને પણ આવેલા મહેમાનોને સત્કાર કરવો પડે છે. બે-ત્રણ કાઉન ભેગી થાય તો સામાન્ય રીતે ૬૦ રૂપિયા થી ૮૦ રૂપિયા દારૂ પાછળ વપરાઇ જાય છે. ટૂંકમાં આ વિસ્તારમાં દારૂ મુક્ત છે તેથી તેનો આડેધડ ઉપયોગ થાય છે અને લોકો ઘરે જ દારૂ બનાવે છે. જો ઘરે દારૂ ખૂટે તો આજુબાજુ ગમે ત્યાંથી વેચાતો લાવી દે. કેટલાક નાયકા જાતિના કુટુંબો દારૂ બનાવવાનો ધંધો કરતા હોય છે. છતાં તેઓ પીતા નથી. માટે તેઓ પૈસે ટકે સુખી છે. અને જમીન પણ વધુ ધરાવતા હોય છે. કેટલાક પાસે ૨૫ હેક્ટર કે ૪૦ હેક્ટર સુધીની જમીન પણ જોવા મળે છે. માત્ર દારૂ બનાવનારની સ્થિતિ સારી હોય છે. પણ બનાવીને પીનારની સ્થિતિ સારી હોતી નથી.

એક પટેલાતની કચેરીમાં કામ કરતો એક પટાવાળો(વારલી ) જેનો માસિક પગાર ૭૦૦ રૂપિયા છે તે કહે છે કે મારો પગાર ક્યાં ચાલ્યો જાય છે તે ખબર પડતી નથી. તેમાંથી ૩૦૦ રૂપિયા તો માત્ર દારૂમાં જ જતા રહે છે. અને વચ્ચે વચ્ચે પૈસા ખૂટે તો ગમે તેની પાસેથી ઉછીના લાવવા પડે છે. તેને જમીન પણ છે આમ આટલી સરસ આવક ધરાવનાર કુટુંબની તપાસ કરતાં ખાસ કંઇ નવીન સાધન સામગ્રી પણ ઘરમાં જોવા મળી નથી. તે પરથી વિચાર કરવો રહ્યો કે બીજા લોકોની પરિસ્થિતિ કેવી હશે.

<u>તાડી પ્રક્રિયા :</u>

દાદરા નગર હવેલીમાં નરોલી પટેલાતના જે ગામો છે તે બાજુ ખજૂરીના ઝાડ ખૂબ જ છે. આ વિસ્તારમાં મોટેભાગે ધોડિયા લોકો તાડી ઉતારવાનું કામ અને ખેતી વગેરે કરે છે. આ ખજૂરીના ઝાડ એવા છે કે બીજે ક્યાંય આવા ઝાડ જોવા મળતા નથી. ખજૂરીના છોડ રોપવાની પ્રક્રિયા હજુ પણ ચાલુ જ છે. આ બાજુના લોકો એમ માને છે કે દારૂ કરતાં તાડી વધુ સારી અને એટલે આ લોકો તાડી ખૂબ જ પીવે છે. ઓછામાં ઓછી અડધો લીટર અને વધુમાં વધુ ૩ લીટર જેટલી તાડી પી શકાય છે. જો કે પહેલાંના વખત કરતાં અત્યારે ઓછી પી શકાય છે. એમ કહેવાય છે કે પહેલાં કેટલાક લોકો સવારથી બપોર સુધી તાડી

પીયા જ કરતા પીયા જ કરતા. તાડીનો ભાવ ૧ લીટરના ૨ પિયા છે. વેપારી કે જે તાડીનું પરમીટ ધરાવતો હોય તે ( પીઠાવાળો ) ૧-૭૫ પૈસે લીટર તાડી લે છે. કેટલીકવાર જથ્થાબંધ પણ તાડી બહાર મોકલાની હોય છે. સામાન્ય રીતે લગ્ન પ્રસંગે હોય તો લગભગ ૨૦૦ લીટર તાડી તો સામાન્ય વપરાય જ. આ વિસ્તારમાં રહેતા લગભગ તમામ લોકો જેમાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પણ તાડી પીતા હોય છે. આમ આ રીતે આ લોકોની અર્થવ્યવસ્થા તાડી (ખજૂરી) સાથે પણ છે. ખજૂરીના ઝાડ ભાડે આપી દેવાથી તેના પૈસાથી એક જાતની આવક છે. એક ખજૂરીના ૨૫ થી ૪૦ રૂપિયા મળે છે. ( જેવી ખજૂરી તે પ્રમાણે પૈસા ) આઠ માસ માટે ઓક્ટોમ્બર થી જૂન માસ સુધીની શરતે વેપારી રાખી લે છે. એક ખજૂરીમાંથી સરેરાશ દૈનિક ૨ લીટર કરતાં વધુ તાડી નિકળે છે. સારી ખજૂરીમાંથી પાંચ લીટર પણ તાડી મળી આવે છે. દરરોજ સવારસાંજ તાડી ઉતારવામાં આવે છે. અને તેને બંને વખત છેદવામાં આવે છે. ૮ દિવસ સળંગ આ રીતે તાડી ઉતારવામાં આવે છે ત્યાર બાદ ૮ દિવસ ખાલી જવા દેવા પડે છે. એટલે કે સુકવણી કરવી પડે છે. તાડી વેચવાના લાઇસન્સ માટે ૫૦૦૦ ખજૂરીના ૭૦૦ રૂપિયા ભરવા પડે છે. તેમજ ૬૦ પૈસા એક ખજૂરીએ ટેક્ષ ભરવો પડે છે. આ ટેક્સ પણ કેટલીકવાર પીઠાવાળા ખજૂરીના ઝાડવાળા પાસેથી વસુલ કરે છે. આદિવાસી લોકો તેમજ અન્યનું કહેવું એમ છે કે તાડી પીવાથી શરીર તંદુરસ્ત બને છે. અને ભૂખ મરી જાય છે. ટૂંકમાં તાડી-ખજૂરી પ્રક્રિયાએ આદિવાસી લોકોની અર્થવ્યવસ્થા સાથે જોડાયેલ છે.

## દારુ-તાડીની આર્થિક સ્થિતિ પર અસર :

દારુ-તાડી એ કેફી પીણાં છે અને તેનાથી દૈનિક જે કામ હોય તે થતું નથી પરિણામે આર્થિક, માનસિક અને શૈક્ષણિક રીતે પાછળ પડી જવાય છે. ટૂંકમાં દારુ-તાડીથી આર્થિક સ્થિતિ નબળી ને નબળી જ થતી જાય છે. ક્યારેક કદી સુધરતી નથી. તો આના માટે તાડીના જે પીઠા છે તેને બંધ કરી નીરા-કેન્દ્રો કરવા જોઇએ. નીરાથી તાડી કરતાં ત્રણ ઘણા ફાયદા છે. અને નીરા કેન્દ્રથી તાડી કરતાં લોકોની અર્થવ્યવસ્થા મજબુત બને તેમ લાગે છે. ગુજરાતમાં દારુ-બંધી છે તેમ દાદરા નગર હવેલી વિસ્તારમાં પણ દારુ-બંધી મુકવી જોઇએ જેથી લોકો દારુ-તાડી પાછળ જે ખર્ચ કરે જે તે બચશે અને કામ કરવાની કાર્યક્ષમતા વધશે.

ટૂંકમાં દરેક કુટુંબની આર્થિક સ્થિતિ સારી થશે. તેમજ શિક્ષણ વધશે અને તો જ ખેતી વગેરેમાં વધુ અનાજ પકવી શકશે.

## ધાર્મિક સામાજિક પ્રસંગોમાં દારૂનું મહત્વ :

દારુ-બંધી નહી હોવાથી આ વિસ્તારના આદિવાસીઓ ખુબ દારુ પીએ છે. તેથી તેમને વારંવાર નુકશાન થાય છે. જન્મ, લગ્ન, મરણ, પંચાયતની સભા, મહેમાનોની હાજરી, તહેવારો વગેરે પ્રસંગોને નિમિત્ત બનાવી ખૂબ દારુ પિવાય છે. સ્ત્રીઓ અને બાળકોને પણ દારુ પીવાનું ઉત્તેજન અપાય છે: આ બાબતમાં વસ્તુસ્થિતિ નિરાશાજનક છે એમ હું માનતો નથી. દારુની લતથી ભારે નુકશાન થાય છે તેનો ખ્યાલ એ લોકોને આવતો જાય છે. અને તેમાંથી ઉગરવાની ઇચ્છા જો કે ઝાંખી એમનામાં જાગી છે.. અત્યાર સુધી એમ મનાયુ છે કે મદ્ય-નિષેધને માન્ય રાખવા આદિવાસીને સમજાવી શકાય તેમ નથી, કારણ કે પહેલું તો એ માને છે કે ધાર્મિક વિધિઓમાં દારૂ વિના ચાલે જ નહિ અને દારૂથી દેવને રીઝવી શકાય છે. બીજુ, ગેરકાયદે દારૂ ગાળવાની એને ઘણી સગવડો છે. પહેલી દલીલનું વજન ઘટતુ જાય છે, પરંતુ બીજી તો અત્યારે લાગુ પડે છે જ. બ્રિટિશ સરકારની આબકારી નીતિમાં દારૂના વેચાણ માટે ઇજારાપદ્ધતિ દાખલ કરવામાં આવી હતી અને તેને આવકનું સાધન માનવામાં આવ્યું હતું. આ નીતિએ આદિવાસી લોકોને પાયમાલ કર્યા છે.

## સ્થળાંતર થયેલા આદિવાસીઓની સ્થિતિ :

મધુવન ડેમમાં ડુબાણમા જતા ગામોમાંથી લોકો બીજે સ્થળાંતર કરી ચાલ્યા ગયા છે. આ લોકો આદિવાસી હોવા છતાં બીજા ગામોમાં પૈસાથી રાખેલી જમીન કાયદેસર પોતાના નામે કરાઇ શકતી નથી. તેથી તેઓ પૈસા પેટે જમીન ખેડે છે. પણ તેનો હક નથી. કેટલાક લોકો જો આવા સ્થળાંતર થઇને આવેલા લોકો પાસેથી પૈસા લીધા હોવા છતાં જમીન જે તે વ્યકિતને નામે કરી આપી નથી. અને ગામના લોકોના કહેવાથી તે જમીન જે તે વ્યકિત પાસેથી પાછી લઇ લીધેલ છે. અને કહેવામાં આવ્યુ છે કે તારા પૈસાનું વ્યાજ તે અત્યાર સુધી લઇ લીધુ છે. તેવી જ રીતે કેટલીક જગ્યાએ [illegible]

આદિવાસી લોકોની જમીન ખેડતા હતા પણ તે જમીન પોતાના નામ પર નહી થવાથી અને લોકોના કહેવાથી જમીન પછી લઇ લીધેલ છે. આમ જમીન અને પૈસા બંને ગુમાવેલ પણ કેટલાક લોકો જોવા મળે છે.

ઘર જમાઇના નામે થતી જમીન ફેરબદલી :

આદિવાસી સમાજમાં ઘર-જમાઇની વ્યવસ્થા પણ છે. કેટલાક કુટુંબોમાં પોતાને છોકરાઓ ન હોય અથવા છોકરાઓ હોય પણ બાપ સાથે ફાવતું ન હોય તેવી જગ્યાએ ઘર જમાઇ તરીકે જે વ્યક્તિ હોય તેના નામ પર જમીન ટ્રાન્સફર થાય છે. તે કાયદેસર કરી આપવામાં આવે છે, આમ આ રીતે પણ જમીન ફેરબદલી થઇ શકે છે.

જમીન ફેરબદલી :

સામાન્ય રીતે દાદરા નગર હવેલી વિસ્તારમાં જમીન ફેરબદલી અંદરોઅંદર એટલે કે જે આદિવાસીની જમીન આદિવાસી ખેડૂત પાસે ખેડતા અથવા ભાગે કે ગણોતે જોવા વધુ મળે છે. ટૂંકમાં આદિવાસીની મોટાભાગની જમીન આદિવાસી પાસે વધુ પ્રમાણમાં જોવા મળે છે. એવું પણ બને છે કે કોઇ એક ખાતેદાર હોય અને તેમાં ભાઇ અને બહેન હોય પણ ભાઇની જમીન બહેનને ખેડવા આપી હોય અને બહેને જમીન પચાવી પાડી હોય તેવું બને છે. ભાઇને ખબર પણ ન હોય અને બહેનના નામે જમીન બોલતી હોય અથવા નામે કરવાના પ્રયત્ન થતા હોય.

કમાનાર - નહી કમાનાર :

આપણા અભ્યાસમાં કમાનાર નહી કમાનારના આંકડા ઉપરથી એમ લાગ્યું કે બધાં કુટુંબોમાં પોતાના સભ્યોમાંથી બે તૃતીયાંસ જેટલા એટલે કે ૬૬ % જેટલા સભ્યોને મજૂરી કરવી પડતી હોય છે. અને તેમાં ૧૪ વર્ષથી નાના બાળકોને તેમજ સ્ત્રીઓને પણ મજૂરી કરવી પડતી હોય તેવું જોવા મળ્યું છે. ટૂંકમાં આદિવાસી સમાજમાં સ્ત્રીઓ પણ કમાણીમાં અગત્યનો ભાગ ભજવે છે. અને પોતાના ભરણ-પોષણમાં મદદરૂપ થાય છે. આ લોકો એક કરતાં વધુ વ્યવસાય

પણ કરતા જોવા મળ્યા છે. ખાસ કરી સ્ત્રીઓ ઘરકામમાં, ખેત મજૂરીમાં અને પશુપાલનમાં વધુ રસ લેતી હોય તેવું જોવા મળે છે.

<u>પશુપાલન</u> :

પશુપાલનનો ધંધો ગુજરાતની સરહદના પટેલાનો સિવાય બાકીના પટેલાઓમાં વધુ જોવા મળે છે. એટલે કે દાદરા, સેલ્વાસ અને નરોલીમાં પશુપાલનનો ધંધો ખાસ જોવા મળતો નથી. આનુ કારણ એ હોઈ શકે કે આ વિસ્તારમાં પુરતુ ઘાસ મળી શકતું ન હોય અથવા દૂધના ભાવ ઓછા મળતા હોય વગેરે. સમગ્ર વિસ્તારમાં દૂબળા લોકો પશુપાલન કરતા નથી તેવું પણ જોવા મળે છે.

<u>શિક્ષણ</u> :

દાદરા નગર હવેલીનું કુલ શિક્ષણનું પ્રમાણ ૨૬.૬૧ % છે જ્યારે અનુસૂચિત જનજાતિમાં શિક્ષણનું પ્રમાણ ૧૬.૮૬ % છે. તેમાં પુરુષોમાં ૨૫.૪૬ ટકા અને સ્ત્રીઓમાં માત્ર ૮.૪૨ % જ શિક્ષિત છે. અમારા અભ્યાસમાં પસંદ થયેલ બધા આદિવાસી કુટુંબોમાંથી ૨૧.૧૭ % પુરુષો અને ૯.૮૬ % સ્ત્રીઓ શિક્ષિત જોવા મળી છે. બાકીના બધા અભણ છે. કુલ પુરુષોમાંથી માત્ર ૦.૩૨% પુરુષો અને કુલ સ્ત્રીઓમાંથી ફક્ત ૦.૦૩ % સ્ત્રીઓ એ ઉચ્ચ શિક્ષણ લીધુ છે. તેવી રીતે કુલમાંથી ૦.૧૦ % પુરુષો અને ૦.૦૩ % સ્ત્રીઓ એ ટેકનિકલ શિક્ષણ લીધુ છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અનુક્રમે પુરુષોમાં ૨.૬૧ ટકા અને ૦.૪૫ % છે જ્યારે સ્ત્રીઓમાં ૦.૭૬ % અને ૦.૮ % છે. પ્રાથમિક શિક્ષણ પુરુષોમાં ૧૭.૨૪ % અને સ્ત્રીઓમાં ૮.૫૦ % છે. અહી આદિવાસીઓમાં શિક્ષણસ્તર અન્ય કરતાં ઘણું નિચુ જોવા મળે છે. અને તેમાંય સ્ત્રીઓમાં તો નહિવત્ છે. આદિવાસી લોકો શિક્ષણ જે લે છે તે પણ ફક્ત પ્રાથમિક કક્ષા સુધીનું જ લેતા હોય તેવું જણાય છે. જ્યારે માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ સુધી આ પ્રમાણ ખૂબ જ ઓછુ જણાય છે. જાતિવાર જોઈએ તો કાથોડી જાતિમાં તમામ સભ્યો અભણ જોવા મળ્યા હતા. દૂબળા જાતિમાં માત્ર પ્રાથમિક સુધી શિક્ષણ જોવા મળ્યું છે. જ્યારે ઢોળ કોળીમાં એકાદ સ્ત્રી માધ્યમિક સુધી જોવા મળી છે.

ટૂંકમાં અનુસૂચિત જનજાતિની કેટલીક જાતિઓ શિક્ષણની દ્રષ્ટિએ ખૂબ જ પાછળ છે. અને તેનું મુખ્ય કારણ તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાથી સતત ઘરના બધા સભ્યોએ બાળકો સહિત કામે ( મજૂરીએ ) લાગી જવું પડતું હોય છે અને આ રીતે બાળકો અભ્યાસની મોકો ખોઇ લેસે છે. એવું પણ હોઇ શકે કે શિક્ષણનું માળખ બરાબર ન હોઇ શકે અથવા સુવિધા ઓછી હોય, લોકોને શિક્ષણ ઉપર અરૂચિ હોય, ઘરે નાના બાળકો સાચવવા રોકાવું પડતું હોય, ઢોર ચરાવવા જવું પડતું હોય, બાળકોને ભણવાનું ન ગમતું હોય વગેરે ઘણાં કારણો હોઇ શકે.

<u>ખાતેદારો દીઠ જમીન :</u>

દાદરા નગર હવેલીના કુલ ખાતેદારો પૈકી સરેરાશ ખાતેદારદીઠ ૧.૯૧ હેકટર જમીન છે જ્યારે અનુસૂચિત જનજાતિના ખાતેદાર દીઠ સરેરાશ ૧.૬૦ હેકટર જમીન છે. આનો અર્થ એ થયો કે આ વિસ્તારમાં આદિવાસી વસ્તી ૮૦ % જેટલી છે જ્યારે તેઓની પાસે જમીન અન્ય લોકો કરતાં ઘણી ઓછી છે. સર્વેક્ષણ કરેલ કુટુંબોની જમીન જો જોઇએ તો દાદરા નગર હવેલી વિસ્તારના ઉત્તર દિશાના ગુજરાત રાજ્ય સરહદ પરના પટેલાતોમાં આદિવાસીઓ પાસે સરેરાશ જમીન ઓછી છે. જ્યારે બાકીના અન્ય વિસ્તારમાં અને ખાસ કરી મહારાષ્ટ્ર રાજ્યની સરહદ પરના પટેલાતોમાં સરેરાશ ખાતેદાર દીઠ જમીન વધારે જોવા મળે છે. જાતિવાર જોઇએ તો સૌથી વધુ સરેરાશ ખાતેદારદીઠ જમીન કોકણા અને વારલી જાતિમાં છે જ્યારે ઓછામાં ઓછી સરેરાશ ખાતેદાર દીઠ જમીન કાથોડી અને દુબળા જાતિમાં જોવા મળે છે.

<u>જમીન માલિકી હકક :</u>

સર્વેક્ષણમાં લગભગ ૯૮ % જમીન પોતાની માલિકીની જાતખેડ નીચે જોવા મળી છે. જ્યારે બાકીની બીજાના કબજામાં એટલે કે જમીન ગીરો આપેલ પણ જાત ખેડ નીચે, જમીન ગણોતે આપેલ કે ભાડે આપેલ અને જમીન ગીરો આપેલ અને ગીરોદારના કબજામાં જોવા મળી છે. ખાસ તો આ જે જમીન

બીજાના કબજામાં થઇ છે. તે બધી વારલી અને કોકણા જાતિની જ જોવા મળે છે. આ ઉપરથી એમ કહી શકાય કે વારલી અને કોકણા આ બંને જાતીના લોકો જમીન મુકી દેવું કરે છે. લગભગ તો આ લોકો પોતાની જાતિના લોકો ને જ જમીન આપે છે.

કેટલાક લોકો જમીન રાખતા પણ જોવા મળ્યા છે. આ જમીન ભાગે કે ગણોતે તેમજ ગીરો રાખેલ બિનઆદિવાસીની જોવા મળે છે. આવી જમીન વારલી કોકણા અને ધોડિયા લોકો રાખતા જોવા મળ્યા છે.

## જમીન ખરીદી :

કેટલાક લોકો જમીન ખરીદે પણ છે. અહીં કુલમાંથી ૯૦ કુટુંબોએ જમીન ખરીદેલ જોવા મળે છે. અને આ જમીન ઘણા ઊંચા ભાવથી ખરીદેલ જોવા મળે છે. આવી જમીન ખરીદવાનાં મુખ્ય બે કારણો અહીં જોવા મળે છે. ૧. પૈસાની સગવડ હોવાથી ૨. પોતાની પાસે જમીન ઓછી હોવાથી. ખાસ કરી ધોડિયા, કાથોડી, કોકણા અને વારલી લોકોએ જમીન ખરીદેલ જોવા મળી છે. જ્યારે દૂબળા અને કોરકોળીમાં કોઇ જમીન ખરીદેલ જોવા મળ્યું નથી.

## જમીન વેચાણ :

સાથે સાથે એ પણ જોવુ જોઇએ કે કેટલાક આદિવાસી ખેડૂતોએ જમીન વેચી પણ છે. કુલમાંથી ૭૭ ખેડૂતોએ જમીન વેચી છે. આ જમીન વેચવાના મુખ્ય ત્રણ કારણ છે. ૧. જમીન નહેરમાં ચાલી જવાથી ૨. સામાજિક પ્રસંગ માટે અને ૩. ઘરખર્ચને પહોંચી વળવા માટે જમીન વેચવી પડી છે. ટૂંકમાં આદિવાસી સમાજમાં જમીન વેચવી કે ખરીદવી તે જે તે વ્યક્તિની કેટલીક મજબુરી છે. અને આ જમીન લગભગ ખાનગી દસ્તાવેજ પર જ લખાય છે. સરકારી દફતર પર અમૂક પ્રકારની છૂટછાટથી જ બદલી થઇ શકે છે.

## આવકજાવક :

સર્વેક્ષણ કરેલ કુટુંબોમાં સરેરાશ કુટુંબદીઠ આવકજાવક ૨૫૧૫૩ રૂપિયા જોવા મળે છે. સૌથી ઓછી આવકજાવક કાથોડી ( ૨૭૧૪ રૂપિયા ) અને સૌથી વધુ કુટુંબદીઠ આવકજાવક ધોડિયા ( ૨૯૫૩૮ રૂપિયા ).જાતિમાં જોવા મળે

છે. તેમજ કાથોડી જાતિમાં દાગીના કે રોકડ વગેરે પણ કાંઇ જોવા મળ્યું ન હતું. ટૂંકમાં કાથોડી લોકો પાસે પાયાની જરૂરિયાતની પુરતી વસ્તુઓ પણ નથી. અને તેઓ તેના વગર શું કરતા હશે તે વિચારવું રહ્યું.

<u>આવક :</u>

આદિવાસી કુટુંબોમાં કુલ આવકમાંથી ૪૦.૩૨ % આવક ખેતી / ઘાસમાંથી આય છે અને ૧૯.૯૬ % આવક ખેતમજૂરીમાંથી મળે છે. ટૂંકમાં મોટાભાગની આવક ખેતી અને ખેતમજૂરીમાંથી આવે છે. અહીં સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી વાર્ષિક આવક ૬૦૭૫ રૂપિયા આવે છે. ૭૫ રૂપિયા પ્રતિ વ્યક્તિ પ્રતિ માસ પ્રમાણે ગણીએ તો કાથોડી, દૂબળા અને વારલી જાતિના કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. તેમાંય કાથોડી જાતિના લોકો શું ખાતી હશે અને કેમ રહેતી હશે તે પ્રશ્ન છે. ધોડિયા, કોકણા અને ઢોરકોળી જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ એકંદરે સારી ગણાય.

<u>વપરાશી ખર્ચ :</u>

અહીં સરેરાશ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૭૧૭૭ રૂપિયા જોવા મળે છે. આ ઉપરથી એમ કહી શકાય કે આવક કરતાં ખર્ચ વધુ દેખાય છે. અને આ ખર્ચને પહોંચી વળવા દેવું કરવું પડતું હોઇ શકે. જાતિવાર સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી આવક અને સરેરાશ કુટુંબદીઠ ખર્ચ સરખાવીએ તો ધોડિયા, દૂબળા અને કાથોડી જાતિના કુટુંબોમાં આવક કરતાં ખર્ચ ઓછુ જોવા મળે છે. ટૂંકમાં આ ત્રણેય જાતિઓ કંઇક બચાવે છે. જ્યારે કોકણા, વારલી અને ઢોરકોળી જાતિના કુટુંબોમાં આવક કરતાં વપરાશી ખર્ચ વધુ કરતા જોવા મળે છે. એટલે કે કંઇક ગુમાવે છે. કુલ વપરાશી ખર્ચમાંથી મોટા ભાગનો ખર્ચ ખાધાખોરાકી પાછળ ચાલ્યો જાય છે. અને વધુ પડતો ખર્ચ દારુ, તાડી વગેરે વ્યસનમાં ચાલ્યો જાય છે. એ પણ એક જોવા જેવું છે કે શૈક્ષણિક ખર્ચ નહિવત્ જોવા મળે છે. એટલે કે આ લોકો શૈક્ષણિક રીતે પછાત હોવાનું કારણ બની શકે.

<u>દેવું :</u>

આપણા અભ્યાસમાં ૪૩.૧૨ % કુટુંબોએ દેવું કરેલ અને દેવાદાર

કુટુંબદીઠ દેવું ૧૬૪૪ રૂપિયા જોવા મળે છે. બાકીના કુટુંબો દેવાદાર નથી તેનું કારણ એ નહિ કે તેઓ પૈસેટકે સુખી છે. પરંતુ તેમને પૈસાની જરૂર હોય તો પણ તેઓ એવી વસ્તુ ધરાવતા નથી કે જેના પર.તેઓ ધિરાણ મેળવી શકે. સરેરાશ દેવાદાર કુટુંબદીઠ દેવું સૌથી વધુ ધોડિયા જાતિમાં ૨૪૫૯ રૂપિયા અને સૌથી ઓછું કાથોડી જાતિમાં ૩૫૦ રૂપિયા તેમજ દૂબળા જાતિમાં ૩૦૨ રૂપિયા દેવાદાર કુટુંબદીઠ દેવું જોવા મળ્યું છે. આગળ આપણે જોયું કે ધોડિયા જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ સારી છે.જ્યારે કાથોડી અને દૂબળા જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. છતાં અહીં ધોડિયા જાતિમાં દેવાદાર કુટુંબદીઠ દેવું વધારેમાં વધારે અને કાથોડી તેમજ દૂબળા જાતિમાં દેવાદાર કુટુંબદીઠ દેવું ઘણું જ ઓછું જોવા મળે છે. તેનો અર્થ એ થયો કે જેની પરિસ્થિતિ સારી હોય તેમને જ લોકો વધુ ધીરે છે. અને જેમની પરિસ્થિતિ ઘણી નબળી હોય તેમને લોકો પૈસા ધિરતા નથી.

અહીં વધુમાં વધુ દેવું સરકારશ્રીનું અને બીજા નંબરે બેન્કનું છે તેનો અર્થ એ થયો કે સરકારી લાભ ખૂબ જ મળતા હોવા જોઇએ. છતાં જે વધુમાં વધુ પછાત આદિમ્ જાતિ છે તેને યોગ્ય રીતે ન્યાય મળ્યો જોઇએ. આ સિવાય શાહુકાર-વેપારીનું , સગાં-સંબંધીઓનું, સહકારી મંડળીઓનું અને ખાનગી રીતે દેવું જોવા મળેલ છે.

<u>હેતુવાર દેવું :</u>

દેવું કરવા પાછળ કેટલાક હેતુઓ અહીં જોવા મળ્યા છે. જેમાં મુખ્ય ચાર હેતુઓ છે. (૧) આર્થિક- ઘરખર્ચ માટે (૨) સામાજિક ખર્ચ માટે. (૩) મિલ્કત ખરીદવા માટે અને (૪) ખેત ઉપયોગ માટે. આપણા અભ્યાસમાં મોટાભાગનું દેવું ખેત ઉપયોગ માટે જ જોવા મળ્યું છે. તેનો અર્થ એ થાય કે દેવું અને જમીન સાથે કંઇક સબંધ છે અથવા ખેતી માટે જરૂરી સાધન સામગ્રી સિંચાઇના સાધનો, કિટસ વગેરે માટે દેવું કરવું પડતું હોય છે.

આદિવાસી સમાજમાં કેટલાક લોકો દેવાને પહોંચી વળવા માટે પશુઓ તેમાં બળદ, ગાય વગેરે, ખેત-સાધનમાં ગાડાં અને વૃક્ષો પણ વેચી દીધાં હોય તેવું જોવા મળ્યું છે.

## બિન આદિવાસીઓ અને જમીન :

જમીનની ફેરબદલી થતી દેખાય છે. આદિવાસીઓમાં અંદરો-અંદર જ થતી હોય તેમ મહદઅંશે જણાય છે. કારણ કે જે જાગીરદારો છે તેમને પોતાની જમીનો પણ ગણોત ધારામાં ગયેલી હોવાથી જે પાસે બચી છે તેને વિકસાવવામાં રસ છે. ખરીદવામાં નથી. પણ કેટલાક લોકો વેપાર અર્થે આવેલા હોય નાના દુકાનદારો કે અન્ય તેવા લોકો જમીન ગેરકાયદેસર રીતે કે બળજબરી કે અન્ય રીતો અજમાવીને પાડતા હોય પરંતુ તેમને વેપારમાં વધુ રસ હોય છે. આ તો ગૌણ વ્યવસાય ગણે છે.

## જમીન વિભાજન :

કેટલાક જમીન વિહોણા કુટુંબોને સરકારી પ્લોટ અને ગણોતધારા અન્વયે જમીન મળેલ છે. મોટે ભાગે એક હેક્ટર જેટલી મળેલ છે. અને તે નવી અને અવિભાજ્ય શરતે વહેંચવામાં આવેલ છે. પરંતુ તેમની આ નાની જમીન એટલે કે જે જમીન મળેલ છે તેનું નાના ટૂકડાઓમાં વિભાજન થતાં સ્વતંત્ર ખેતી કરવી મુશ્કેલ છે. કેમ કે જમીન પુત્રો વચ્ચે વહેંચતી થાય છે. પરિણામે જમીન સાવ નાના ટુકડામાં વહેંચાઇ જતાં તેની વ્યવસ્થિત રીતે ખેતી થતી નથી અને ઉત્પાદન ઘટે છે જેથી ધાર્યા પ્રમાણે આર્થિક ઉન્નતિ થઇ શકતી નથી.

## જમીન ફેરબદલી કરવાની અન્ય રીતો અને શરતો :

દાદરા નગર હવેલી વિસ્તારમાં વધુમાં વધુ જમીન ફેરબદલી સેલવાસ પટેલાસમાં જોવા મળે છે. જ્યારે બીજા અન્ય પટેલાસોમાં આવા કિસ્સા ઓછા મળી આવે છે. કેટલાક કિસ્સામાં ખાનગી રીતે થોડા કિંમતના સ્ટેમ્પ પેપર પર દસ્તાવેજ કરી લેવામાં આવે છે પણ આવા સોદામાં અન્ય શરતો પણ હોય છે જેવી કે જમીનની કિંમત ૧૦,૦૦૦ રૂપિયા હોય તેમાંથી ૫૦૦૦ રૂપિયા રોકડા આપવામાં આવે અને ૫૦૦૦ રૂપિયા બાકી રાખવામાં આવે તે જમીન જ્યારે ખરીદનાર ને નામે થાય ત્યારે ચૂકવવામાં આવશે તેવી શરત રાખે છે. આમ એવું બનતું હોય છે કે જે તે વ્યક્તિને ઓછી રકમ આપી જમીનનો કબજો મેળવી

લે છે. અને તેની આવક મેળવે છે. બાકીના પૈસા નામ ઉપર જમીન થતી પણ નથી અને પૈસા ચૂકવવામાં આવતા પણ નથી.

જમીન ગીરો આપવામાં પણ આવે છે. આવી જમીન ગીરો રાખતા હોય તેવું પ્રમાણ શાહુકારોનું વધારે છે જે નજીવી રકમોમાં હોય છે. તેમાં પણ અન્ય શરતો હોય છે જેવી કે જે તે વ્યક્તિને રકમ આપી હોય તે રકમ પરત ન કરે ત્યાં સુધી તે જમીન પાછી ન આપે પરંતુ તેની અમુક મુદત નક્કી કરવામાં આવી હોય અને જે તે મુદત સુધીમાં પૈસા પાછા ન પરત થાય તો તે જમીન પાછી મળતી નથી. આમ તે પ્રમાણે કરાર કરી લેવામાં આવતો હોય છે. આમ જે જમીન ફેરબદલી થાય છે તેમાં ભાગ્યે જ કલેક્ટરશ્રીની પરવાનગી સાથે થતી હોય. બાકી આંતરિક સમજુતિથી વડીલની સલાહ મુજબ કરાર કરીને જમીન ખરીદ-વેચાણ થતી હોય છે. આદિવાસી લોકો જમીન વેચેલ હોય કે ખરીદેલ હોય તે જલદી બતાવતા નથી.

શોષણ :

આદિવાસીઓનું અનેક પ્રકારે શોષણ થાય છે. તેમાં સૌથી વધુ શોષણ શાહુકારો દ્વારા થાય છે. આદિવાસીઓને કેટલું દેવું છે અને તેમની પાસેથી કેટલું વ્યાજ લેવામાં આવે છે તે અંગે ચોક્કસ આંકડાઓ મળવા મુશ્કેલ છે. છતાં એક વસ્તુ ચોક્કસ છે કે આ પ્રશ્ન જેટલો જટિલ છે તેટલો જ વિશાળ છે.

આ પ્રશ્નનાં ત્રણ પાસાં છે.

:૧: માનસિક : બાપદાદાથી દેવું ઊતરી આવ્યું હોવાથી ને કારણે લોકોને માથે સતત રહેતો અસહ્ય માનસિક બોજ.

:૨: સામાજિક : લગ્ન, મરણ અને અતિથિ સત્કાર જેવા પ્રસંગોએ થતો ધૂમ ખર્ચ.

:૩: આર્થિક : શાહુકારોમાં આંધળો વિશ્વાસ અને શાહુકારોની કૂટ નીતિરીતિ સમજવામાં આડે આવતી અજ્ઞાનતા.

ઉપરનાં ત્રણે પાસાં ધ્યાનમાં લઇએ તો જ સમગ્ર પ્રશ્નોની દારુણતા અને આદિવાસીઓની કરુણ પરિસ્થિતિનો પૂરો ખ્યાલ આવી શકશે.

આના ઉકેલ માટે કેટલાક સૂઝાવો આ પ્રમાણે છે.

:૧: ધિરાણ અંગે બીજી કોઇ અવેજી સગવડ પૂરેપૂરી ઊભી ન થાય ત્યાં સુધી શાહુકાર પાસેથી ધિરાણે પૈસા લેવાનું ચાલુ રહેશે. આ સ્થિતિમાં શાહુકારોને લાયસન્સ આપવું, પ્રમાણિત ચોપડાઓમાં જ ધિરાણની વિગતો નોંધવા કહેવું, અને આ ચોપડા વારંવાર તપાસી જવા.

:૨: કાયદામાં નક્કી કરેલી મુદત સુધીમાં લેણદારોએ આદિવાસી દેણદારો સામેના દાવાઓ નોંધાવી દેવા, મુદત પછીનાં દેવાં ચૂકવાઇ ગયેલાં લેખાશે.

:૩: પોતાના દાવાની સાબિતીમાં ચોપડા કે અન્ય પુરાવાઓ રજૂ કરવા જોઇશે.

:૪: મૌખિક પુરાવા કે હૂંડી પૂરતી સાબિતીરૂપ નહીં લેખાય.

:૫: વ્યાજનો દર નક્કી કરી દેવો.

:૬: લેણદારને આપવાની રકમ હપ્તે હપ્તે ભરપાઇ કરવાની છૂટ આપવી. સરકારે પોતાના ફંડમાંથી દેવું ચૂકવવાની જવાબદારી ન લેવી.

:૬: દેવું કરવાથી પોતાને અને પછીની પેઢીને શું નુકશાન થાય છે તે વિશે આદિવાસીઓને કેળવવાનું કામ બિન-સરકારી સંસ્થાઓએ કરવું. આ ઉપરાંત તે અંગેના કાયદાઓ પણ લોકોને સમજાવવા.